દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 283 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ કાર્તિક વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 November 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૨૮ નવેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## CM મોદી-શાહનો જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો ૨૩ તારીખે આવી ગયા અને જંગી બહુમત મળ્યાના ચાર-ચાર દિવસ થઈ ગયા હોવા છતાં હજી સુધી રાજ્યમાં મુખ્ય પ્રધાનનું નામ ફાઈનલ થયું નથી અને આને કારણે વિરોધીઓને ભાજપ અને મહાયુતિની ટીકા કરવાની કે હાંસી ઉડાવવાની તક મળી ગઈ છે. આ બધા વચ્ચે બુધવારે મહારાષ્ટ્રના રખેવાળ મુખ્ય પ્રધાન

એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે મોદી અને શાહ જે નિર્ણય લેશે તે અમને સ્વીકાર્ય છે. આના પરથી એવું માનવામાં આવે છે કે ભાજપના મુખ્ય પ્રધાન બનવાનો રસ્તો હવે ખુલી ગયો છે. એકનાથ શિંદેએ કહ્યું હતું કે એવી ચર્ચાઓ ચાલી રહી છે કે હું નારાજ છું, રિસાયેલો છું, કોઈને મળતો નથી.. વગેરે વગેરે જે અટકળો ચલાવવામાં આવી રહી છે તેનું ખંડન કરું છું. હું નારાજ નથી.. અમે રડનારા માણસો નથી. લડીને મેળવનારા છીએ.

આવતીકાલે અમિત શાહની સાથે ત્રણેય પક્ષની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે દિલ્હીમાં અને ત્યાં નક્કી કરવામાં આવશે કે મહારાષ્ટ્રની સરકારનું ગઠન કેવી રીતે થશે.

એકનાથ શિંદેએ કહ્યું હતું કે મંગળવારે રાતે મેં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કર્યો હતો અને તેમની સાથે વાત કરી હતી. મેં મોદીજીને કહ્યું હતું કે રાજ્યમાં મહાયુતિની સરકારના ગઠન માટે જો તમને એવું લાગતું હોય કે એકનાથ શિંદે કે પછી શિવસેનાનો કોઈ અવરોધ કે ચિંતા થતી હોય તો એવી કોઈ શંકા રાખશો નહીં. તમારે જે નિર્ણય લેવો હોય તે લેજો. તમને જે યોગ્ય લાગે તે નિર્ણય લેજો અને તેમાં અમે તમારી સાથે છીએ.

તેમમે પત્રકારોને સંબધતાં કહ્યું હતું કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વ મોદી-શાહ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનપદ અંગે જે નિર્ણય લેશે તે મહાયુતિના ઘટક પક્ષ તરીકે અમને સ્વીકાર્ય છે અને તેમાં અમારા તરફથી કોઈ અવરોધ ઊભો કરવામાં આવશે નહીં. સ્પીડ બ્રેકર (અવરોધ) ઊભું કરવાનું કામ અગાઉની સરકાર દ્વારા કરવામાં આવતું હતું એમ જણાવતાં તેમણે આડકતરી રીતે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેને ટોણો માર્યો હતો.

### કેન્દ્રની સરકારનું નક્કર પીઠબળ મળ્યું

એકનાથ શિંદેએ રાજ્યની સરકારને કેન્દ્રની સરકારનું નક્કર પીઠબળ મળ્યું હોવાનું જણાવતાં કહ્યું હતું કે અઢી વર્ષની મારી સરકારના કાર્યકાળમાં કેન્દ્ર સરકારનું મહારાષ્ટ્રને નક્કર પીઠબળ મળ્યું છે. તેમણે સરખામણી કરતાં કહ્યું હતું કે મનમોહન સિંહની સરકારના કાર્યકાળમાં મહારાષ્ટ્રમાં કૉંગ્રેસ-એનસીપીની સરકાર હતી અને ત્યારે ૧૦ વર્ષમાં મહારાષ્ટ્રને ફક્ત બે લાખ કરોડ રૂપિયા વિકાસકાર્યો માટે મળ્યા હતા, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૧૦ વર્ષના કાર્યકાળમાં રાજ્યને દસલાખ કરોડ રૂપિયા વિકાસ માટે મળ્યા છે.

### મુખ્ય પ્રધાન કરતાં કરોડો બહેનોના લાડકા ભાઈનું પદ મોટું

મહારાષ્ટ્રના રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં અઢી વર્ષની સરકારમાં અનેક યોજનાઓ લાગુ કરવામાં આવી હતી. રાજ્યમાં કરોડો બહેનોનો લાડકો ભાઈ બનવાની તક મને મળી હતી. હું મારા અઢી વર્ષના કાર્યકાળથી સંતુષ્ટ છું. રાજ્યના મુખ્ય પ્રધાનપદ કરતાં મારા માટે કરોડો બહેનોનો લાડકો ભાઈ બનવાનું સદ્ભાગ્ય મોટું છે. ■

## ગુજરાતી પટેલનો નવો વિક્રમ

## ૨૮ બોલમાં સદી

ઇન્દોરઃ ગુજરાતના વિકેટકીપર બેટ્સમેન ઉર્વિલ પટેલે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ત્રિપુરા સામે આક્રમક ઇનિંગ રમીને ભારતીય બેટ્સમેન ઋષભ પંતનો રેકોર્ડ તોડ્યો હતો. ઉર્વિલે માત્ર ૨૮ બોલમાં સદી ફટકારી અને ટી૨૦ ફોર્મેટમાં સૌથી ઝડપી સદી ફટકારનાર ભારતીય બેટ્સમેન બની ગયો હતો. ઉર્વિલ પહેલા આ રેકોર્ડ પંતના નામે

હતો જેણે ૨૦૧૮માં આ જ ટૂર્નામેન્ટમાં હિમાચલ પ્રદેશ સામે ૩૨ બોલમાં સદી ફટકારી હતી. ઉર્વિલે પોતાની ઇનિંગમાં ૧૨ સિક્સ અને ૭ ફોર ફટકારી હતી.

લક્ષ્યનો પીછો કરતી વખતે ઉર્વિલે ૩૫ બોલમાં અણનમ ૧૧૩ રન ફટકાર્યા હતા અને ગુજરાતને આઠ વિકેટે જીત અપાવી હતી. પ્રથમ બેટિંગ કરતા ત્રિપુરાએ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૫ રન કર્યા હતા. જેના જવાબમાં ગુજરાતે માત્ર ૧૦.૨ ઓવરમાં બે વિકેટે ૧૫૬ રન કરીને મેચમાં જીત મેળવી હતી. ઉર્વિલે આર્યન દેસાઈ સાથે મળીને પ્રથમ વિકેટ માટે ૧૫૦ રનની ભાગીદારી કરી હતી.

આ સાથે ઉર્વિલ ટી-૨૦ ક્રિકેટમાં સૌથી ઝડપી સદી ફટકારનાર વિશ્વનો બીજો બેટ્સમેન બની ગયો છે. તેનાથી આગળ માત્ર એસ્ટોનિયાનો સાહિલ ચૌહાણ છે જેણે સાયપ્રસ સામે ૨૭ બોલમાં સદી ફટકારી હતી. રસપ્રદ વાત એ છે કે આઇપીએલ ૨૦૨૫ માટે તાજેતરમાં પૂર્ણ થયેલી મેગા હરાજીમાં ઉર્વિલને કોઇ પણ ટીમે ખરીદ્યો નહોતો. આ પહેલા ગત વર્ષે ૨૭ નવેમ્બરે ઉર્વિલે વિજય હજારે ટ્રોફીમાં અરુણાચલ પ્રદેશ સામે ૪૧ બોલમાં સદી ફટકારી હતી, જે લિસ્ટ-એ ક્રિકેટમાં બીજી સૌથી ઝડપી સદી હતી. નોંધનીય છે કે ઉર્વિલ આઇપીએલ ૨૦૨૩માં ગુજરાત ટાઇટન્સનો ભાગ હતો. તે સીઝનમાં ટીમ ફાઈનલમાં પહોંચી હતી અને ચેન્નઈ સુપર કિંગ્સ સામે હારી ગઈ હતી.

નોંધનીય છે કે ઉર્વિલ પટેલનો જન્મ ૧૭ ઓક્ટોબર ૧૯૯૮ના રોજ મહેસાણામાં થયો હતો. તેણે તેની ક્રિકેટ કારકિર્દી ૨૦૧૮માં શરૂ કરી હતી. તેણે બરોડા તરફથી રમતા ટી-૨૦ અને લિસ્ટ-એ રમી હતી. ત્યારબાદ ૨૦૨૪માં તેણે ગુજરાત માટે રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે અત્યાર સુધી ૪૩ ટી૨૦ મેચ રમી છે, જેમાં તેણે ૮૭૫ રન ફટકાર્યા છે. ■

## ૬,૦૦૦ કરોડનું કૌભાંડ

### બી.ઝેડ. ગ્રૂપના સીઈઓ ઝાલા ભૂગર્ભમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પોન્ઝી સ્કીમ થકી રોકાણ કરાવી ૬ હજાર કરોડના કૌભાંડનો પર્દાફાશ થયો હતો, સાબર કાંઠા અને અરવલ્લીમાં મોટા પાયે પોન્ઝી સ્કીમ ચલાવી રહેલા બી.ઝેડ. ગ્રૂપ પર સીઆઈડીએ મોટી કાર્યવાહી કરી હતી. બી.ઝેડ. ગ્રૂપ પરના એજન્ટોની ઑફિસો પર સીઆઈડીની વિવિધ ટીમોએ દરોડા પાડ્યા હતા. બી.ઝેડ. ગ્રૂપ પર આરોપ છે કે કંપની દ્વારા બેફામ પોંઝી સ્કીમ ચલાવવામાં આવી હતી. આ સ્કીમોમાં અનેક લોકોના રૂપિયા લાગેલા છે. કંપની પર ઊંચા રિટર્નની લાલચ આપી રૂા. ૬ હજાર કરોડનું કૌભાંડ આચર્યું હોવાનો આરોપ છે. સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં બી.ઝેડ. ગ્રૂપ અને એજન્ટોની ઑફિસો પર મંગળવારે સીઆઈડી ક્રાઇમની ટીમે એકીસાથે દરોડો પાડતાં ચકચાર મચી જવા પામી હતી.

બી.ઝેડ. ફાઈનાન્સિયલ સર્વિસ દ્વારા ત્રણ વર્ષમાં ફિક્સ ડિપોઝિટ ડબલ કરી આપવાનું કહી તેમ જ રોકાણ પર માસિક ૭ ટકા વ્યાજ આપવાની લાલચ આપી રોકાણકારો પાસેથી રૂા.૬ હજાર કરોડ ઉઘરાવી લેનારી બી.ઝેડ. ફાઈનાન્સિયલ સર્વિસની ૭ જિલ્લાઓમાં આવેલી ઑફિસો ઉપર સીઆઈડી ક્રાઈમે દરોડા પાડ્યા હતા. આ કંપનીની ઑફિસો ગુજરાત તેમ જ રાજસ્થાનમાં પણ આવેલી હોવાનું પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું.

પોલીસના દરોડાના પગલે બી.ઝેડ. ગ્રૂપના સીઈઓ ભૂપેન્દ્રસિંહ ઝાલા સહિત એજન્ટો ભૂગર્ભમાં ઊતરી ગયા હતા. જ્યારે ૨ બૅન્ક એકાઉન્ટમાંથી રૂા.૧૭૫ કરોડના ટ્રાન્જેકશન મળ્યાં હતાં. કરોડો રૂપિયાનાં રોકાણ મેળવી ભૂપેન્દ્ર ઝાલા એકાએક ભૂગર્ભમાં ઊતરતાં રોકાણકારોમાં ચિંતાનો માહોલ છવાયો હતો. સીઆઈડી ક્રાઈમના અધિકારીઓએ આ મામલે જણાવ્યું હતું કે થોડા સમય પહેલાં અમને એક નનામી અરજી મળી હતી. ■

## અદાણી પર લાંચનો કોઈ આરોપ નથીઃ ગ્રૂપનો ખુલાસો

નવી દિલ્હીઃ ગૌતમ અદાણી પર લાંચનો કોઈ આરોપ ન હોવાનું જણાવતો ખુલાસો અદાણી ગ્રૂપે બુધવારે કર્યો હતો.

લાંચ કેસને મામલે અમેરિકાની કોર્ટમાં દાખલ કરવામાં આવેલા આક્ષેપોમાં અબજોપતિ ભારતીય ઉદ્યાગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી પર અમેરિકાના ફોરેન કરપ્ટ પ્રેક્ટિસીસ ઍક્ટ (એફસીપીએ) હેઠળ આરોપ નથી મુકાયા એમ જણાવતાં અદાણી ગ્રૂપે બુધવારે કહ્યું હતું કે સિક્યોરિટી ફ્રોડ અંતર્ગત માત્ર આર્થિક દંડ કરવામાં આવ્યો છે.

અદાણી ગ્રૂપના સ્થાપક અને અધ્યક્ષ ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી તેમ જ વીનિત જૈન સહિત કંપનીના સાત મુખ્ય અધિકારીઓ વિરુદ્ધ સોલાર પાવર પ્રોજેક્ટ મેળવવા અને તે મારફતે ૨૦ વર્ષમાં બે અબજ ડૉલર કરતાં પણ વધુ નફો કરવા ભારતીય અધિકારીઓને રૂ. ૨૧૦૦ કરોડની લાંચ આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

લાંચના આક્ષેપોને મામલે કેન્દ્રસ્થાને રહેલી અદાણી ગ્રીન એનર્જી લિ.એ કહ્યું હતું કે અહેવાલ મુજબ આ ત્રણે વિરુદ્ધ એફસીપીએનો ભંગ કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ આક્ષેપો પુરવાર થાય તો તેવા સંજોગોમાં તેમને માત્ર આર્થિક દંડ કરી શકાય છે, એમ તેમણે કહ્યું હતું. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા ચાર્જશીટ પરની સ્પષ્ટતા બાદ શેરબજારે અદાણી ગ્રૂપના શેરોમાં વિશ્વાસનો પુનરુચ્ચાર કર્યો છે. બુધવારે અદાણી ગ્રુપના તમામ શેર્સમાં ઉછાળો જોવા મળ્યો હતો. ટ્રેડિંગમાં ગ્રૂપની લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં રૂા. ૧.૨ લાખ કરોડ (બપોરે ૨ વાગ્યા સુધી)નો વધારો થયો. ગ્રુપની ૧૧ લિસ્ટેડ કંપનીઓના શેરમાં ૪.૫%થી ૧૬%નો વધારો જોવા મળ્યો. દરમિયાન સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણી અને પૂર્વ એટર્ની જનરલ મુકુલ રોહતગીએ અદાણી સામેના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. અગાઉ અદાણી ગ્રીન (એજીઈએલ)એ સ્પષ્ટતા કરી હતી કે, ગૌતમ અદાણી, સાગર અદાણી અને વરિષ્ઠ એક્ઝિક્યુટિવ વિનીત જૈન સામે યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસની ચાર્જશીટમાં એફસીપીએ હેઠળ કોઈ ભ્રષ્ટાચાર અને કોઈ આરોપ નથી. ત્યાર બાદ શેરબજારમાં તેની અસર દેખાવા લાગી હતી. એક્સચેન્જ ફાઇલિંગમાં અદાણી જૂથની કંપનીએ ખુલાસો કરતાં કહ્યું હતું કે ડીઓજે કેસમાં ૫ આરોપો લગાવવામાં આવ્યા છે, જેમાં ગૌતમ અદાણી, સાગર અદાણી અને વિનીત જૈનનો કોઈ ઉલ્લેખ નથી.

બુધવારે અદાણી જૂથની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઇઝના શેર ૧૦% વધ્યા હતા, જ્યારે જૂથની અન્ય મોટી કંપની અદાણી પોર્ટ્સના શેરમાં પણ ૬%નો વધારો થયો હતો. અદાણી ગ્રીન અને અદાણી એનર્જીનો શેર ૧૦%ના ઉછાળા બાદ અપર સર્કિટ પર અથડાયો હતો. બપોરે ૧:૨૦ વાગ્યે અદાણી પાવર અને અદાણી ટોટલ ગેસના શેરમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો, જ્યારે અદાણી પાવરનો શેર ૧૭.૫૧%ના વધારા સાથે રૂા. ૫૧૪.૩૦ પર ટ્રેડ થયો હતો, અદાણી ટોટલ ગેસનો શેર રૂા. ૫૧૪.૩૦ પર ટ્રેડ થયો. ૧૮.૦૦% ના વધારા સાથે રૂા. ૬૮૩.૭૫ પર ટ્રેડિંગ કર્યું હતું. એનડીટીવીના શેરમાં પણ ૧૦%નો વધારો થયો છે.

દરમિયાન સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણીએ અદાણી ગ્રૂપ સામેના લાંચના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે કહ્યું કે અદાણી ગ્રુપ પર આવા આક્ષેપો કરીને ભારતના વિકાસને રોકવાનું ષડ્યંત્ર રચવામાં આવી રહ્યું છે. તેમણે કૉંગ્રેસ પાર્ટી પર આ મુદ્દે માત્ર રાજકારણ રમવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે રાહુલ ગાંધીએ કોઈ પણ જાતના પુરાવાઓ વિના જ આ મામલે ભ્રમ ફેલાવ્યો છે, જેના કારણે રોકાણકારોને ભારે નુકસાન સહન કરવું પડ્યું છે. અદાણી ગ્રીન અંગેના જવાબમાં પૂર્વ એટર્ની જનરલ મુકુલ રોહતગીએ પ્રેસ કૉન્ફરન્સ કરી જણાવ્યું હતું કે, ચાર્જશીટના લાંચના મુદ્દામાં અદાણી પરિવારના કોઈ પણ સભ્યનું નામ નથી. ચાર્જશીટમાં લાંચ કોને અને કેવી રીતે આપવામાં આવી તેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો નથી. કૉંગ્રેસ જે અવાજ ઉઠાવી રહી છે તેનો કોઈ આધાર નથી. જે ષડ્યંત્રની વાત કરવામાં આવી રહી છે તેના કોઈ પુરાવા નથી.

મુકુલ રોહતગીએ કહ્યું કે ચાર્જશીટ જોયા બાદ સ્પષ્ટ થાય છે કે ગૌતમ અદાણી નહીં, પરંતુ અન્ય કેટલાક લોકોને પ્રથમ આરોપમાં સામેલ કરવામાં આવ્યા છે. તે (યુએસ) ફોરેન કરપ્ટ પ્રૅક્ટિસ ઍક્ટનું ઉલ્લંઘન કરવાના ષડ્યંત્રનો આરોપ મૂકે છે. તેમાં અદાણી ગ્રૂપના અધિકારીઓનાં નામ નથી. અદાણી ગ્રૂપ પર આ પ્રકારના આરોપો જાણી જોઈને લગાવવામાં આવે છે.

આ તરફ શિવસેનાના પ્રવક્તા મનીષા કાયંદેએ કહ્યું હતું કે રાહુલ ગાંધી અને તેમની ટોળકી ઉદ્યોગપતિઓને નિશાન બનાવી રહી છે. તેઓ આ બધું માત્ર મોદીજીને અપમાનિત કરવા માટે કરે છે. તો રાજકીય વિશ્લેષક તહસીન પૂનાવાલાએ સંસદથી લઈને શેરીઓ સુધી માત્ર અદાણી જૂથને જ નિશાન બનાવવું દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું હતું. ■

## ચીનથી આયાતના કેસમાં ડાંગબંધુઓની ધરપકડ

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ કહ્યું હતું કે હોંગકોંગ અને ચીનમાં ૪,૮૦૦ કરોડ રૂપિયા વિદેશમાં ગેરકાયદે રીતે મોકલવા સાથે સંકળાયેલા કેસમાં દિલ્હી સ્થિત આયાતકાર બંધુઓની ધરપકડ કરાઈ છે.

મયંક ડાંગ અને તુષાર ડાંગને પ્રીવેન્શન મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ ૨૫ નવેમ્બરે કસ્ટડીમાં લઈ જવામાં આવ્યા હતા. એજન્સીએ માહિતી આપી હતી કે સ્થાનિક અદાલત દ્વારા તેમને ગુરુવાર સુધી ઈડી કસ્ટડી મોકલવામાં આવ્યા હતા. આ જ તપાસના ભાગરૂપે અગાઉ મણીદીપ માગો અને સંજય સેઠીની ધરપકડ કરવામાં આવી હતી. ચીન અને હોંગકોંગથી સસ્તા દરે કરાયેલી આયાતના વળતરરૂપ પેમેન્ટ કરવા છેતરપિંડી કરીને તૈયાર કરાયેલા બનાવટી દસ્તાવેજોના આધારે વિદેશમાં ગેરકાયદે ૪,૮૧૭ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા હતા.

એજન્સીએ કહ્યું હતું કે ડાંગે બંધુએ ભારતીય આયાતકારો અને વેપારીના મોટા પુલ, કેશ હેન્ડલર, આંતરરાષ્ટ્રીય હવાલા એજન્ટ, સ્થાનિક આંગડિયા કંપનીઓ, ચીનના અનેક ઉત્પાદકો અને પુરવઠાકાર તથા ચીનના અનેક શહેરના ગોદમોની ચેનની 'સુઆયોજિત સિન્ડીકેટ' બનાવી હતી.

ડાંગે કુટુંબે સિન્ડિકેટના ચાવીરૂપ ચીની સભ્ય જેઓ 'મિસ્ટર કિંગ' તરીકે જાણીતા છે તેમની મદદથી ચીની ઉત્પાદકો અને પુરવઠાકારો પાસેથી માલ ખરીદીને અને એનો ગોદામમાં સંગ્રહ કરીને પોતાના કુટુંબની માલિકીની અને અંકુશ હેઠળની કંપનીઓ મારફતે નિકાસ કરી હતી. ઈડીએ કહ્યું હતું કે આયાત કરાયેલી વસ્તુઓનો દર ઓછો રખાયો હતો અને વળતરરૂપ પેમેન્ટ માગો અને સંજય દ્વારા કરાયા હતા. (એજન્સી) ■

## સંસદના બન્ને ગૃહમાં ધાંધલધમાલ

નવી દિલ્હીઃ અદાણી વિવાદ અને ઉત્તર પ્રદેશના સંભલમાં હિંસાને મુદ્દે ચર્ચા કરવાની માગણી સાથે વિપક્ષે બુધવારે સંસદના બંને ગૃહમાં ધાંધલધમાલ મચાવતાં ગૃહની કામગીરી એક દિવસ માટે મોકૂફ રાખવામાં આવી હતી. બપોરે બાર વાગ્યે ગૃહની બેઠક ફરી મળતાં જ વિપક્ષના સભ્યો સૂત્રોચ્ચાર કરતા વૅલમાં ધસી ગયા હતા.

અધ્યક્ષપદે રહેલા ભાજપના સભ્ય દીલિપ સાકિયાએ ગૃહની કામગીરી એક દિવસ માટે મોકૂફ રાખી હતી.

અગાઉ ૧૧.૦૦ વાગે ગૃહની બેઠક મળી હતી ત્યારે લોકસભાના સ્પિકર ઓમ બિરલાએ શૂન્યકાળની કામગીરી હાથ ધરી હતી. જોકે વિપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર સાથે શોરબકોર અને ધાંધલધમાલ કરતાં તેમણે ગૃહની કામગીરી મુલતવી રાખી હતી.

વિપક્ષના સભ્યો અદાણી વિવાદ તેમ જ ઉત્તર પ્રદેશના સંભલમાં તાજેતરમાં થયેલી હિંસાને મુદ્દે ચર્ચા કરવા માગણી કરી રહ્યા હતા.

અદાણી ગ્રૂપે ખુલાસો કરતાં કહ્યું હતું કે અમેરિકાની અદાલતમાં અદાણી જૂથના અધ્યક્ષ ગૌતમ અદાણી તેમ જ તેમના ભત્રીજા સાગર અદાણી વિરુદ્ધ ફોરેન કરપ્ટ પ્રેક્ટિસીસ ઍક્ટ (એફસીપીએ) અંતર્ગત આરોપો મૂકવામાં નથી આવ્યા. દરમિયાન વિપક્ષના સભ્યોએ અદાણી ગ્રૂપ વિરુદ્ધના લાંચ કેસ સહિત વિવિધ મુદ્દે ચર્ચા કરવાનો આગ્રહ રાખતાં બુધવારે રાજ્યસભાની કામગીરી પણ એક દિવસ માટે મોકૂફ રાખવામાં આવી હતી. સાડા અગિયાર વાગે બેઠક ફરી મળી ત્યારે પણ વિપક્ષે એ જ વલણ ચાલુ રાખતાં અધ્યક્ષ જગદીપ ધનખડે કામગીરી એક દિવસ માટે મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી. (એજન્સી) ■

## તામિલનાડુમાં ભારે વરસાદથી કાવેરી ડેલ્ટા વિસ્તારમાં ઊભા પાકને નુકસાન



**ભારે વરસાદઃ** તમિળનાડુના થાન્જાવુરમાં બુધવારે ભારે વરસાદ બાદ પાકને થયેલું નુકસાન દેખાડી રહેલો ખેડૂત. બંગાળના અખાતમાં હવાના દબાણના પટ્ટાનું નિર્માણ થવાની તેમ જ તે વાવાઝોડાં 'ફેન્ગલ'માં પરિવર્તિત થઈ તમિળનાડુ તરફ વધે તેવી શક્યતા હોવાની હવામાન ખાતાએ ચેતવણી આપી હતી. (એજન્સી)

ચેન્નાઇઃ તામિલનાડુના કાવેરી ડેલ્ટા વિસ્તારમાં રાતભર સતત વરસાદ ચાલુ રહ્યો હતો. જેના કારણે ડાંગરના ઊભા પાકને ભારે નુકસાન થયું છે.

ભારતીય હવામાન વિભાગે બુધવારે ડેલ્ટા ક્ષેત્રના કુડ્ડલોર અને માયલાદુથુરાઇ જિલ્લામાં કેટલાંક સ્થળોએ ભારેથી અતિભારે અને અતિશય ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી. વરસાદને કારણે તિરુવરુર, તિરુથુરાઇપુંડી, મુથુપેટ્ટાઇ, માયલાદુથુરાઇ, વેદારન્યમ અને તેની આસપાસના વિસ્તારો સહિત ઘણાં સ્થળોએ પાક આંશિક કે સંપૂર્ણ ડૂબી ગયો હતો. ખેડૂતોના અંદાજ મુજબ ઓછામાં ઓછા ૨૦૦૦ એકરથી વધુ પાકને વરસાદની અસર થઈ હતી. વરસાદને પગલે ૨૭ નવેમ્બરે તિરુવરુર, કુડ્ડલોર, નાગપટ્ટનમ અને માયલાદુથુરાઇ જિલ્લા સહિત શાળાઓ અને કૉલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. માત્ર ચેન્નાઇ, ચેંગલપેટ, અરિયાલુર, કાંચીપુરમની શાળાઓમાં જ રજા જાહેર કરવામાં આવી છે.

આઈએમડી-પ્રાદેશિક હવામાન કેન્દ્રના બુધવાર સવારના અપડેટ અનુસાર દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પર રચાયેલું ડીપ ડિપ્રેશન લગભગ ૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે. જે નાગાપટ્ટનમથી લગભગ ૪૭૦ કિમી દક્ષિણ-પૂર્વમાં અને ચેન્નાઇથી ૬૭૦ કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વમાં કેન્દ્રિત છે. આ ડીપ ડીપ્રેશન ૨૭ નવેમ્બરના રોજ ચક્રવાતી વાવાઝોડામાં વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. પરિણામે કુડ્ડાલોર અને માયલાદુથુરાઇ જિલ્લાઓમાં કેટલાંક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ અને એક બે સ્થળોએ અતિશય ભારે વરસાદ થવાની સંભાવના છે. ચેન્નાઇ, તિરુવલ્લુર, કાંચીપુરમ, ચેંગલપટ્ટુ, વિલ્લુપુરમ, અરિયાલુર, તંજાવુર, તિરુવરુર, નાગાપટ્ટનમ અને પુડુક્કોટ્ટાઇ જિલ્લાઓમાં અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ■

## ઝારખંડની નવી સરકારની આજે શપથવિધિ યોજાશે

રામગઢ (ઝારખંડ): ઝારખંડની નવી સરકારની ગુરુવારે શપથવિધિ યોજાશે અને શપથગ્રહણ સમારોહ પૂરો થયા બાદ નવી સરકારની કામગીરી શરૂ થશે, એમ ઝારખંડના મુખ્ય પ્રધાનપદના દાવેદાર હેમંત સોરેને બુધવારે કહ્યું હતું.

રાજ્યના ૧૪મા મુખ્ય પ્રધાન તરીકે શપથગ્રહણ કરવાના એક દિવસ અગાઉ સોરેને તેમની પત્ની કલ્પના સાથે પોતાના દાદાની ૬૭મી મૃત્યુ તિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવા રામગઢ જિલ્લાસ્થિત પૂર્વજોના ગામ નેમ્રાની મુલાકાત લીધી હતી. પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે દાદા સોબારન સોરેનને શ્રદ્ધાંજલિ આપવા દર વરસે હું આ સ્થળની મુલાકાત લઉં છું.

રાંચીસ્થિત મોરાબાદી મેદાનમાં યોજાનારા શપથગ્રહણ સમારોહમાં હાજર રહેવા સોરેને ગામવાસીઓને પણ આમંત્રણ આપ્યું હતું.

સરકારની રચના કરવાનું કામ ચાલી રહ્યું હોવાનું તેમણે કહ્યું હતું. ૮૧ સભ્યની વિધાનસભામાં ૫૬ બેઠક મેળવી હેમંત સોરેનના વડપણ હેઠળનો મોરચો રાજ્યમાં સતત બીજી મુદત માટે સત્તા પર આવ્યો હતો. એનડીએને માત્ર ૨૪ બેઠક મળી હતી. કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી, રાજદના તેજસ્વી યાદવ સહિત ઈન્ડિયા બ્લૉકના ટોચના નેતાઓ આ શપથગ્રહણ સમારોહમાં હાજર રહે તેવી શક્યતા છે. (એજન્સી) ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુપીનું સમ્ભલ બીજું અયોધ્યા બનવાનાં એંધાણ

**ઉત્તર** પ્રદેશમાં વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ અને મથુરાની કૃષ્ણ જન્મભૂમિસ્થાને બનેલી મસ્જિદ, મધ્યપ્રદેશના ધારની ભોજશાળા વગેરે સ્થાને પહેલાં હિંદુ મંદિરો હતાં કે નહીં અને મંદિરો તોડીને મસ્જિદો બનાવાઈ હતી કે નહીં તેનો વિવાદ શમ્યો નથી ત્યાં ઉત્તર પ્રદેશના સમ્ભલમાં જામા મસ્જિદનો મુદ્દો ચગ્યો છે. બલકે સમ્ભલની જામા મસ્જિદના સરવેને મુદ્દે અત્યંત ગંભીર અને હિંસક સ્વરૂપ લઈ લીધું છે. આ હિંસામાં ચાર લોકોનાં મોત થઈ ગયાં છે અને ૨૫થી વધુ લોકો ઘાયલ છે. હિંસાને પગલે સરકારે ૧૨મા ધોરણ સુધીની શાળા બંધ કરવા અને ઈન્ટરનેટ પર પ્રતિબંધ લગાવવાનો આદેશ આપવો પડ્યો છે. સમ્ભલમાં અત્યારે જનજીવન ઠપ્પ છે અને સ્થિતિ ક્યારે સામાન્ય થશે એ ખબર નથી.

ઉત્તર પ્રદેશના સમ્ભલ જિલ્લાની શાહી જામા મસ્જિદ વાસ્તવમાં ભગવાન વિષ્ણુનું હરિહર મંદિર હોવાના દાવા સાથે વકીલ હરિશંકર જૈને કોર્ટમાં અરજી કરેલી. તેના પગલે કોર્ટે મસ્જિદના સરવેનો આદેશ આપ્યો હતો. મસ્જિદ કમિટીની સંમતિથી બંને પક્ષની હાજરીમાં સરવે થવાનો હતો. ૧૯ નવેમ્બરની રાતે સરવે શરૂ થયો ત્યારે કંઈ નહોતું થયું, પણ ૨૪ નવેમ્બરે સરવે ટીમ ફરી મસ્જિદ પહોંચી અને જેવી મસ્જિદના સરવેની કાર્યવાહી શરૂ કરી કે મોટી સંખ્યામાં લોકો ઊમટવા માંડ્યા અને ઉગ્ર દેખાવો તથા સૂત્રોચ્ચાર શરૂ થઈ ગયા ડરી ગયેલી સર્વેની ટીમ કોર્ટમાં પહોંચી તો કોર્ટે પોલીસ રક્ષણ હેઠળ સર્વે કરવા આદેશ આપ્યો. કોર્ટના આદેશ પછી સરવે શરૂ થયો તો ટોળાએ પોલીસ પર હુમલો કરી પથ્થરમારો કર્યો અને ઘણાં વાહનોને આગ લગાડી દીધી. સ્થિતિ પર કાબૂ મેળવવા પોલીસે ટિયર ગૅસના શેલ છોડવા પડ્યા અને લાઠીચાર્જ પણ કર્યો.

રાજ્ય સરકારે આ હિંસાની ઘટનાની મેજિસ્ટ્રિયલ તપાસના આદેશ આપ્યા પછી પોલીસે હિંસા બદલ સાત ફરિયાદો દાખલ કરી છે. સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયા ઉર રેહમાન અને સપાના ધારાસભ્ય ઇકબાલ મેહમૂદના પુત્ર સોહૈલ સહિત ૨૭૦૦ લોકોને પોલીસે આરોપી બનાવ્યા છે ને કેટલાક લોકો સામે નેશનલ સિક્યુરિટી ઍક્ટ (એનએસએ) પણ લગાવી દેવાયો છે.

પોલીસ જે કંઈ કરી રહી છે એ કાનૂની કાર્યવાહી છે ને એક રીતે રાંધ્યા પછીનું ડહાપણ છે કેમ કે આ પ્રકારના સરવેમાં વાતાવરણ ઉગ્ર બની જાય છે ને હિંસા થાય છે એ ભૂતકાળનો અનુભવ છે. એ છતાં પોલીસે ચાંપતો બંદોબસ્ત ન રાખ્યો તેમાં ચાર લોકો મરી ગયા. અલબત્ત તેમાં પણ મરી ગયા કે પોલીસે જ મારી નાખ્યા એ સવાલ છે કેમ કે મૃતકોના પરિવારનું કહેવું છે કે, પોલીસના ગોળીબારમાં મૃત્યુ થયું. પોલીસે આ આરોપો નકારીને કહ્યું છે કે, હિંસા ફેલાવી રહેલા ટોળામાંથી જ ગોળીબાર કરાયો હતો અને તેના પુરાવા તરીકે અમારી પાસે વીડિયો પણ છે.

પોલીસ અને મતૃકોના પરિવારજનોમાંથી કોણ સાચું બોલે છે એ ખબર નથી, પણ એ મુદ્દો બહુ મહત્ત્વનો નથી. મહત્ત્વનો મુદ્દો સમ્ભલ કઈ દિશામાં આગળ વધી રહ્યું છે તેનો છે અને અત્યારે જે અણસાર છે એ જોતાં સમ્ભલ બીજું અયોધ્યા બનવાની દિશામાં છે. મંદિરોને તોડીને મસ્જિદો બનાવાઈ હોવાના મુદ્દા વારાણસી અને મથુરામાં પણ ગાજે છે. નજીકના ભૂતકાળમાં આ બંને મુદ્દે હિંસા થઈ નથી જ્યારે સમ્ભલમાં તો પહેલા જ ધડાકે ૪ લોકો મરી ગયા છે એ જોતાં ભવિષ્યમાં સ્થિતિ ગંભીર બનશે.

સમ્ભલનો કેસ પણ બીજી એવી મસ્જિદો જેવો જ છે કે જે મંદિરોને તોડીને બનાવાઈ હોવાના દાવા કરાય છે. સમ્ભલની જામા મસ્જિદ ભગવાન વિષ્ણુના હિન્દુ મંદિરને તોડીને બાંધવામાં આવી હતી એવો હિન્દુ પક્ષે દાવો કર્યો છે. બાબરનામા અને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના અહેવાલને આધારે હિંદુ પક્ષ આ દાવા કરી રહ્યો છે. હિંદુ પક્ષ દ્વારા કરાયેલી અરજી પ્રમાણે આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા (ASI)ના ૧૮૭૫ના અહેવાલમાં એવા ઘણા પુરાવા છે, જે મસ્જિદના સ્થાને પહેલાં હિન્દુ મંદિરના અસ્તિત્વ તરફ સંકેત કરે છે. ૧૮૭૫માં તૈયાર કરાયેલો અહેવાલ એસીએલ કાર્લાઇલ દ્વારા તૈયાર કરાયો હતો અને ટુર્સ ઈન ધ સેન્ટ્રલ દોઆબ એન્ડ ગોરખપુર ૧૮૭૪-૧૮૭૫ and ૧૮૭૫-૧૮૭૬ ટાઈટલ હેઠળ પ્રકાશિત થયો હતો.

આ અહેવાલ પ્રમાણે, મસ્જિદના સ્તંભ, ગુંબજનો જીર્ણોદ્ધાર અને પુરાતત્ત્વ અવશેષ પહેલાં ત્યાં મંદિર હોવાનું દર્શાવે છે. આ મસ્જિદના હિન્દુ સ્તંભ મુસ્લિમ સ્તંભથી અલગ છે અને શુદ્ધ હિન્દુ વાસ્તુકલાનું પ્રતીક છે. આર્કિયૉલૉજિકલ સર્વેના રીપોર્ટ પ્રમાણે, મસ્જિદના ગુંબજનો જીર્ણોદ્ધાર હિન્દુ સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણના શાસનકાળમાં થયો હતો. આ ઉપરાંત મસ્જિદની સંરચનામાં હિન્દુ મંદિરનાં ઘણાં ચિહ્ન જોવા મળ્યાં, જેને બાદમાં પ્લાસ્ટરથી ઢાંકી દેવામાં આવ્યાં હતાં એવો પણ આર્કિયૉલૉજિકલ સર્વેનો દાવો છે. મસ્જિદની અંદર અને બહારના સ્તંભ જૂનાં હિન્દુ મંદિરોનાં હતાં, પણ સ્તંભ પર પ્લાસ્ટર લગાવીને સંતાડવાનો પ્રયાસ પણ કરાયો હતો. આ મસ્જિદના એક સ્તંભ પર પ્લાસ્ટર હટાવતાં લાલ રંગના પ્રાચીન સ્તંભ જોવા મળ્યા હતા, જે હિન્દુ મંદિરોમાં કરાતી હતી તેવી જ ડિઝાઇન અને સંરચના ધરાવે છે.

હિન્દુ પક્ષના અરજદાર હરિશંકર જૈને પોતાની અરજીમાં બાબરનામાનો ઉલ્લેખ કર્યો છે. બાબરનામા બાબરની આત્મકથા છે. બ્રિટિશ ઓરિએન્ટાલિસ્ટ એનેટ બેવરિજે તેનો અનુવાદ અંગ્રેજીમાં કર્યો હતો. બાબરનામાના પાના નંબર ૬૮૭ પર લખ્યું છે કે, બાબરના આદેશ પછી તેના દરબારી મીર હિન્દુ બેગે સમ્ભલનાં હિન્દુ મંદિરને જામા મસ્જિદમાં પરિવર્તિત કરી દીધી હતી.

સમ્ભલની જામા મસ્જિદમાં એક શિલાલેખ છે કે જેમાં લખ્યું છે કે, આ નિર્માણ ૯૩૩ હિજરીમાં હિન્દુ બેગે પૂરુ કર્યું હતું. મીર હિન્દુ બેગ બાબરનો દરબારી હતો. આર્કિયૉલૉજિકલ સર્વેના દાવા પ્રમાણે, આ શિલાલેખ એ વાતનો પુરાવો છે કે, મસ્જિદનું નિર્માણ કોઈ હિન્દુઓના ધાર્મિક સ્થળને તોડીને કરવામાં આવ્યું હતું. આર્કિયૉલૉજિકલ સર્વેનાં તારણ બીજા શિલાલેખ સાથે પણ મેળ ખાય છે કે જેમાં મીર હિન્દુ બેગનું નામ અને ૩૩ હિજરી વર્ષમાં મસ્જિદના નિર્માણનો ઉલ્લેખ છે.

સમ્ભલની શાહી જામા મસ્જિદના સરવેનો રીપોર્ટ ૨૯ નવેમ્બરે કોર્ટમાં રજૂ કરાવાનો છે અને કોર્ટ શું કહે છે તેના પર સૌની નજર છે, પણ અત્યાર જે સ્થિતિ છે એ જોતાં આ મુદ્દો વધારે સ્ફોટક બનશે તેમાં કોઈ શંકા નથી કેમ કે મુસ્લિમ પક્ષ કોઈ પણ કાળે મંદિર તોડીને મસ્જિદ બનાવાઈ હતી એવું નહીં સ્વીકારે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), ગુરુવાર, તા. ૨૮-૧૧-૨૦૨૪પ્રદોષ

- ભારતીય દિનાંક ૭, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક વદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૭મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ચિત્રા સવારે ક. ૦૭-૩૫ સુધી, પછી સ્વાતિ.
- ચંદ્ર તુલામાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૫૫ અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૯-૪૫, રાત્રે ક. ૨૨-૫૧
- ઓટઃ બપોરે ક. ૧૬-૦૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૯ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ''અનલ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - ત્રયોદશી. પ્રદોષ, તેરસ વૃદ્ધિ તિથિ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ પ્રદોષ વ્રત ઉપવાસ, રાત્રિ જાગરણ, શિવ પાર્વતી પૂજા, શિવ ભક્તિ, કિર્તન, વાયુ દેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વ શાંતિ પૂજા, હજામત, નિત્ય થતાં દુકાન, વેપાર, પશુ લે-વેચ, ખેતીવાડીનાં કામકાજ, બી વાવવું.
- આચમનઃ ચંદ્ર- મંગળ :ચતુષ્કોણ અવિચારી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર મંગળ ચતુષ્કોણ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-ધનુ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# નેકી અને નસિહતની મશાલ મુસલમાન શું ખરેખર ભૂતકાળ બની જશે?

**અરબી** - ઉર્દૂનો એક અતિ પ્રચલિત શબ્દ છે 'મોમીન.' એક સાચો મુસલમાન! અને એક નખશીખ મુસલમાન તે છે જે સર્વથી સ્વતંત્ર થઈને કેવળ એક અલ્લાહને તાબે થઈ જાય જે ઈબાદત-બંદગીનો ખરો હકદાર છે અને જેની દૃષ્ટિ જીવનની બધી લિજ્જતો અને આકર્ષણોને ઉલ્લંઘીને તે મહાનતા ને ભવ્યતા તરફ લાગી રહેતી હોય જે ખરેખર માનને યોગ્ય અને વખાણને પાત્ર છે અને જે પોતાનો ધ્યેય અસત્યને છોડી સત્યને બનાવે.

* જે પ્રત્યેક ઘડી,
* પ્રત્યેક સ્થળ અને
* પ્રત્યેક કામોમાં આવકારને પાત્ર હોય છે.

- મુસલમાન- મોમીન તે છે જે દીન અને દુનિયાને એ રીતે સાંકળી લે કે તે દીનનો ઉમદા અનુયાયી અને દુનિયાનો સર્વોત્તમ ક્રિયાશીલ કાર્યકર્તા હોય અને જે પોતાના માટે તેમજ બીજાઓના માટે કામ કરે. પરિણામે સ્વયં

- પોતાની જાતને માટે હિતેચ્છુ,
- બીજાની માટે માર્ગદર્શક સાબિત થાય છે અને
- જે પોતાની રૂહ (આત્મા) અને શરીરને એ પ્રમાણે કેળવી લે કે જમીન પર એક સારા ઈન્સાન ગણાવા લાગે અને આકાશમાં ફરિશ્તો (ઈશ્વર- અલ્લાહનો પ્રતિનિધિ).
- મુસલમાન તે છે જેનું જીવન ઈમાન અને અમલ (આચરણ)નું પ્રતીક હોય.

* જેનું ઈમાન (સચ્ચાઈ) પ્રેમ અને ભાઈચારાની સુંદર તસવીર હોય અને
* જેનો અમલ- વ્યવહાર કાર્યદક્ષતાનો ઉચ્ચ નમૂનો હોય.

- મુસલમાન તે છે જે

* પૃથ્વીને ન્યાય અને ભલાઈઓથી ભરપૂર બનાવી દે.
* જ્ઞાન અને સમજથી દિલો અને દિમાગોને માલામાલ કરી મૂકે અને
* જેની દયાળુ પ્રકૃતિ લોકોને પોતાના બનાવી દે.

- મુસલમાન તે છે જેના બે હાથ હોય છે-

* એક હાથ સત્યને અપનાવે છે અને
* બીજો હાથ અસત્યનો સામનો કરે છે.
* જેની બે આખો હોય છે-
* એક ભલાઈ અને નેકી (સજ્જનતા)ની ખાતર ઉઘાડી રહે અને
* બીજી બૂરાઈ અને દુષ્કાર્યોને ઘૃણાની નજરે જુએ છે,

- જેને બે કાન હોય છે-

* એકને બોધ અને ભલાઈ માટે ખુલ્લો રાખે છે અને
* બીજાને ગુમરાહી- માર્ગથી ભટકેલા અને ફસાદ લડાઈ, ઝઘડા, પાપ માટે બહેરો બનાવી દે છે.

- જેના બે પગ હોય છે-

* એક હિદાયત (ધર્મની સાચી સમજ, માર્ગદર્શન) ભણી દોડે છે અને
* બીજો અજાણ માર્ગ અને બંડખોરોથી ચેતીને ચાલે છે.

- જેના બે ચારિત્ર્ય હોય છે-

* એક વડે ન્યાયીઓ માટે તે મજબૂત પહેરેગીર બની જાય છે અને
* બીજા વડે રબ (પાલનહાર ઈશ્વર- અલ્લાહ)ના તાબેદાર (આજ્ઞાપાલન) પોતાના સહચારીઓ માટે નરમી અને છૂટથી કામ લે છે.

- મુસલમાન તે છે જે

* જાણેલી વાતને ભૂલતો નથી.
* અમલ (વ્યવહાર) કરે છે ત્યારે નિરાશ થતો નથી,
* ચુકાદો આપે છે ત્યારે અન્યાય નથી કરતો,
* અહેસાન (ઉપકાર) કે ભલાઈ કરે છે ત્યારે કોઈને જણાવતો નથી.
* વાત કરે છે ત્યારે જુઠ્ઠું બોલતો નથી અને
* લોકો સાથે એ રીતે રહે છે કે લોકોને કદી પણ એના મુખ કે હાથ વડે તકલીફ પહોંચતી નથી.

- મુસલમાન તે છે જે

* લોકોમાં સ્વચ્છ હૃદય,
* જાગૃત અંતર અને
* પાક-પવિત્ર નિયત (સ્વચ્છ મન, હૃદય)વાળો હોય છે.
* એ સૌથી વધુ ઉદાર હોય છે. નકામો ખર્ચ કરતો નથી, બીજાઓ કરતાં ઈલ્મ (જ્ઞાન, આવડત) અને અમલ (વ્યવહાર)-માં ચડિયાતો હોય છે. ઉપરાંત એ બધાનો હિતેચ્છુ હોય છે અને અલ્લાહથી સૌથી વધુ ડરે છે.
* એ સ્વર્ગ અને સવાબ (પુણ્ય)ની અલ્લાહ પાસેથી સૌથી વિશેષ ઈચ્છા રાખે છે અને એજ સાચો- નખશીખ મોમીન- મુસલમાન છે.

**એક સવાલઃ**

- તો પછી એવા મુસલમાન ક્યાં છે?

જવાબઃ

- હે નવજવાનો! મુસલમાન તો ઈસ્લામના આગમન પહેલાથી જ જગતની ફિલોસોફી, વિચારસરણી અને સાહિત્યમાં ઈન્સાનિયતનું મધુર સ્વપ્ન હતો જ જે હકીકત બનીને અસનાદ (સત્યવાન) હુઝૂરે અનવર (જ્વલંત પ્રકાશ)ની ઝબાનથી- વ્યવહાર અને આચરણથી જાહેર થયો.
- એ ખ્વાબ એક એવી હસ્તિ- યોગ્યતા- સામર્થ્ય ધરાવતા ઈન્સાનનું હતું.

* જે જમીન પર ફરિસ્તા (અલ્લાહના દૂત)ની શાન ભવ્યતા, દબદબા સાથે ચાલે છે,
* એની રૂહ સૂર્યની ગરમી,
* હવાની નરમી અને
* આંધિની શક્તિ પણ ધરાવે છે અને
* જેની રૂહ પુષ્પોની ખુશ્બૂ- સુગંધની જેમ આકર્ષક હોય છે અને સાથે જ એ સૂર્ય સમાન છે જે સદા ઊંચો રહે છે, પડતો નથી, હવાની જેમ છે જે જીવન અર્પણ કરે છે, વિખેરતું નથી, આંધિની જેમ છે જે રહેમત (ઈશ્વરિય દેણગી, દયા)ની વર્ષા માટે વાદળો લાવે છે અને કમજોર ઘરોને પડી ભાંગવાથી બચાવવાની ચેતવણી આપે છે અને સુગંધી ફૂલોની જેમ છે જે મનને આનંદ અને આંખને ઠંડક આપે છે અને જીવનને રૂપ તથા સૌંદર્ય અર્પે છે.

- આજ પ્રમાણે ઈન્સાન પ્રથમથી જ મહાન હતો. જીવને એની સાથે પ્રિત કરી કેમ કે એ અલ્લાહનો સર્વોત્તમ ફરજંદ હતો અને એને ઈન્સાનિયત- માનવતાએ પસંદ કર્યો, કારણ કે તે આબરૂદાર ઘડવૈયો હતો અને એને વિશ્વની કોમોએ વ્હાલો ગણ્યો ઉપરાંત તે નિઃસ્વાર્થી હિતેચ્છુ હતો.

**બોધઃ**

આજે મૂંઝવણમાં પડેલી આલમ- જગત્- પ્રજા એ સત્યને શોધી રહી છે ત્યારે, હે ઈસ્લામના ફરજંદો! શું એ તમારા માટે સત્ય નથી કે તમે પૃથ્વી પર ફરીથી

- એની વર્ષા,
- એની હવા,
- એની ખેતી,
- એની ખુશ્બો અને
- એના સૂર્ય અને ચંદ્ર બનીને છવાય જાય!

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

* જેણે ઝુલ્મ કર્યો તેની ઉંમર ટૂંકી થઈ,
* જેણે ગુનાહ કર્યો તે બેઈજ્જત થયો,
* જેણે ખુદા સાથે મક્કારી- ધોકેબાજી કરી તે જ મક્કારીમાં ફસાયો.
* જેણે સાચું કહ્યું, સચ્ચાઈ પર કાયમ રહ્યો તેને હીદાયત- ધર્મનું માર્ગદર્શન- સમજણ મળી અને
* જેણે નેક અમલ- પ્રમાણિક આચરણ કર્યું તેને નજાત- મોક્ષ પામ્યો- મુક્તિ મળી.

**અસનાદ હૂઝૂરે અનવર (સલ.)**
(સત્યવાદી, માનવંત, જ્વલંત પ્રકાશ) ■

# ઈઝરાયલ અને લેબેનોનના હિઝબુલ્લાહ વચ્ચે ૧૪ મહિને યુદ્ધવિરામ

જેરૂસેલમ : અમેરિકાએ મંત્રણા કરીને તૈયાર કરેલી લેબેનોનના હિઝબુલ્લાહ સાથેની યુદ્ધવિરામની સમજૂતીને ઈઝરાયલે બહાલી આપી હોવાથી ગાઝા પટ્ટીના યુદ્ધની સાથે સંકળાયેલા ૧૪ મહિનાના જંગનો અંત આવશે.



**યુદ્ધવિરામઃ**
ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે બુધવારે યુદ્ધવિરામની જાહેરાત થયા બાદ સ્થળાંતર કરીને ગયેલા રહેવાસીઓ દાહિયે પાછા ફર્યા હતા. (એજન્સી)

હમાસના સાત ઓક્ટોબર, ૨૦૨૩ના ઈઝરાયલ પરના હુમલાને લીધે પશ્ચિમ એશિયામાં શરૂ થયેલી અશાંતિનો અંત લાવવા માટેનું આ પ્રથમ પગથિયું છે. જોકે આ સંધીમાં ગાઝા પટ્ટી પર ચાલતા હમાસ અને ઈઝરાયલ વચ્ચેના ભયંકર યુદ્ધનો કોઈ ઉલ્લેખ નથી. હજી અનેક બાન હમાસના કબજામાં છે. હમાસ અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ ઝડપથી રોકી ન શકાય એવું જટિલ છે.

હિઝબુલ્લા સાથેનો વિરામ અમલમાં આવે એ પહેલાં ઈઝરાયલે બૈરૂત અને દક્ષિણ ઉપનગરમાં સૌથી ભીષણ હવાઈહુમલા કર્યા હતા. આ જંગ શરૂ થયો ત્યાર બાદ ઈઝરાયલે પ્રદેશ ખાલી કરવાની વિક્રમી ચેતવણીઓ આપી હતી. સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા પ્રમાણે તાજા હવાઈહુમલામાં ઓછામાં ઓછા ૨૪ જણ મરણ પામ્યા હતા. યુદ્ધવિરામ બુધવારે સ્થાનિક સમય પ્રમાણે પરોઢિયે ચાર વાગ્યે અમલમાં આવી એ પહેલાં હવાઈહુમલા કરીને ઈઝરાયલે એવો સંકેત આપ્યો કે તે હિઝબુલ્લાહને ખતમ કરવા માગે છે.

યુદ્ધવિરામ જાહેર થયા બાદ પણ ઈઝરાયલે મોટો હવાઈહુમલો કર્યો હતો.

જોકે સમજૂતીના અમુક ભાગ અંગે અસંમતી છે. મુદ્દો એ છે કે હિઝબુલ્લાહે સમજૂતીનો ભંગ કરે તો ઈઝરાયલને હિઝબુલ્લા પર હુમલો કરવાનો અધિકાર હશે કે નહીં. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ ભારપૂર્વક એમ જણાવે છે કે આવો અધિકાર સમજૂતીનો ભાગ છે, પરંતુ લેબેનોન અને હિઝબુલ્લાહના અધિકારીઓ આવી કોઈ સમજૂતી થઈ હોવાની વાતને નકારી કાઢે છે.

વડા પ્રધાનની ઓફિસે વોર કેબિનેટ આગળ યુદ્ધવિરામની સમજૂતીનો મુસદ્દો રજૂ કર્યો હતો અને પ્રધાનમંડળે એને માન્ય કર્યું હતું. અમેરિકાના પ્રમુખ જો બાઈડેને વૉશિંગ્ટનમાં કહ્યું હતું કે સમજૂતી એ સારા સમાચાર છે અને મારું વહીવટીતંત્ર ગાઝામાં પણ યુદ્ધવિરામ કરાવવા નવેસરથી પ્રયાસ કરશે. નેતન્યાહુએ ટીવીના માધ્યમથી કરેલા સંબોધનમાં ઈઝરાયલના દુશ્મનો સામેની સિદ્ધિઓ

**બચાવ કામગીરીઃ** ઈન્ડોનેશિયાના ઉત્તર સુમાત્રામાં બુધવારે મૅડન વિસ્તારમાં ભારે વરસાદ બાદ પૂરની પરિસ્થિતિ નિર્માણ પામતાં રહેવાસીઓને સલામત સ્થળે ખસેડવા બચાવકર્તાઓએ રબ્બર બૉટનો ઉપયોગ કર્યો હતો. (એજન્સી)



# સીબીઆઈએ લાંચના કેસમાં ઈપીએફઓના બે અધિકારીની ધરપકડ કરી

નવી દિલ્હીઃ સીબીઆઈએ હિમાચલ પ્રદેશના સોલનમાં ઇપીએફઓના બે અધિકારીની કથિત રીતે પ્રોવિડન્ટ ફંડની માગણીના મામલાને અનુકૂળ રીતે ઉકેલવા માટે ૧૦ લાખ રૂપિયાની લાંચ લેવા બદલ ધરપકડ કરી છે. અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે ટ્રેપ ઓપરેશન દરમિયાન તેમના વતી આવેલા સલાહકાર અને વચેટિયા - સંજય કુમાર યાદવની - પાંચ લાખ રૂપિયા રોકડા અને પાંચ લાખ રૂપિયાનો ચેક લેતી વખતે ધરપકડ કરવામાં આવ્યાં બાદ પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર રવિ આનંદ અને કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઇપીએફઓ) ના એન્ફોર્સમેન્ટ ઓફિસર મદનલાલ ભાટીની ધરપકડ કરવામાં આવી હતી. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને એક વેપારી તરફથી ફરિયાદ મળી હતી કે ભટ્ટીએ ફરિયાદીની ફર્મની પ્રોવિડન્ટ ફંડની માગના મામલાને અનુકૂળ રીતે ઉકેલવા માટે યાદવ દ્વારા પોતાને અને અન્ય વરિષ્ઠ ઇપીએફઓ અધિકારીઓ માટે કથિત રીતે ૧૦ લાખ રૂપિયાની લાંચ માગી હતી. અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''વધુમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે જો ઉક્ત માગ પૂરી કરવામાં ન આવે તો, ૪૫-૫૦ લાખ રૂપિયાની વસૂલાતની ધમકી અપાઇ હતી.''

સાત સ્થળોએ આરોપીઓના રહેણાંક અને સત્તાવાર જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા અને ચંદીગઢમાં પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનરના પરિસરમાંથી ૨૩.૫ લાખ રૂપિયાની (અંદાજે) રોકડ અને ગુનાહિત દસ્તાવેજો શોધી કાઢ્યા હતા. ■

# અમદાવાદના કાલુપુર સ્ટેશનના રિડેવલપમેન્ટની કામગીરી શરૂ થતાં ૪૭ ટ્રેનો અન્ય સ્ટેશન પર ડાયવર્ટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર રિડેવલપમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવતાં રેલવે મંત્રાલય દ્વારા કાલુપુર સ્ટેશન પરથી ઊપડતી અને પસાર થતી ટ્રેનોને ડાયવર્ટ કરવા સૂચના જાહેર કરાઈ હતી. જેમાં અમદાવાદથી ઊપડતી ૪૭ જેટલી ટ્રેનને રાજકોટ સહિત સાબરમતી, મણિનગર, વટવા અને અસારવા સ્ટેશન પર ડાયવર્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જ્યારે અમદાવાદથી પસાર થતી ૩૭ ટ્રેનને મણિનગર, સાબરમતી સ્ટેશન પર ડાયવર્ટ કરીને વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની કવાયત હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઉત્તરાયણ પછી કાલુપુર રેલવે સ્ટેશનના પ્લૅટફૉર્મ નંબર ૭થી ૯ બંધ કરવામાં આવશે. જેના કારણે કાલુપુરથી ઊપડતી ટ્રેનો સાબરમતી, મણિનગર, અસારવા, વટવા ખાતે શિફ્ટ કરવામાં આવશે. જ્યારે કેટલીક ટ્રેનો કાલુપુર સ્ટેશનને બદલે સાબરમતી અને મણિનગર સ્ટેશને ઊભી રહેશે. કાલુપુર બ્રિજથી સારંગપુર બ્રિજ સુધી સ્ટેશનના ભાગરૂપે ૧૦ મીટર ઊંચાઈ પર રોડ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. પ્રથમ તબક્કામાં પ્લૅટફૉર્મ નંબર ૭થી ૯ ત્યાર બાદ પ્લૅટફૉર્મ નંબર ૪થી ૬ અને છેલ્લે પ્લૅટફૉર્મ નંબર ૧થી ૩ પર ટ્રેનોનું સંચાલન બંધ કરી ત્યાં કામગીરી શરૂ કરાશે.

આ તમામ પ્લૅટફૉર્મ બંધ કરવામાં આવતાં સ્ટેશન પર ટ્રેનોનું ભારણ ઘટે તે માટે અમદાવાદથી ઊપડતી અનેક ટ્રેનોને નજીકના અન્ય સ્ટેશનેથી ઉપાડાશે. જેમાં મહેસાણા તરફ જતી ટ્રેનોને સાબરમતીથી તેમ જ વડોદરા તરફ જતી ટ્રેનોને મણિનગર કે વટવાથી ઉપાડવામાં આવશે. જોકે હજુ વિવિધ ટ્રેનને જે તે સ્ટેશન પર ડાઈવર્ટ કરવાનું પ્રાથમિક આયોજન જ કરાયું છે. આગામી દિવસોમાં તેને ઉચ્ચકક્ષાએથી મંજૂરીની મહોર લાગ્યા બાદ તબક્કાવાર ટ્રેનો વિવિધ સ્ટેશને ટ્રાન્સફર કરાશે. તે ઉપરાંત કેટલીક હોલિડે સ્પેશિયલ ટ્રેનો બંધ કરવામાં આવે તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે.

અમદાવાદથી પસાર થતી ૩૭ ટ્રેનોને મણીનગર, સાબરમતી સ્ટેશન પર ડાયવર્ટ કરાશે. કાલુપુર સ્ટેશનથી ઊપડતી ટ્રેનને સાબરમતી ડાયવર્ટ કરાશે. જેમાં અમદાવાદ- યોગાનગરી ઋષીકેશ યોગા એક્સપ્રેસ, અમદાવાદ- મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી એક્સપ્રેસ, અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ એસી ડબલ ડેકર એક્સપ્રેસ, અમદાવાદ- મુંબઈ સેન્ટ્રલ ગુજરાત એક્સપ્રેસ, અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સેન્ટ્રલ એક્સપ્રેસ, અમદાવાદ- આસનોલ વીકલી એક્સપ્રેસ, અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ, અમદાવાદ- પટના આઝિમાબાદ એક્સપ્રેસ, અમદાવાદ-દરભંગા સાબરમતી એક્સપ્રેસ, અમદાવાદ- દરભંગા જન સાધારણ એક્સપ્રેસ, અમદાવાદ-પૂણે અહિંસા એક્સપ્રેસ, અમદાવાદ-બારૌની એક્સપ્રેસ, અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ તથા અન્ય ૧૭ જેટલી ટ્રેનોને વટવા અને અમદાવાદ-ચૈન્નઈ એક્સપ્રેસ, અમદાવાદ-પૂરી એક્સપ્રેસને આસરવા તેમજ અમદાવાદ-વારાણસી સિટી સાબરમતી એક્સપ્રેસ, અમદાવાદ-યશવંતપુર એક્સપ્રેસ, અમદાવાદ-પુણે દુર્રાન્તો એક્સપ્રેસ, અમદાવાદ-એમજીઆર ચેન્નઈ હમસફર એક્સપ્રેસને રાજકોટ ટ્રાન્સફર કરાશે. આ અંગેની સત્તાવાર તારીખ, સમય, રૂટની યાદી ટૂંક દિવસોમાં રેલવે તંત્ર જાહેર કરશે. ■

# અમદાવાદ પોલીસે ત્રણ હજાર વાહનચાલકોને મેમો આપ્યાઃ આરટીઓ કચેરી ખાતે મેમો ભરવા લાંબી લાઈન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર પોલીસે હાથ ધરેલી બે નાઈટ કોમ્બિંગમાં ૩ હજાર વાહનો કબજે કરી આરટીઓને મેમો આપ્યા હતા. બીજી તરફ, આરટીઓ તંત્રમાં પોલીસે આપેલા મેમોની વસૂલાત કરવા માટે કોઈ જ વ્યવસ્થા નથી, જેના કારણે અમદાવાદ આરટીઓ કચેરી ખાતે પોલીસે આપેલા મેમો ભરવા લોકોની લાંબી લાઈનો લાગી હતી. કોમ્બિંગ નાઈટમાં પોલીસે મેમો ફટકાર્યા હતા. ૫૦૦થી ૭૦૦ લોકોએ મેમો ભરવા લાઈનમાં ઊભા રહેવાનો વારો આવ્યો હતો. બુધવારથી અમદાવાદ આરટીઓ દરરોજ ૨૦૦ દંડ વસૂલી શકે તેવું આયોજન કરનાર છે. પોલીસ અને આરટીઓ વચ્ચે તાલમેલના અભાવે આરટીઓમાં સવારથી દંડ ભરવા માટે લાઈનો લાગી જાય છે. બીજી તરફ પોલીસ સ્ટેશનોમાં ડીટેઈન કરેલાં વાહનોના થપ્પા લાગી ગયા છે. સોમવારે કોમ્બિંગ નાઈટમાં પોલીસે ૧૬૮૫ વાહનચાલકો પાસેથી ૧૨.૮૨ લાખનો દંડ વસૂલ્યો હતો, તો ડોક્યુમેન્ટ સાથે ન હોવા બદલ ૧૮૦૦ વાહનો ડિટેઈન કરાયાં હતાં.

૬૦ પોલીસ સ્ટેશનોમાં ટુ વ્હીલર્સના ઢગલા પડ્યા છે. આરટીઓમાં દંડ ભરવા લોકોની ભીડ અને પોલીસ સ્ટેશનોમાં વાહનોના ઢગલા એ કોમ્બિંગ નાઈટના આયોજનમાં સંકલનના અભાવનું પરિણામ છે. ગાંધીનગરથી છૂટેલા આદેશથી ત્રણ જ દિવસમાં બે કોમ્બિંગ નાઈટનો એવો અણઘડ અમલ કરાયો કે સામાન્ય નાગરિકો જાણે ગુનેગાર હોય. અમદાવાદ શહેર પોલીસના ૭ ઝોન ઉપરાંત એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ અને ટ્રાફિક પોલીસની ટીમોએ સોમવાર સાંજે ૭ વાગ્યાથી મંગળવાર સવારે ૭ વાગ્યા દરમ્યાન ૧૨ કલાકની કાર્યવાહી કરી હતી.

અમદાવાદ આરટીઓ ખાતે દંડ ભરવા વારો આવે તે માટે ટોકન પદ્ધતિ અમલમાં મૂકવી પડી છે. પોલીસના મેમોમાં લાઈસન્સ, આરસી બુક, હેલ્મેટ ન હોવાનો ઉલ્લેખ હોય તેમાં આરટીઓ તંત્ર પીયુસી, વીમો સહિતના ફોલ્ટ કાઢે અને અગાઉની દંડની રકમ પણ વસૂલે છે. પોલીસ અને આરટીઓ વચ્ચે સંકલનના અભાવે આરટીઓમાં ભીડ જામે છે. આરટીઓમાં કામની મંથર ગતિથી અનેક લોકોને તેમનાં વાહન ૧૫ દિવસ પછી પાછાં મળશે. ■

# અમદાવાદમાં પોલીસની કોમ્બિંગ ડ્રાઈવઃ એક જ રાતમાં ૪૭૦ પીધેલા પકડાયા, ૧૭૦૦થી વધુ વાહનો ડીટેઈન કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે, રાજ્યમાં લૂંટ, ધાડ, ચોરી, હત્યા, મારામારી, દુષ્કર્મ, દારૂ અને ડ્રગ્સની તસ્કરી જેવા ગુનાઓ વધતાં પોલીસ પર સવાલો ઊઠી રહ્યા છે, ગુનેગારોને પોલીસનો કોઈ ડર જ રહ્યો નથી. આ ઉપરાંત ૩૧ ડિસેમ્બર નજીક આવી રહી હોવાથી દારૂની પણ રેલમછેલ થઈ રહી છે, આ દારૂની તસ્કરી રોકવા માટે અમદાવાદ પોલીસ હરકતમાં આવી હોય તેમ રાતે કોમ્બિંગ ડ્રાઈવ હાથ ધરી હતી. જેમાં ૪૭૦થી વધુ પીધેલાને પકડી પાડ્યા હતા. જેમને મેડિકલ માટે લઈ જવામાં આવતાં સોલા અને અસારવા સિવિલમાં પીધેલાઓની લાઈનો લાગી હતી.

અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે ઈન્ચાર્જ પોલીસ કમિશનરના આદેશથી ૨૫ નવેમ્બર રાતે ૧૧ કલાકથી ૨૬ નવેમ્બર સવારે ૫ વાગ્યા સુધી એટલે કે ૬ કલાક માટે કોમ્બિંગ નાઈટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ માટે સમગ્ર શહેરમાં ઠેક-ઠેકાણે પોલીસના જવાનો બ્રેથ એનેલાઈઝર સહિતનાં સાધનો લઈને ચેકિંગ કરી રહ્યા હતા.

આ ૬ કલાક દરમિયાન પોલીસના જવાનોએ કુલ ૨૧,૨૨૩ વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું. જ્યારે આ દરમિયાન ૪૭૦થી વધુ લોકો પીધેલા પકડાતાં તેમની સામે પ્રોહિબિશન ઍક્ટ અંતર્ગત ગુનો નોંધ્યો હતો. જ્યારે મોટર વ્હીકલ ઍક્ટ મુજબ ૧૫૨, જી.પી. ઍક્ટ અંતર્ગત ૧૯૯ સામે કેસ દાખલ કર્યો હતો. જ્યારે ૧૬૮૫ લોકોને મેમો પકડાવવામાં આવ્યો હતો. તેમ જ એક જ રાતમાં ૧૨,૮૨,૨૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. જ્યારે ૧૭૦૦થી વધુ વાહનો ડિટેઈન કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# રાજકોટમાં સરદારધામના ઉપપ્રમુખ પર હુમલો કરનાર પીઆઈ પાદરિયા ડીજીપીની સૂચનાથી સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મનપાના પૂર્વ કૉર્પોરેટર અને પાટીદાર સમાજના અગ્રણી જયંતીભાઈ સરધાર પર ગત ૨૫ નવેમ્બરની રાત્રે કણકોટ મવડી રોડ પર આવેલા શ્યામ પાર્ટી પ્લોટમાં એક લગ્નપ્રસંગ દરમિયાન જીવલેણ હુમલો થયો હતો. સરદારધામના ઉપપ્રમુખ જયંતી સરધારા પર પીઆઈ સંજય પાદરિયાએ હુમલો હતો. હુમલામાં ઘાયલ થયેલા જયંતી સરધારાને લોહીલુહાણ હાલતમાં હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં જૂનાગઢ એસઆરપીના પીઆઈ પાદરિયા સામે હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો. જેથી રાજ્ય પોલીસ વડાની સૂચનાથી તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

સરદારધામના ઉપપ્રમુખ જયંતી સરધારા પર પીઆઈ પાદરિયાએ હુમલો કરતાં સૌરાષ્ટ્રમાં ખળભળાટ મચી ગયો હતો. પીઆઈ પાદરિયાએ આક્ષેપ કર્યા હતા કે ઉપપ્રમુખ સમાજનો ગદ્દાર છે. આવું કહી પિસ્તોલના કૂંદા મારી હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના બાદ પીઆઈ સામે હત્યાના પ્રયાસ અંગે ગુનો નોંધાયો હતો.

રાજકોટના પૂર્વ કૉર્પોરેટર અને સરદારધામ સૌરાષ્ટ્રના ઉપપ્રમુખ કોઠારિયા રોડ ઉપર નવનીત હોલ સામે સાવ નામના મકાન શ્રીરામ પાર્ક ૧માં રહેતા જયંતીભાઈ કરસનભાઈ સરધારાએ રાજકોટ તાલુકા પોલીસમથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ખોડલધામના સમર્થક જૂનાગઢ ચૌકી સોરઠ ટ્રેનિંગ સેન્ટરના પીઆઈ સંજય પાદરિયાનું નામ આપ્યું હતું.જયંતીભાઈએ ફરિયાદમાં જણાવ્યા મુજબ પોતે સરદારધામ સૌરાષ્ટ્ર ઝોન ટ્રસ્ટના ઉપપ્રમુખ તરીકે સમાજના અગ્રણી છે.

એફઆઈઆર મુજબ સરદારધામ સૌરાષ્ટ્રના ઉપપ્રમુખ તેમના મિત્રના પુત્રનાં લગ્નમાં આવ્યા હતા. થોડી વારમાં પીઆઈ આવ્યા નામ પૂછ્યું અને ઉપપ્રમુખને કહ્યું હું જૂનાગઢ એસઆરપી રિજિયનમાં છું અને તું સમાજનો ગદ્દાર છે. તેને વધુમાં કહ્યું કે હું નરેશભાઈ પટેલની સક્રિય ટીમમાં છું અને તું સરદાર ધામમાં ઉપપ્રમુખ બનીને ગદ્દારી કરે છે જેથી હવે તને અહીંથી જીવતો જવા દેવો નથી. એવી ધમકી પણ આપી હતી. ત્યાર બાદ સમાજના અગ્રણીઓ વચ્ચે પડતાં સમગ્ર મામલાને થાળે પાડ્યો હતો. જોકે, જયંતીભાઈ સરધારા અને પી.આઈ. સંજય પાદરિયા વચ્ચેની લડાઈના કારણે ખોડલધામ વચ્ચે ચાલતા વિવાદમાં બળતામાં ઘી રેડાયું છે. આ કેસમાં પીઆઈ પાદરિયા સામે હત્યાના પ્રયાસ અંગે ગુનો નોંધાયા બાદ તેમને રાજ્ય પોલીસ વડાની સૂચનાથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા હતા. ■

# ગુજરાત સરકારે લુપ્ત થતી હસ્તકલાઓને જાળવી રાખવા નવી કુટીર અને ગ્રામોદ્યોગ નીતિની જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બુધવારે કુટીર ઉદ્યોગ વિભાગના પ્રધાન બલવંતસિંહ રાજપૂત અને રાજ્યકક્ષાના પ્રધાન જગદીશ પંચાલની ઉપસ્થિતિમાં નવી કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ ૨૦૨૪ની ગાંધીનગર ખાતેથી જાહેરાત કરવામાં આવી હતી. નવીન કુટીર નીતિ ૨૦૨૪નું વિઝન સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઉન્નત બજાર હિસ્સા સાથે રાજ્યમાં એક ગતિશીલ અને આત્મનિર્ભર કુટીર ઉદ્યોગ ક્ષેત્રનું નિર્માણ તેમ જ રાજ્યની લુપ્ત થતી હસ્તકલાઓને જાળવી રાખવાનું છે.

રાજ્યમાં સ્વરોજગારીની તકો વધારવા માટે અને નવા નાના ઉદ્યોગો અને વ્યવસાયોને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત મહત્તમ ધિરાણની રકમ રૂા. ૮ લાખ થી વધારીને રૂા. ૨૫ લાખ અને સબસિડીની રકમ રૂા. ૧,૨૫,૦૦૦ થી વધારીને રૂા. ૩,૭૫,૦૦૦ કરવામાં આવશે. આવનાર પાંચ વર્ષમાં ૩,૩૦,૦૦૦ જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી કરવામાં આવશે. દત્તોપંત કારીગર વ્યાજ સહાય યોજના અંતર્ગત શ્રી હાથશાળ અને હસ્તકળાના કારીગરો માટે કાર્યકારી મૂડી ધિરાણ સ્વરૂપે આપવા માટેની યોજના અંતર્ગત મહત્તમ ધિરાણ રકમ રૂા. ૧ લાખથી વધારીને રૂા. ૩ લાખ કરવામાં આવશે.

કુટીર અને ગ્રામોદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લાભાર્થીઓને સાધનસહાય દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો પૂરી પાડવામાં આવશે. આવનાર પાંચ વર્ષમાં ૧,૨૫,૦૦૦ થી વધુને લાભ આપવાનો લક્ષ્યાંક છે. દર વર્ષે કૌશલ્ય વિકાસની તાલીમ મારફતે નવા નાના ઉદ્યોગસાહસિકો તૈયાર કરી તેમની સંખ્યા વધારાશે. આવનાર પાંચ વર્ષમાં ૬૦,૦૦૦ થી વધુને લાભ આપવાનો લક્ષ્યાંક છે.

હાથસાળ, હસ્તકલા અને ખાદી ક્ષેત્ર સાથે સંકળાયેલ કારીગરો અને મંડળીઓ મળી કુલ ૪૫,૦૦૦ જેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવશે. એક જિલ્લો એક ઉત્પાદન યોજના અંતર્ગત જિલ્લાનાં વિશિષ્ટ ઉત્પાદનોને પ્રોત્સાહન આપી કુલ ૧૦,૦૦૦ જેટલા લાભાર્થીઓનો સમાવેશ કરવાનો લક્ષ્યાંક છે. અગ્રણી ઈ-કોમર્સ પ્લૅટફૉર્મ્સ પર ૭,૦૦૦ જેટલા કારીગરો અને ઉદ્યોગ સાહસિકોને સામેલ કરવા પ્રયત્ન કરશે. આવનાર પાંચ વર્ષમાં ૫૦૦૦ જેટલા કુટીર અને ગ્રામોદ્યોગના નાના ઉદ્યમીઓને વેચાણ પર વળતર સહાય આપીને તેમને સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી રહેવા સહાય પૂરી પાડવામાં આવશે.

પ્રોત્સાહનો અને ઇન્સેન્ટિવ સહાય દ્વારા હાથસાળ અને હસ્તકલાનાં ઉત્પાદનોની નિકાસમાં વધારો કરશે. આ માટે સરકાર આવનાર પાંચ વર્ષમાં ૨,૫૦૦ જેટલા કારીગરોને નિકાસ વધારવા માટે પ્રોત્સાહનો આપી પ્રયત્નો કરશે. બોર્ડ નિગમ અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા કારીગરો ખાદી, હાથસાળ અને હસ્તકલાના રૂા. ૪૬૦ કરોડની કિંમતનાં ઉત્પાદનોનું વેચાણ કરે છે. જેને આગામી ૫ વર્ષમાં તબક્કાવાર રૂા. ૧૫૦૦ કરોડ સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરશે.

કારીગરોને ઉત્પાદનોના બૌદ્ધિક સંપત્તિ અધિકારોનું રક્ષણ કરવા માટે જીઆઈ ટૅગ પ્રમાણપત્ર પ્રાપ્ત કરવામાં સુવિધા પૂરી પાડવામાં આવશે. જીઆઈ ટૅગ પ્રમાણપત્ર ધરાવતાં હાથસાળ અને હસ્તકલાનાં ઉત્પાદનોને વિશિષ્ટ ઉત્પાદનો તરીકે પ્રોત્સાહિત કરી વેચાણ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. કારીગરોને માર્કેટિંગ માટે પ્લૅટફૉર્મ પૂરું પાડવા માટે વધુ ને વધુ પ્રદર્શન અને મેળાઓનું આયોજન તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બાયર-સેલર મીટનું આયોજન કરશે. ટ્રેનર્સને દર વર્ષે રિફ્રેશર અને ઓરિએન્ટેશન તાલીમ આપવામાં આવશે જેથી તેઓ બજારનાં નવીન વલણો સાથે અપડેટ થાય. ■

# વેપારી સાથે ૨૮ લાખની છેતરપિંડીના કેસમાં પત્રકાર મહેશ લાંગાના આગોતરા જામીન મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધ હિન્દુના પત્રકાર મહેશ લાંગાના અમદાવાદના આગોતરા જામીન સિવિલ અને સેશન્સ કોર્ટે મંજૂર કર્યા છે. મહેશ લાંગા વિરુદ્ધ એક વેપારી સાથે ૨૮ લાખની છેતરપિંડી કરવાનો આરોપ છે. એડિશનલ સેશન્સ જજ એચ. જી. પંડ્યાએ મહેશ લાંગાની આગોતરા જામીન અરજી મંજૂર કરતાં કહ્યુ હતું કે, મહેશ લાંગા એક સ્થાનિક રહેવાસી છે જે સમાજમાં ઊંડાં મૂળ ધરાવે છે અને તેથી તેના ફરાર થવાની શક્યતા નથી. ટ્રાયલ કોર્ટે એ પણ નોંધ્યું હતું કે છેતરપિંડીનો કેસ દાખલ કરવામાં અસ્પષ્ટ વિલંબ થયો હતો.

મહેશ લાંગાના આગોતરા જામીન મંજૂરઃ ટ્રાયલ કોર્ટે કહ્યું હતું કે, ''ફરિયાદ દાખલ કરવામાં વિલંબ માટે પ્રથમ બાતમીદારે કોઈ કારણ આપ્યું નથી તે હકીકતને ધ્યાનમાં રાખીને, હું વર્તમાન અરજદારની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરીને આગોતરા જામીનને મંજૂરી આપુ છું.'' ટ્રાયલ કોર્ટે વધુમાં એ હકીકતને ધ્યાનમાં લીધી કે આ કેસમાં કથિત અપરાધ માટે મહત્તમ સાત વર્ષની જેલની સજા થઈ શકે છે. તદુપરાંત, ન્યાયાધીશે અવલોકન કર્યું હતું કે વિવાદ નાણાંની ચુકવણીને લગતો હોવાથી તે નાગરિક પ્રકૃતિનો હોવાનું જણાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પત્રકાર મહેશ લાંગા હાલમાં કથિત જીએસટી કૌભાંડના સંબંધમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. આ કેસમાં તેમની જામીન અરજી ગુજરાત હાઇકોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. હાલનો કેસ ખુશી એડવર્ટાઇઝિંગ આઇડિયાઝ પ્રાઇવેટ લિમિટેડના માલિક પ્રણય શાહની ફરિયાદના આધારે અમદાવાદ ડિટેક્શન ઑફ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા દાખલ કરાયેલ એફઆઈઆર સંબંધિત છે. ફરિયાદી પ્રણય શાહે દાવો કર્યો હતો કે, તે દોઢ વર્ષ પહેલાં બોડકદેવમાં એક કૉફી શોપમાં મહેશ લાંગાને મળ્યો હતો, જ્યારે લાંગાએ કથિત રીતે પોતાને પ્રભાવશાળી રાજકીય અને અમલદારશાહી કનેક્શન ધરાવતા પત્રકાર તરીકે રજૂ કર્યા હતા. મહેશ લાંગા પર વધુમાં આરોપ છે કે, તેણે અખબારોમાં પ્રણય શાહના ગ્રાહકો વિશે ''સકારાત્મક સમાચાર'' પ્રકાશિત કરવામાં મદદ કરવાનું વચન આપ્યું હતું અને દિલ્હીમાં મીડિયા કર્મચારીઓ સાથે બેઠકો ગોઠવી હતી. પ્રણય શાહે દાવો કર્યો હતો કે તેણે આ સેવાઓ માટે ૧૬ માર્ચ અને ૬ જૂન, ૨૦૨૪ના રોજ મહેશ લાંગાના ખાતામાં રૂા. ૨૮ લાખ ટ્રાન્સફર કર્યા હતા.

મહેશ લાંગાએ તેમની આગોતરા જામીન અરજીમાં છેતરપિંડીના આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે, પ્રણય શાહ દ્વારા તેમને ટ્રાન્સફર કરવામાં આવેલી કોઈ પણ રકમ સલાહકાર તરીકે આપવામાં આવતી સેવાઓ સામે ચૂકવવામાં આવી હતી. તેમની પાસે તેમના મોબાઇલ ફોન પર આ દાવાને સમર્થન આપવા માટે પુરાવા છે, પરંતુ તે બતાવવામાં અસમર્થ છે. કારણ કે જીએસટી ચોરીના કેસમાં તેમની ધરપકડ પછી પોલીસ દ્વારા તેને જપ્ત કરવામાં આવ્યો છે. મહેશ લાંગાએ ઉમેર્યું હતું કે, તે આ બાબતમાં તેની સદ્‌બુદ્ધિ (સારો ઈરાદો) બતાવવા માટે ટ્રાયલ કોર્ટમાં રૂા. ૨૮ લાખ જમા કરાવવા તૈયાર છે.

સામા પક્ષે લાંગાની ધરપકડ પૂર્વેની જામીન અરજીનો વિરોધ કરતાં એવી દલીલ કરી હતી કે, આ મામલે કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી છે. જોકે, કોર્ટે આખરે મહેશ લાંગાની આગોતરા જામીન અરજી એ શરતે મંજૂર કરી હતી કે તે ૧૫ હજારના જામીનના બોન્ડ જમા કરાવે અને અન્ય જામીનની શરતોની સાથે સમાન રકમની એક જામીનગીરી પણ આપે. મહેશ લાંગા તરફથી એડ્વૉકેટ એ. જે. યાજ્ઞિક હાજર રહ્યા હતા. જોકે, જીએસટી ચોરીના કેસમાં મહેશ લાંગા જેલમાં રહેશે. ■

# સોમનાથ બેઠકના ધારાસભ્ય વિમલ ચુડાસમાની છ માસ કેદની સજા સસ્પેન્ડ કરવા હાઈકોર્ટમાં અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાની સોમનાથ વિધાનસભા બેઠકના ધારાસભ્ય વિમલ ચૂડાસમાને કોર્ટે ૬ મહિનાની સજા ફટકારી હતી, આ સજા સસ્પેન્ડ કરવા માટે તેમણે હાઇકોર્ટમાં પિટિશન કરી હતી. અગાઉ નીચલી કોર્ટે ફરમાવેલી સજા સામે અપીલની કોર્ટમાંથી રાહત નહિ મળતાં હાઇકોર્ટમાં અરજી કરી હતી, જેની સુનાવણી જસ્ટિસ એમ. આર. મેંગડેએ હાથ ધરી હતી. વિમલ ચૂડાસમાની સજા જો રદ નહિ થાય તો તેઓ નગરપાલિકાની આગામી ચૂંટણી લડી શકે તેમ નથી. આથી તાત્કાલિક સજા મોકૂફ રાખવા રજૂઆત કરાઈ હતી. રાહુલ ગાંધી, હાર્દિક પટેલ અને નવજ્યોત સિંધુના કેસમાં આપવામાં આવેલા ચુકાદા ટાંકવામાં આવ્યા હતા. ગીર સોમનાથની માળિયા-હાટીના કોર્ટે કૉંગ્રેસી ધારાસભ્યને વર્ષ ૨૦૧૦ના કેસ મામલે સજા ફટકારી હતી. આ કેસમાં અન્ય બે વ્યક્તિઓ હતી તેમને પણ સજા ફટકારવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૦માં મીત વૈદ્ય અને હરીશ ચૂડાસમા નામના ફરિયાદી પર હુમલો કરવામાં આવ્યો હતો. જે મામલાનો કેસ માળિયા હાટીના કેસમાં ચાલી રહ્યો હતો અને તેમાં ધારાસભ્ય વિમલ ચૂડાસમા સહિત ૩ આરોપીઓ સામેલ હતા. આ મામલાની સુનવણી કરતા માળિયા હાટીના કોર્ટ દ્વારા તમામ આરોપીઓને ૬ માસની કેદની સજા ફટકારવાનો હુકમ કર્યો હતો.

૨૦૧૦માં હોલીડે કેમ્પ ખાતે કોઈ મામલે મીત વૈદ્ય અને હરીશ ચૂડાસમા પર વિમલ ચૂડાસમાએ હુમલો કર્યો હતો. ત્યારે આ મામલે કેસ માળિયા કોર્ટમાં ચાલી રહ્યો હતો. જેની આજે કોર્ટે સુનાવણી હાથ ધરતાં વિમલ ચૂડાસમાને દોષિત જાહેર કર્યા હતા. જેમાં કોર્ટે વિમલ ચૂડાસમા સહિત ૩ મળતિયાઓને ૬ માસની સજા ફટકારી હતી. ■

# લોથલમાં માટીનાં સેમ્પલ લેતી વખતે ભેખડ ધસી પડતાં બે વિદ્યાર્થિની દટાઈઃ એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ જિલ્લામાં સ્થિત લોથલ ખાતે સંશોધન માટે ઊંડા ખાડામાં માટીના સેમ્પલ લેવા માટે બે વિદ્યાર્થિની ઊતરી હતી. આ દરમિયાન ભેખડ ધસી પડતાં બંને વિદ્યાર્થિની દટાઈ હતી. જ્યાં એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્યની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ જિલ્લાના લોથલમાં ગાંધીનગર અને દિલ્હીના ચારથી વધુ અધિકારીઓ સરકારી ગાડી લઈ લોથલ પહોંચ્યા હતા. તેમણે જેસીબીથી એક ૧૫ ફૂટનો ખાડો ખોદાવ્યો હતો. બે મહિલા માટીનાં સેમ્પલ લેવાં આ ખાડામાં ઊતરી હતી. ત્યારે અચાનક માટીની ભેખડ ધસી પડતાં બંને વિદ્યાર્થિની દટાઈ ગઈ હતી. જેમાં એક મહિલાનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે દટાઈ ગયેલાં અન્ય એક મહિલાને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી.

ધોળકા અને અમદાવાદ ફાયરબ્રિગેડનાં ચાર વાહનો અને ૧૫ જવાનો ઘટનાસ્થળે પહોંચ્યાં હતાં અને રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી. મહિલા અધિકારીનું રેસ્ક્યૂ કરીને તેમને સારવાર માટે બગોદરાની સિવિલ હૉસ્પિટલમાં ખસેડ્યાં હતાં. આ દુર્ઘટનામાં સુરભી વર્મા નામના મહિલાનું મોત નીપજ્યું હતું જ્યારે ૪૫ વર્ષીય યામા દીક્ષિતને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. લોથલ ખાતે વિશ્વના સૌથી ઊંચા લાઈટ હાઉસ અને મેરિટાઈમ મ્યુઝિયમનો પ્રોજેક્ટ નિર્માણ પામી રહ્યો છે. જે સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને જ નહિ પરંતુ દેશના મજબૂત દરિયાઈ ઇતિહાસ અને જીવંત દરિયાકાંઠાની પરંપરાને પણ પ્રદર્શિત કરશે. ■

# રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં આધારકાર્ડનું કામ ઠપઃ અરજદારો ત્રાહિમામ્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકાર દ્વારા આધાર કાર્ડ અંગે નિયમો કડક બનાવાઈ રહ્યા છે, જેના પગલે ગુજરાતમાં આધાર કેન્દ્રો પર લાઈનો લાગી રહી છે, જોકે લોગીન બાદ ઓપરેટરોને ઓટીપી મળવાનું બંધ થઈ જતાં આધાર કાર્ડને લગતી તમામ કામગીરી ફરી ઠપ્પ થવાથી દેકારો બોલી ગયો હતો. જન્મ નોંધણી, મરણ નોંધણી અને આધારકાર્ડનું કામકાજ સંપૂર્ણ ઠપ્પ થઈ જતાં સેંકડો અરજદારોમાં રોષ જોવા મળ્યો હતો.

છેલ્લા ત્રણેક દિવસથી આ બન્ને શાખાઓમાં લોકો હેરાનપરેશાન થઇ રહ્યા છે, આ દરમિયાન બુધવારે તો કામકાજ સંપૂર્ણ બંધ થઈ જતાં અરજદારો કફોડી હાલતમાં મુકાઇ ગયા હતા. આધાર કેન્દ્રોમાં બુધવારે સમગ્ર ગુજરાતમાં ઓપરેટરોને ઓટીપી ન મળતાં સમગ્ર ગુજરાતમાં આધાર કાર્ડ અંગેની તમામ પ્રકારની કામગીરી ખોરવાઈ ગઈ હતી.

રાજ્યમાં જન્મ-મરણની નોંધ કરાવવા અને જન્મ-મરણ અંગે સુધારા-વધારા કરાવવા આવેલા નાગરિકોને સમગ્ર ગુજરાતમાં કામગીરી ખોરવાતાં હાલાકી ભોગવી પડી હતી એ જ પ્રકારે આધાર કાર્ડમાં પણ સમગ્ર ગુજરાતમાં તંત્રના વાંકે લોકોને હાલ ક્યારે કામગીરી શરૂ થશે એ કોઈ ઉચ્ચ અધિકારીઓ પાસે જવાબ ન હોવાથી લગ્ન ગાળાની સિઝન અને લોકોને કામ-ધંધા છોડીને કલાકો સુધી હાલ લાઈનમાં ઊભું રહેવું પડ્યું હતું.

આ દરમ્યાન કૉંગ્રેસ દ્વારા પૂરા રાજ્યમાં ઊભી થયેલી આ હાલત અંગે રાજકોટ મનપા તથા સરકારનું પણ ધ્યાન દોર્યું હતું. આધાર કાર્ડના નવા નિયમોના કારણે પ્રક્રિયા કોઠા વીંધવા જેવી બની ગઈ છે. આથી જો મતદાર કાર્ડમાં ડોર ટુ ડોર કામગીરી થતી હોય તો આધાર કાર્ડમાં પણ આ રીતે કામ શરૂ કરવા રાજકોટ કૉંગ્રેસ અતુલ રાજાણીએ માંગણી કરી હતી.

રાજકોટ શહેર કૉંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટ જિલ્લા કલેકટર અને રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરને આધાર કાર્ડમાં લોકોને થતી હાલાકી નિવારવા લેખિત રજૂઆત કરાઈ છે છતાં વોર્ડ ઑફિસે કે અન્ય આધાર કેન્દ્રો વધુ શરૂ કરવામાં આવ્યાં નથી. ■

## ગુજરાતમાં એનસીપીમાં બે ફાંટા પડ્યા

# અજિત પવારના જૂથે નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહારાષ્ટ્ર બાદ હવે ગુજરાતમાં પણ એનસીપીમાં બે ફાંટા પડી ગયા છે. રાજ્યમાં અત્યાર સુધી શરદ પવારનું જૂથ સક્રિય હતું, પરંતુ હવે અજિત પવારનું જૂથ અલગ થતાં ગુજરાતમાં પણ નવા સંગઠનની રચના કરવામાં આવી છે. અજિત પવારના જૂથ તરીકે ગુજરાતમાં નિકુલસિંહ તોમરની પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે જાહેરાત કરવામાં હતી. બીજી તરફ જયંત બોસ્કી દ્વારા હજુ સુધી શરદ પવાર જૂથ અંગે કોઈ સત્તાવાર માહિતી અપાઈ નથી.

ગુજરાતમાં અત્યાર સુધી શરદ પવાર જૂથની એનસીપી પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે જયંત બોસ્કી હતા. હવે બોસ્કીનું જૂથ શરદ પવારના જૂથ તરીકે ઓળખાશે તેમ જ અજિત પવારના જૂથમાં નિકુલસિંહ તોમર ગુજરાતનું સુકાન સંભાળશે. તેમની સાથે આ જૂથમાં ઉપપ્રમુખ, મહામંત્રી અને શહેર પ્રમુખોની પણ નિમણૂક કરવામાં આવી છે. ■

# પુરુષ

# આ પંત શીખવે છે કે ખંતનો કોઈ વિકલ્પ નથી !

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણીઓમાં મહાયૂતિના મહાવિજય વચ્ચે પણ કોઈ એક સમાચારે બધાનું વિશેષ ધ્યાન દોર્યું હોય તો એ છે ક્રિકેટ ખેલાડી રિષભ પંત. હમણાં જ થયેલી ખેલાડીઓની હરાજીમાં આ રિષભ IPLના ઇતિહાસમાં સૌથી મોંઘા ક્રિકેટર તરીકે ૨૭ કરોડમાં વેચાયો.

૨૭ કરોડમાં વેચાયેલો આ જ એ આદમી છે, જેનો ૨૩ મહિના પહેલાં ગંભીર અકસ્માત થયો હતો... અકસ્માત એટલે કેવો કે એના પગની ગંભીર ઈજાઓ બાદ ડૉક્ટર્સ અને ક્રિકેટ નિષ્ણાતોએ ભાખ્યું હતું કે આ ખેલાડી ફરી પાછો ક્યારેય ઈન્ટરનેશનલ ક્રિકેટ નહીં રમી શકે અને જો એ રમવા ચાહે તો પણ એની ઈજાઓ એટલી ગંભીર છે કે પંત આવનારા દોઢ-બે વર્ષ સુધી તો ઊભો સુદ્ધાં નહીં થઈ શકે!

-પરંતુ બધા સર્જનો -તબીબી અને ખાંટી ક્રિકેટ નિષ્ણાતો બધાને સાગમટે ખોટા ઠરાવીને એ બંદો - પંત ઈજાના પંદર જ મહિના પછી મેદાન પર હતો... ! એ પછી તો એ ઈન્ટરનેશનલ મેચો પણ રમ્યો-નવાં વિક્રમો રચ્યા અને હવે એ IPLનો અત્યાર સુધીનો સૌથી મોંઘો ખેલાડી પણ બની ગયો છે.

ભલે IPમાં પૈસાની છોળો ઉડતી હોય કે એના જેવી રમત દેશના યુવાનોને જુગાર અને સટ્ટાને રવાડે ચઢાવે, પરંતુ સાથોસાથ IPL એ કાબેલિયતનો મહાકુંભ પણ છે. એવી લીગમાં પોતાનું આવું સ્થાન બનાવવું-જમાવવું અને અવ્વલે પહોંચવું એ કંઈ પંત માટે આસાન તો નહોતું જ.... ખાસ તો ત્યારે એ પોતે પથારીવશ હતો એ વખતે એક એક નાનકડું ડગલું માંડવા માટે પણ કેવાં સાંસાં પડતા હશે એ કલ્પના માત્ર ધ્રુજાવી દે એવી છે અને ત્યારે અખબારોમાં કે ટેલિવિઝન પર કે સોશિયલ મીડિયામાં પોતે ફરી કદી બેઠો થઈ શકશે કે નહીં એના સમાચાર એ ખુદા જોતો હશે ત્યારે !

હાથમાં કશું જ નથી હોતું કે પછી બધુ પડી ભાંગ્યું હોય ત્યારનો સંઘર્ષનો સમય, કોઈ પણ માણસ માટે અત્યંત કપરો હોય છે. આ સમયમાં ઘડિયાળ પણ ધીમું ચાલતું હોય છે ને ચોમેરથી નકારાત્મક વાતો, નકારાત્મક વિચારો અને ક્યારેક તો નજીકના લોકોના નકારાત્મક પ્રતિભાવો પણ માણસને તોડી નાંખતા છે. ખાસ તો એની અંદર એવો ડર પેસી જતો હોય છે કે એ હવે ક્યારેય ઊભો નહીં થઈ શકે ! હવે બધું પૂરું...પૂર્ણવિરામ .. હવે કોઈ જ નવી શરૂઆત -નવો પ્રારંભ નહીં થઈ શકે !

જોકે, રિષભ પંતે કંઈક જુદી માટીનો માણસ હતો. પોતાના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરી આપ્યું છે કે જ્યારે મનમાં હવે 'આપણી વાર્તા પૂરી'ની વાત દૃઢ થાય એવા સંજોગો રચાય પછી પણ ફરી ઊભા થઈ શકાય છે.



રિષભ પંત હૉસ્પિટલમાં...

અને ઊભા એટલે કેવા ઊભા? ક્રિકેટના મેદાન પર શ્રેષ્ઠ પરફોર્મન્સ એવું આપવાનું કે તમારી કિંમત- બોલી સૌથી ઊંચી બોલાય !

પંત અહીં આપણા જેવા કરોડો લોકોને પ્રેરણા આપે છે કે સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. તમે મચેલા જ રહેશો, સતત તમારા લક્ષ્ય તરફ આગળ વધતા જ રહેશો અને તમારી ગેમમાં સાતત્યપૂર્ણ દેખાવ કરતા રહેશો તો તમારો પગ ૧૮૦ ડિગ્રીએ વળી પણ ગયો હશે તો ય તમે મેદાન પર તમારી ધાક જમાવીને અક્કડ -ટટ્ટાર ખડા રહી શકો !


આપણી સ્થિતિ તો કંઈ પંત જેવી નહીં હોય એક પથારીવશ થઈ જવું પડ્યું હોય. આપણે તો ઘણી સારી સ્થિતિમાં હોઈશું. છતાં ય આપણે અનેક વખતે, અનેક પડકારો વખતે કે અનેક વળાંકો વખતે એવું વિચારતા હોઈશું કે હવે આપણી વાત પૂરી.

હવે આપણાથી આગળ નહીં વધી શકાય, હવે આપણું કોઈ નથી. જોકે જેનું કોઈ નથી હોતું એનો ય ભગવાન તો હોય જ છે અને એથીય આગળ જો તમામ પરિબળ પોતાનાથી વિપરીત હોય ત્યારે જો આપણે આપણી મહેનત અને આપણી જાતમાં શ્રદ્ધા રાખીશું તો પણ આપણે એક દિવસ આપણે માટે ઇતિહાસ રચી શકીશું.

લાચારી આવી પડવી અને લાચારીમાં જીવવું એ બંને જુદી સ્થિતિ છે. કેટલાય લોકોને તો ઊભી કરેલી લાચારીમાં વિક્ટિમ બનીને જીવવાની ટેવ હોય છે-પડી જાય છે..તો કેટલાક એવા પણ હોય, જે ભલભલી લાચારીને પોતાની ગજબની તાકાત બનાવીને પોતાની જિંદગીનો પ્રવાહ પલટાવી નાખે છે ! ■



મેદાનમાં...



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા feedback@bombaysamachar.com

# પત્ની પરના જોક્સ બંધ થવા જોઈએ...

ડિયર હની,

પત્ની : બોલતાં બોલતાં આપણા લગ્નનાં ત્રીસ વર્ષ પૂરાં થઈ ગયાં નઈ...!
પતિ :- બોલતાં બોલતાં તારે થયાં છે... મારે તો સાંભળતાં સાંભળતાં થયાં છે...!
પત્નીઃ તમે ૨ કલાકથી આપણું મેરેજ સર્ટિફિકેટ કેમ વાચી રહ્યા છો?
પતિઃ હું તેમાં એક્સપાઇરી ડેટ શોધી રહ્યો છુ...
પત્નીઃ તમને ખબર છે સ્વર્ગમાં પતિ અને પત્નીને સાથે નથી રહેવા દેતા..?
પતિ : એટલે જ તો એ સ્વર્ગ કહેવાય છે !

---

તમને થતું હશે કે, આ વળી શું માંડ્યું છે. આજે હું હળવા મૂડમાં છું કે શું? -પણ ના, મારે વાત આજે જુદી જ કરવી છે. તમે કોઈ પણ હાસ્ય કલાકારના કાર્યક્રમમાં જાવ કે પછી એના કાર્યક્રમ સાંભળો તો એમાં સૌથી વધુ જોક્સ પત્ની પર હોય છે. આપણે એકવાર આ મુદ્દે વાત થઇ હતી અને તે જરા ગુસ્સા સાથે કહ્યું હતું કે, આ બધાને પત્ની સિવાય કોઈ જડતું નથી. બધા પત્નીને ઉતારી કેમ પાડે છે? તારી વાત સાથે હું ત્યારે ય સહમત થયેલો અને આજે ય સહમત છું.

ખબર નહિ, મોટાભાગના હાસ્ય કલાકારો પત્ની પર જ કેમ જોક્સ કહેતા હોય છે. કેટલાક પોતાની પત્નીને કેન્દ્રમાં રાખી જોક્સ કરે છે તો કેટલાક બધાની પત્નીને ધ્યાનમાં લઇને જોક્સ કરે છે.

આવું કેમ થતું હશે? એનાં શું કારણો હશે? પાછું જે જોક્સ કહેવામાં આવે છે અથવા તો અહીં ઉપરોક્ત લખેલાં કેટલાક જોક છે એને વાસ્તવિક જિંદગી સાથે કોઈ મેળ નથી અને પાછું પત્નીને જે રીતે આવા જોક્સમાં ઉતારી પાડવામાં આવે છે એવા જોક્સ પતિ માટે થતા નથી.

કદાચ આપણો સમાજ આજે ય પુરુષ પ્રધાન સમાજ છે. એનું પ્રતિબિંબ આ જોક્સમાં પણ પડે છે. દીકરી કે વહુ કે સ્ત્રી માટે સમાજમાં જે નિયમો છે એવા જ નિયમો દીકરા કે પુરુષ માટે નથી. એ જ વાત જોક્સમાં પણ લાગુ પડતી લાગે છે.

બીજું, તમે પણ જોયું હશે કે, પત્નીના જોક્સ થતા હોય તો એ સાંભળી મોટાભાગે પત્નીઓ અને મહિલાઓ પણ હસતી હોય છે. અને ખુલ્લા દિલે હસતી હોય છે. આ જોઈને સવાલ એ થાય છે કે, શું પતિઓ પર પત્નીના થાય છે એવા જોક્સ થાય તો પતિઓ પત્ની જેમ શું ખૂલ્લા દિલે હસી શકે ખરા? એનો જવાબ 'ના'માં જ આવે.

આ વિશે હું ઈન્ટરનેટ પર સર્ચ કરતો હતો તો એક જવાબ બહુ મજાનો મળ્યો. હિન્દીમાં છે ...

पति पत्नी पर बनने वाले चुटकुले सामान्य जीवन में से बिलकुल भिन्न होते है, हास्य का पुट लाने के लिए अतिरेक कल्पनाशीलता का प्रयोग होता है। मैं कई चुटकुलों को पढ कर सोच में पड जाता हू, ऐसा कब और किन लोगों के साथ होता है? आजकल हर चुटकुले के अंत मैं यह लिखा होता है, पति अभी अस्पताल मैं है या पति दस दिन से लापता है। ऐसा होता है क्यां? इसलिए चुटकुले जिसने बनाए उसकी कल्पना के अतिरिक्त कुछ भी नहीं है...

બીજું, પતિઓ એમના વિષે કોઈ મજાક પત્ની કે બીજા કોઈ કરે તો એ સહન કરી શકતા નથી. પત્ની સહન કરી લે છે. એનું એક કારણ એ પણ હોય શકે કે, એનો ઉછેર જ એવો હોય છે. એને માવતર કે સાસરિયામાં એક જ સલાહ અપાય છે કે, 'સામું ના બોલવું... સહન કરી લેવું.' અને કદાચ આ જ કારણે પુરુષ કરતાં સ્ત્રી વધુ સહનશીલ હોય છે. તમે જોજો કે કોઈ પણ પુસ્તક કે પછી ફિલ્મ કે પછી શાસ્ત્રમાં સ્ત્રીને મોટાભાગે સહનશીલ જ બતાવવામાં-દર્શાવામાં આવે છે.

અલબત,ઘણા હાસ્યકારો એવા છે કે, જે શુદ્ધ હાસ્ય પીરસે છે, જેમ કે શાહબુદીન રાઠોડ. એમનું હાસ્ય કોઈને નીચા દેખાડવાનું કામ કરતું નથી, છતાં એ આજે ય એટલા જ લોકપ્રિય છે. જોકે, મને લાગે છે કે, મોટાભાગના હાસ્યકારો એમ માને છે કે, પત્નીના જોક્સ કહીએ તો જલદી લોકપ્રિયતા મળે છે. લોકો ખડખડાટ હસે છે પત્નીના જોક્સ સાંભળી. આવા કલાકારો પાસે ભાથામાં તીર બહુ ઓછા હોય છે. એ ટૂંકી મૂડીએ વેપાર કરતા હોય છે. આમ તો જોક્સ વિશે ક્યાં ઓછા વિષયો છે? બીજા હાસ્ય કલાકાર એ રીતે લોકોને પેટ પકડાવી હસાવે જ છે. એમાંથી પ્રેરણા લેવી જોઈએ.

સાચું કહું તો પત્ની વિષે કેટલાક જોક્સ સારા ય હોય છે અને એ વાસ્તવિકતા સાથે મેળ ખાય છે અને એ સાંભળીને હસવું ય આવે છે. ત્યાં સુધી વાત ઠીક છે. બાકી પત્ની પરના આડધડ ફેંકાતા હાસ્ય કરતાં હાસ્યાસ્પદ જોક્સ અટકે તો સારું.

તારો બન્ની

## સંધ્યા છાયા

# મમતા આંધળી બને ત્યારે....

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

વૃદ્ધાવસ્થામાં ઘણીવાર ઓશિયાળા થઈ જવાય છે. ઘણીવાર વયસ્કો ઓશિયાળાપણું હાથે કરીને નોતરતા હોય છે. ધૃતરાષ્ટ્રની માફક સંતાનો પ્રત્યે આંધળી મમતા ક્યારેક માતા-પિતાને મુશ્કેલીમાં મૂકી દે છે. કેટલાંયે વૃદ્ધોની કહાની છે કે પોતાની મરણમૂડી સંતાનોને આપી દે અને પછી ખાલી થઈ ગયેલાં માતા-પિતાને સંતાન ધક્કો મારીને બહાર કાઢી મૂકે છે. આવાં કિસ્સા અવારનવાર બનતા રહે છે, છતાંયે સંતાનની મોહમાયામાં આંધળા બનેલાં મા-બાપ ભૂલ કરી જ બેસે છે.

થોડા સમય પહેલાં એક વૃદ્ધાશ્રમમાં મારી મુલાકાત શરદભાઈ અને ઈન્દુબહેન સાથે થઈ. સરસ મજાનું યુગલ.સુરેશ દલાલની કવિતાની માફક એક ડોસી હજી ડોસાને વ્હાલ કરે છે, કમાલ કરે છે. 'એક દૂજે કે લિયે.' જેવાં આ દંપતીને મળીને પૂછ્યું,

'શરદભાઈ, તમારે કેટલાં સંતાન?'

'બહેન, એક દીકરો જ છે.'

'પરદેશ સ્થાયી થયો છે?' મેં પૂછ્યું.

'ના, રે ના મુંબઈમાં જ છે.' આ વખતે ઈન્દુબહેને જવાબ આપ્યો.

'તો પછી અહીં આવવાનું કેમ થયું?' મને થોડી નવાઈ લાગી.

'એ લાંબી વાત છે. સાંભળશો?' શરદભાઈએ પૂછ્યું.

'આપ કહો તો હું સાંભળવા તૈયાર છું.'

'બહેન, સંદીપ મારો એકનો એકનો એક પુત્ર. અમે ગુજરાતના એક નાનકડા ગામમાં રહીએ. ત્યાં અમારે ખેતીવાડી હતી. હું શિક્ષકની નોકરી કરતો હતો. અમારો સરસ સંસાર હતો. સંદીપ એસ.એસ. સી. સુધી ગામની શાળામાં જ ભણ્યો. પછી આગળ અભ્યાસ માટે મુંબઈ ગયો. હોશિયાર હતો ભણવામાં. એના અભ્યાસનો તેમજ હોસ્ટેલમાં રહેવાનો ખર્ચ મને ભારે પડતો હતો એટલે મેં મારું ખેતર વેચી નાખ્યું. મારા પગારમાંથી અમારો બન્નેનો ખર્ચ ચાલતો હતો અને ખેતરના પૈસામાંથી સંદીપનો ખર્ચ નીકળતો હતો. સંદીપ એન્જિનિયર થઈ ગયો. એને સારી નોકરી મળી ગઈ. અમે રાજી થયા. અમે કરેલી મહેનત ઊગી નીકળી એનો આનંદ થયો. સંદીપનો પગાર પણ સારો હતો. એટલે એણે લોન લઈને મુંબઈના પરાં બોરીવલીમાં એક બેડરૂમ, હોલ, કિચનનું ઘર ખરીદી લીધું. અમે રાજી થયાં. થોડો વખત અમે બન્ને મુંબઈ ગયાં. નવા ઘરમાં રહ્યાં. એની માએ એનું ઘર સરસ સેટ કરી આપ્યું. બાજુના મકાનમાં રહેતાં એક બહેન ટિફિનનો વ્યવસાય કરતાં હતાં. એમનું ટિફિન બંધાવી આપ્યું. મારી નોકરી ચાલુ હોવાથી વધારે વખત રહી શકાય તેમ ન હતું અને ઈન્દુ મને એકલો મૂકવા માગતી નહોતી. તેથી સંદીપનું બધું એડજસ્ટ કરીને અમે બન્ને ગામમાં આવી ગયાં. સંદીપને જ્યારે રજા મળે ત્યારે અમને મળવા આવી જતો. કોઈ વાર મને રજા હોય, વેકેશન હોય ત્યારે અમે પણ જઈ આવતાં. સંદીપની મા એને ભાવતા ભોજન બનાવીને જમાડતી. એને ભાવતા નાસ્તા બનાવીને ડબ્બા ભરી દેતી....

એકવાર સંદીપ આવ્યો. સંદીપની સારી નોકરી અને ઘર પણ લઈ લીધું હોવાને કારણે લગ્ન માટે કન્યાઓનાં મા-બાપ અમને પૃચ્છા કરતા રહેતાં હતાં. તેથી જ્યારે સંદીપ આવ્યો ત્યારે અમે આ વિશે સંદીપ સાથે વાત કરી ત્યારે સંદીપે કહ્યું, 'બા-બાપુજી, મારી જ કંપનીમાં કામ કરતી સ્મિતા મને ગમે છે. એ પણ મને પસંદ કરે છે. અમે બન્નેએ લગ્ન કરવાનું નક્કી કર્યું છે એટલે તમે હવે બીજા કોઈ સાથે વાત નહીં કરતાં.' સંદીપને સ્મિતા ગમતી હોય તો અમને પણ કાંઈ વાંધો ન હતો. તેથી મેં કહ્યું, 'બન્ને એકબીજાને પસંદ કરો છો તો પછી કરો કંકુના. હવે રાહ શેની જુઓ છો?'

'આવતા અઠવાડિયે તમે બન્ને આવીને સ્મિતાના પરિવારને મળી લો પછી સારું મુહૂર્ત જોઈને પરણી જઈએ.'

સંદીપે કહ્યું હતું અને બન્ને પરિવાર મળ્યા. જ્યારે મિયાં બીબી જ રાજી હતાં ત્યારે કાજીએ કશું કરવાનું જ ન હતું. એમનાં લગ્ન કરાવી આપવા સિવાય, રંગેચંગે લગ્ન ઉકેલ્યા. થોડા દિવસ પુત્રવધૂને ઘરની રીત-ભાત અને સંદીપને ભાવતી રસોઈ શીખવાડીને અમે લોકો ગામ આવી ગયા. ગામમાં અમારો સંસાર હતો અને મુંબઈમાં દીકરાનો સંસાર. દોઢેક વર્ષ પછી ખુશીના સમાચાર આવ્યા. પુત્રવધૂ ગર્ભવતી છે. દાદા-દાદી થવાનો આનંદ અપાર હતો. સ્મિતા એના પિયર પ્રસૂતિ માટે ગઈ હતી. પુત્ર જન્મ્યો. અમે પૌત્રને થોડો વખત રમાડીને પાછા ગામમાં આવી ગયાં .

એકવાર સંદીપ, સ્મિતા અને અમારો પૈત્ર ગામમાં આવ્યા. અમારી ખુશીનો તો પાર ન રહ્યો. ત્રણ દિવસ રોકાવાના હતા એટલે ઈન્દુ એમને માટે અવનવી વાનગીઓ બનાવતી અને એમને જમાડતી. બીજે દિવસે રાત્રે જમીને બધાં બેઠા હતાં. ત્યારે સંદીપે વાત કાઢી : બા-બાપુજી, એક વાત કરવી છે. હવે ઘર નાનું પડે છે. મોટું ઘર લેવાના પૈસા નથી. જો અહીંનું ઘર વેચી નાખીએ તો એ પૈસા નાખીને આપણે મોટું ઘર લઈ શકીએ. આમ પણ તમારા બન્નેની ઉંમર થઈ છે. ક્યાં સુધી એકલા રહેશો? અમારી સાથે જ રહેતા હો તો સાજે માંદે ચિંતા ન રહે....

હું થોડો અવઢવમાં હતો, પણ પુત્રપ્રેમમાં અંધ ઈન્દુને પુત્ર અને પૌત્ર સાથે રહેવાનો બહુ મોહ હતો. ઈન્દુના આગ્રહને વશ થઈને અમે સંદીપની ઇચ્છા પ્રમાણે કર્યું. મુંબઈના મોટા ઘરમાં એની સાથે રહેવા ગયાં. થોડો સમય તો બધું ઠીક ચાલ્યું, પણ ઘરના કામનો બધો બોજ સ્મિતા ધીરે ધીરે ઈન્દુ પર નાખતી ગઈ. મને પણ શાકભાજી લાવવા, પૌત્રને સ્કૂલમાં લેવા મૂકવા જેવા કામ ચીંધવા લાગી, પણ અમે બન્નેએ મન મનાવ્યું કે નવરા બેસવા કરતાં થોડા હાથપગ ચલાવીએ તો સારું, પણ ધીરેધીરે અમારાં ખાવા-પીવા પર પણ સ્મિતાની નજર રહેવા લાગી. એને અમને ઘરમાં કાંઈ સારી વસ્તુ આવી હોય તો આપવી ગમતી નહીં. આ અમને ન ગમ્યું, પણ હું કાંઈ બોલ્યો નહીં.

એક દિવસ ઘરમાં પાર્ટી હતી, સ્મિતાનો જન્મદિવસ હતો. સંદીપે એને સરસ મજાનું ડાયમન્ડનું બ્રેસ્લેટ ભેટ આપ્યું હતું. અમે પણ અમારી હેસિયત મુજબ એક નાનકડું પેન્ડન્ટ લઈ આવ્યા હતાં સ્મિતાને ભેટ આપવા માટે. કેક કટિંગ પછી સંદીપે બ્રેસ્લેટ સ્મિતાને ભેટ આપ્યું. બ્રેસ્લેટનું એ બોક્સ સ્મિતાએ ત્યાં જ રાખી દીધું હતું. થોડીવાર પછી એને યાદ આવ્યું ત્યારે તે ટેબલ પર બોક્સ લેવા ગઈ તો બોક્સ ત્યાં નહતું. બધાં ગભરાઈ ગયા, ગોતાગોત થઈ ગઈ, પણ બોક્સ મળ્યું જ નહીં. સ્મિતા આંખો કાઢીને ઈન્દુ સામે જોવા લાગી અને બોલી :

'ક્યાં છે મારું બ્રેસ્લેટનું બોક્સ?'

'મને શું ખબર મને ખબર હોત તો તને આપી દીધું ન હોત?' ઈન્દુએ જવાબમાં કહ્યું .

'તમારું ધ્યાન ક્યારનું મારા બ્રેસ્લેટ પર જ હતું.'

'હું તો રાજી થઈને તારું બ્રેસ્લેટ જોતી હતી. સંદીપે સરસ ભેટ આપી એની મને ખુશી હતી.' ઈન્દુએ કહ્યું.


જોકે, સ્મિતા માની નહીં અને મહેમાનોની સામે ઈન્દુને ચોર ઠેરવી દીધી. આટલા દિવસથી સ્મિતાની જોહુકમી હું જોતો હતો, પણ કાંઈ બોલતો ન હતો. તે દિવસે મારું મગજ છટક્યું. મેં જોરથી ત્રાડ પાડી :

'સ્મિતા, તું એક શબ્દ હવે બોલતી નહીં. તું કોને ચોર કહે છે, તને કાંઈ ભાન છે? અમે કાંઈ ભીખારી છીએ? હજુ આવા દસ બ્રેસ્લેટ મારી પત્નીને અપાવી દેવાની ત્રેવડ હું રાખુ છું.'

અને પછી ઈન્દુને કહ્યું, 'ચાલ, આપણો સામાન બાંધ હું અહીં હવે એક મિનિટ પણ રહેવા માગતો નથી.' અમે સામાન લઈને મારા એક મિત્રને ત્યાં ગયા બધી વાત કરી. પછી એની મદદથી ગુજરાતના આ વૃદ્ધાશ્રમમાં રહેવા આવી ગયાં ..... હજુ મારું પેન્શન આવે છે અને બચાવેલી રકમની એફ.ડી. સલામત રાખી હતી તેથી ખર્ચનો વાંધો આવતો નથી. આવી છે અમારી કહાણી.'

શરદભાઈએ વાત પૂરી કરી ત્યારે ઈન્દુબહેનની આંખોમાં આંસુ તગતગી રહ્યાં હતાં. ■

# તૃપ્ત અતૃપ્ત



પ્રકરણ ૮

■ એચ. એન. ગોલીબાર

'તું માવજીકાકાના મકાનમાં રહે છે, એવું કહીને પણ તેં મને બેવકૂફ બનાવ્યો છે. ત્યાં માવજીકાકા નામનો કોઈ બુઢ્ઢો રહેતો જ નથી!'

જીમીએ પોતાના મનમાં રમતી મૂંઝવણ કજલી સામે ઠાલવી દીધી.

'હું તમને સાચું સરનામું કંઈ રીતે બતાવું?' કજલીએ જીમી સામે ધારદાર નજરે જોતાં કહ્યું: 'ગામના માણસો ખૂબ જ શંકાશીલ છે. તમે વારેઘડીએ આ રીતે મારું સરનામું પૂછ્યા કરશો તો એ લોકો તમને જીવતા છોડશે નહીં. તમારા ગામના લોકોને એમની છોકરીઓ કોઈ શહેરીબાબુ સાથે વાત કરે કે સંબંધ બાંધે એ એમને મંજૂર નથી. બધા જ શહેરીબાબુ કપટી અને લુચ્ચા હોય છે. ગામની છોકરીઓને ભોળવી, ફોસલાવી અને એમના શરીર સાથે રમત રમીને પછી એક દિવસ ચૂપચાપ કોઈને ખબર ન પડે એમ અંધારી રાતે શહેર ભેગા થઈ જાય છે, એટલે અમને બધાને શહેરી લોકો ઉપર સહેજ પણ વિશ્વાસ રહ્યો નથી.

હજુ છ મહિના પહેલાં જ શંકરકાકાની દીકરી મેનાને એક શહેરીબાબુએ ભોળવી-ફોસલાવીને લગ્ન કરી શહેરમાં લઈ જવાના વાયદા કર્યા હતા. છેવટે એ શહેરીબાબુ ક્યારે ગાયબ થઈ ગયો એની આખા ગામ સુદ્ધાંને સહેજ પણ ગંધ ન આવી. આખરે પોતાની અને પોતાની પિતાની ઈજ્જત ખાતર મેનાએ ગામના કૂવામાં ઝંપલાવી દીધું હતું. હવે જો હું તમને મારી વસ્તીમાં પણ લઈ જાઉં તો લોકો તમને એટલે કે શહેરીબાબુને જોઈને જ ભડકે,' કજલીએ ખુલાસાપૂર્વક વિગતવાર વાત કરતાં કહ્યું.

'તો શું તને હું એવો લુચ્ચો અને કપટી દેખાઉં છું?'

'અરે! નહીં રે બાબુ નહીં! આ કંઈ તમારી વાત નથી. તમારી વાત તો સાવ અલગ જ છે. આ તો તમને મેં ખોટું સરનામું આપ્યું તે માટે માઠું લાગી ગયું એટલે મેં સ્વાભાવિક વાત કરી.' કજલીએ જીમીની શંકા દૂર કરવા કહ્યું.

'બીજી બધી વાત જવા દે, પણ હવે તું એ સાચેસાચું બતાવી દે કે તું રહે છે ક્યાં?' જીમીએ ફરી કજલી વિષેયનું રહસ્ય જાણવા દબાણથી પૂછ્યું.

'એ તો સમય આવ્યે બધી ખબર પડી જશે બાબુ!' કજલીએ વાતને ઉડાવી દેતાં કહ્યું.

'પણ એ સમય ક્યારે આવશે?' જીમી હવે એકદમ રોષે ભરાઈ ગયો.

'અત્યારે જ એ સમય આવી શકે છે, જો તમે તૈયાર હો તો.'

'હું બિલકુલ તૈયાર છું કજલી, હું હવે તને છોડી શકું એમ નથી. તું મારી જિંદગી છે, મારો પ્રેમ છે, હું તારા ચિત્ર બનાવવા માગું છું, પણ તું કહે છે કે એ સમય પહેલાં નહીં આવે. આખરે આ બધો ગોઠાળો શું છે?'

કજલીએ જીમીના ગાલ પર પોતાની આંગળીઓ ફેરવતાં કહ્યું: 'આજે દેવીમાની પૂજાનો દિવસ છે. તમે મંદિરે આવશોને?'

'આવીશ, જરૂર આવીશ.'

'બસ, તો આજે જ એ સમય આવી ગયો છે જેની તમે વાટ જુઓ છો. આજ પછી હું તમારાં ચિત્રોમાં જરૂર દેખાઈશ. દેવીમાનો એવો હુકમ છે કે એ પહેલાં હું ન દેખાઉં. હવે તમે મારી સાથે દેવીમા પાસે ચાલો. ત્યાં તમે મારા સેંથામાં સિંદૂર લગાવીને મને વચન આપજો કે તમે હંમેશાં મને પ્રેમ કરતા રહેશો અને હંમેશાં મારા જ બનીને રહેશો. અને મને ક્યારેય દગો નહીં આપો.'

'સિંદૂર!' જીમી જાણે ખચકાયો હોય એ રીતે બોલ્યો.

'હા, સિંદૂર.' કજલી ગંભીર થતાં મક્કમતાથી બોલી: 'મેં તમને મારું જે કંઈ હતું એ અર્પણ કરી દીધું છે. એ જ આશા પર કે તમે મારા સેંથામાં સિંદૂર ભરશો, અને દેવીમાં પાસે જઈને એમના સોગંદ ખાઈને મને વચન આપશો.'

'હા, સિંદૂર.' કજલી ગંભીર થતાં મક્કમતાથી બોલી: 'મેં તમને મારું જે કંઈ હતું એ અર્પણ કરી દીધું છે. એ જ આશા પર કે તમે મારા સેંથામાં સિંદૂર ભરશો, અને દેવીમા પાસે જઈને એમના સોગંદ ખાઈને મને વચન આપશો.'

'વચન! પણ એમાં વચનની શું જરૂર છે?' જીમીએ પોતાના ચહેરા પર જબરજસ્તી હાસ્ય લાવતા કહ્યું: 'શું તને મારા પર ભરોસો નથી? જો કજલી, હું હંમેશાં તારો છું, અને તારો જ રહીશ.'

'ના જીમી, તમારી પર ભરોસો તો પૂરો છે. પણ દેવીમાને સાક્ષી રાખીને જ આપણે બંને લગ્ન કરીશું.'

'લગ્ન.....!' જીમી પર જાણે પહાડ તૂટી પડ્યો.

'હા, હા, લગ્ન - કેમ? તમે મારી સાથે લગ્ન કરવા નથી માગતા?'

'પણ હું તો તને ફક્ત પ્રેમ જ કરું છું.'

'એ જ પ્રેમ હવે જનમજનમનો સાથી બનશે. મેં મારું બધું જ તમને સોંપી દીધું છે. એટલે તમારે મારી સાથે લગ્ન કરવા પડશે અને હંમેશાં મારી સાથે અહીં જ રહેવું પડશે.'

જીમીને સપનેય ખ્યાલ નહોતો કે મુસીબત આ રીતે ગળે પડશે. એ તો પોતે કજલીનો ઉપયોગ કરીને લાખ્ખો રૂપિયા કમાવા માંગતો હતો અને સાથેસાથે એની સાથે થોડોક આનંદ પણ કરી લેવા માંગતો હતો. પણ અત્યારે કજલીની વાત સાંભળીને એને ચિંતા થવા લાગી.

આ મુસીબત પોતાને ગળે વળગી તો નહીં પડેને? એ વિચારવા માંડ્યો.

હવે કંઈક કરવું તો પડશેને! જીમીએ નક્કી કરી લીધું કે, પોતે કજલી સાથે જરૂર લગ્ન કરશે - બનાવટી લગ્ન. એ પોતે કોઈ દેવીમાને માનતો નથી. એ પોતે તો ફક્ત ભગવાન ઈશુને જ માને છે અને એ પણ અમુક હદ સુધી જ. એ પોતે ન તો કજલીના ધર્મથી પરિચિત હતો કે ન તો પોતાને એમાં શ્રદ્ધા હતી. એટલે પોતાને કજલી સાથે ખોટેખોટાં લગ્ન કરી લેવામાં કાંઈ જ વાંધો નહોતો. લગ્ન કરી લીધાં પછી એ પોતે કજલીના ઉઘાડા શરીરના જોઈએ એવાં ચિત્રો બનાવી શકશે અને એમાંથી લાખ્ખો રૂપિયા કમાઈ શકશે. ધનના ઢગલા ભેગા કરી શકશે. એક મિનિટમાં તો એની નજર સામે બંગલો, મોટર, નોકર-ચાકર અને વૈભવ-વિલાસની દરેક વસ્તુ હરતી-ફરતી થઈ ગઈ. ઘડીક વાર માટે તો જીમી કોઈક અલગ જ દુનિયામાં ખોવાઈ ગયો!

'શું વિચારી રહ્યો છો?' વિચારોમાં ખોવાઈ ગયેલા જીમીને વિચારોની દુનિયામાંથી બહાર ખેંચી લાવવા કજલીએ કહ્યું.

'હું વિચારી રહ્યો છું કે લગ્ન વિના પણ આપણે સાથે ન રહી શકીએ?'

'ના, કદી પણ નહીં, દેવીમા એનાથી ખૂબ જ નારાજ થઈ જશે.' કજલી બિલકુલ મક્કમ બનતાં અને ગુસ્સાભર્યા અવાજે બોલી: 'એવું કરવાથી આપણાં બંનેને એમના શ્રાપ ભરખી જશે.'

'આ બધી ખોટી માન્યતાઓ છે.'

'ના, ના. આ બધી જ સાચી હકીકત છે.' કજલી એકદમ ધૂંવાંપૂંવાં થતાં બોલી : 'જો તમે મારી સાથે લગ્ન નહીં કરો તો હું હમણાં જ આ પહાડી પરથી નીચે પડીને મારો જાન આપી દઈશ.' જીમી કજલીની એ ધમકીથી ડરી ગયો, ફફડી ગયો.

જો કે, કજલી પહાડ ઉપરથી પડીને મરી જશે એટલા માટે કાંઈ જીમી ડરી નહોતો ગયો. એણે તો જિંદગીમાં આવી અનેક ધમકીઓ જુદી-જુદી છોકરીના મોઢેથી સાંભળી હતી. ફક્ત એને ડર એટલા માટે લાગ્યો હતો કે ક્યાંક કજલી જો સાચેસાચ મરી જશે તો પછી પોતાના ચિત્રોનું શું થશે? પોતાની કલ્પનાઓનું શું થશે? પોતાની વૈભવી જિંદગી બનાવવાનું શું થશે? ઘડીભર માટે તો જાણે એને એની નજર સામે જ પોતાનાં સપનાં ભાંગીને ભુક્કો થતાં દેખાયાં. એને એમ લાગ્યું કે કજલી નહીં, પરંતુ એનાં સપનાંઓ, એની કલ્પનાઓ અને એની જિંદગી આ પહાડ ઉપરથી એની સામે પડીને આપઘાત કરી રહ્યાં છે અને નીચે પડીને એમના ટુકડે-ટુકડા થઈ ગયા છે. એના માટે કજલી અત્યારે એક મામૂલી છોકરી નહોતી રહી. લાખ્ખો રૂપિયાના ખજાનાનો ભેદ જાણતી છોકરી જેટલું મહત્ત્વ કજલી જીમીની નજરમાં ધરાવતી હતી. એનાં ચિત્રો વેચીને તો જીમી લાખ્ખો રૂપિયા મેળવવાનો હતો, પરંતુ એ ત્યારે શક્ય બને જ્યારે કે કજલી જીવતી હોય અને કજલીને જીવતી રાખવા માટે એણે એની સાથે સમજી-વિચારીને કામ લેવું પડશે, એણે મનોમન નક્કી કર્યું. હવે એ આ અણઘડ અને સાવ નાદાન છોકરી સાથે સંભાળીને થોડુંક સમજાવીને, થોડુંક ફોસલાવીને કામ લેશે. નહીંતર હાથમાં આવેલી બાજી સરકી જશે. જીમીને કજલીથી ધમકીથી મોઢે સુધી આવેલો કોળિયો છિનવાઈ જતો લાગ્યો.

કજલીનો ઉપયોગ કરીને માલદાર બનવાના સપનાને ભાંગીને ભુક્કો થવા દે, કે મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવા દે એટલો જીમી નાદાન નહોતો. એણે કજલી સાથે બાજી જમાવવા માટે વાતને બદલતાં કહ્યું,

'અરે, હું તો તારી મજાક કરી રહ્યો હતો. શું તું મને બીજા શહેરીબાબુ જેવો ધારી બેઠી છો? હું જરૂર લગ્ન કરીશ અને તારી સાથે જ કરીશ. આપણે બન્ને હંમેશાં સાથે જ રહીશું અને સાથે જ મરીશું.'

> **હું તમારાં ચિત્રોમાં જરૂર દેખાઈશ. હવે તમે મારી સાથે દેવીમા પાસે ચાલો. ત્યાં તમે મારા સેંથામાં સિંદૂર લગાવીને મને વચન આપો કે તમે મને ક્યારેય દગો નહીં આપો...**

'સાચું જીમી, તમે સાચું કહો છો...?' કજલીનો ગુસ્સો ઓગળી ગયો. એ દોડીને જીમીની છાતી સાથે જકડાઈ ગઈ. થોડી વાર બન્ને જણાં એ રીતે જ એકબીજામાં જકડાયેલાં રહ્યાં અને પછી કજલી જીમીથી અલગ થતાં બોલી: 'ચાલો, હવે આપણે દેવીમાનાં ચરણોમાં ફૂલ અર્પણ કરી દઈએ.' કજલીએ જીમીનો હાથ પકડીને એને મંદિર તરફ ખેંચી જતાં કહ્યું.

'હું તૈયાર છું. તું જેમ કહીશ એમ જ હું કરીશ.' કહેતાં જીમી કજલીની પાછળ-પાછળ ખેંચાઈ ગયો.

થોડુંક ચાલ્યા પછી એક ઊંચી પહાડી પર એક મંદિર દેખાયું. જીમી કજલી સાથે મંદિરમાં ઘૂસ્યો. મંદિર ખૂબ જ જૂનું-પુરાણું હતું. અંદર જગ્યાએ જગ્યાએ મહાન કલાકારના હાથકારીગરીના નમૂનાઓ નજરે પડતા હતા. જીમી એ દૃશ્યને જોઈને આશ્ચર્યમાં પડી ગયો.

સામે જ કાલીદેવીની મહાન મૂર્તિ ઊભી હતી. એ મૂર્તિના મોઢામાંથી બહાર નીકળી આવેલી લાલ લોહીથી લથબથતી જીભ કોઈ પણ કાચાપોચા માણસની તો છાતીનાં પાટિયાં જ બેસાડી દે એવી ભયાનક લાગતી હતી. એની આંખોના લાલ-લાલ ભયાનક ડોળા આંખોમાંથી બહાર નીકળી આવ્યા હોય એમ લાગતું હતું. એના ગળામાં માણસની ખોપરીઓની માળા અને એના અનેક હાથમાં જાતજાતની વસ્તુઓ પકડેલી હતી. કાલીમાતાનાં ચરણોમાં કોઈનું તાજું જ ભેટ ધરેલું લાલ લોહી પણ વેરાયેલું હતું. એ મૂર્તિને જોઈને જીમીના ધબકારા એકદમ વધી ગયા હતા. એ ડરી ગયો હોય એવું એની આંખોમાંથી સાફ-સાફ દેખાઈ આવતું હતું, પણ કજલી પર જાણે કોઈ જ અસર ન થઈ હોય એમ એ મૂર્તિ તરફ આગળ વધી ને એણે સુગંધીદાર ફૂલ માતાનાં ચરણોમાં ધરી દીધાં. જીમીએ પણ એવું જ કર્યું. પછી કજલીએ નીચે માતાનાં ચરણો પાસે વેરાયેલું લોહી પોતાની આંગળીમાં લઈને પોતાના સેંથામાં લગાવ્યું અને થોડુંક જીમીના માથા પર પણ લગાવ્યું. જીમી ડોળા ફેરવતો-ફેરવતો કજલીની આ ક્રિયાઓ ચૂપચાપ બનીને જોઈ રહ્યો હતો. ઘડીભર તો એને થયું કે કજલીને કંઈક પૂછે, પરંતુ એને એમ લાગ્યું કે જાણે એની જીભ તાળવા સાથે સજ્જડ રીતે કોઈકે ચોંટાડી દીધી છે. એણે મોઢું ખોલીને જીભ ઉપાડવા ખૂબ પ્રયત્ન કર્યા, પરંતુ જાણે કે કોઈક અલૌકિક શક્તિ એને એમ કરતાં રોકી રહી હતી. કાલીમા સાથે કજલી વાતો કરી રહી હતી. એ વાતોએ એનું ધ્યાન કજલી તરફ ખેંચ્યું. કજલી એવી રીતે વાતો કરી રહી હતી જાણે એક દીકરી પોતાની સગી મા સાથે વાતો કરી રહી હોય. એને એ જોઈને પણ નવાઈ લાગી. કજલી કહી રહી હતી: 'મા, મારી રક્ષા કરજે. દુનિયાની આ માયાજાળથી મને બચાવજે. મારી કૂખેથી જે જન્મ લે એની રક્ષા પણ તને સોંપું છું મા! તને તારા આ લોહીના સોગંદ આપું છું મા! તું મારું કલ્યાણ કરજે અને મને આફતોથી દૂર રાખજે મા!'

જીમી આંખો તાણી-તાણીને કજલીની આ બધી આજીજીઓ જોઈ રહ્યો હતો. કજલી હવે મૂર્તિ સામેથી પોતાનું મોઢું ફેરવીને જીમી તરફ ફરી અને તરત જ પોતાની પાસેથી, નાનકડા એક ચપ્પુ જેવું સાધન કાઢીને જીમીનો હાથ પોતાની તરફ ખેંચી લીધો. જીમી હજી તો કંઈક વિચારે કે કંઈક બોલે એ પહેલાં તો કજલીએ કાલીમાતા સામે જોઈને જોરદાર હાસ્ય વેરતાં એ ચપ્પુ ઉપર ઉઠાવીને જીમીની આંગળી ઉપર ફેરવી દીધું.

જીમીના મોઢેથી એક જોરદાર સિસકારી નીકળી ગઈ. એની આંગળીમાંથી લાલ લોહી બહાર નીકળી આવ્યું. એની આંખોમાંથી પાણી ધસી આવ્યાં, પણ કજલીને તો જાણે કંઈ જ પડી ન હોય એમ એણે જીમી તરફ મલકીને જોયું. જીમીની આંખમાં આંગળીનું દરદ ચોખ્ખું જ વર્તાતું હતું. હજી જીમી કંઈ કહે એ પહેલાં તો કજલીએ જોર લગાવીને એ ચપ્પુ જેવી ધારદાર વસ્તુ પોતાની કોમળ આંગળીમાં ઘોંચી દીધી, પણ જીમીથી ઊલટું એના મોઢામાંથી ઊંહકારો સુધ્ધાં ન નીકળ્યો. એની નાજુક અને પાતળી આંગળીમાંથી લાલ લોહી ફૂટી નીકળ્યું. જીમી બાઘાની જેમ પોતાની લોહીવાળી આંગળી પકડીને કજલીની આ બધી ક્રિયાઓને ધ્યાનથી જોઈ રહ્યો હતો. એને ખૂબ જ નવાઈ લાગતી હતી, કે પોતાને જે વસ્તુ વાગતાં ખૂબ જ દરદ થયું હતું એ વસ્તુથી કજલીને તો સહેજે અસર નહોતી થઈ.

કજલી તરત જ પોતાની લોહીવાળી આંગળી પકડીને નજીક આવી. એણે જીમીની લોહીવાળી આંગળી પર પોતાની આંગળી મૂકી દીધી અને પછી પોતે દેવીમા તરફ જોતાં બોલી: 'મા, મેં તને સાક્ષી માનીને તારી સામે જ આ આદમીને મારા પતિ તરીકે સ્વીકાર્યો છે. મેં મારા સાચા દિલે એને અપનાવ્યો છે. હવે એનું લોહી એ મારું લોહી છે અને મારું લોહી એ એનું લોહી છે. અમે બન્ને હવે કાયમ માટે એક છીએ મા, અમને આશીર્વાદ આપ.'

આટલું બોલતાં જ કજલી મૂર્તિ સામે ઝૂકી ગઈ. પોતાની આંખની કીકીઓ ફેરવતો જીમી કજલીની આ બધી જ ક્રિયાઓ જોઈ રહ્યો હતો. કજલી જેવી ઝૂકી કે તરત જ કોણ જાણે જીમીને એવું દેખાયું કે પછી ખરેખર હકીકત હતી, પણ એ મૂર્તિના હાથમાં થયેલી હલનચલન એણે ચોક્કસ જોઈ હતી અને એ સાથે જ મંદિરમાં એક વિચિત્ર અને ભયાનક અવાજ ગુંજી ઊઠ્યો. અવાજ થોડોક ધીમો હતો, પણ એના પડઘા આખા મંદિરને હલાવી નાખે એવા હતા. એ અવાજમાં શબ્દ એકેય નહોતો, પણ કોઈએ પોતાની મંજૂરી આપતો હુંકારો કર્યો હોય એવો આભાસ થતો હતો.

એ અવાજના પડઘાઓથી ચોંકી ઊઠેલો જીમી આંખો તાણીતાણીને મૂર્તિની તરફ જોઈ રહ્યો હતો. એ અવાજના પડઘાઓએ એને ચોંકાવી મૂકવાની સાથે ડરાવી પણ દીધો હતો. અચાનક કજલી ઊભી થઈ ગઈ, અને મૂર્તિએ એણે એની માગેલી મુરાદ પૂરી કરી દીધી હોય એ રીતે ખુશખુશાલ થતાં બોલી: 'ધન્ય છે તને મા કે તેં મારી વાત સ્વીકારી લીધી. મને ખાતરી જ હતી કે તું અમારાં બન્નેનાં લગ્ન સ્વીકારીશ જ. આજથી જીમી અને હું બન્ને પતિપત્ની છીએ. આજથી અમે બન્ને કાયમ માટે એક થઈએ છીએ. જિંદગીનાં દરેક સુખ-દુઃખમાં હવે અમે સાથે જ રહીશું, પણ એ પહેલાં મારી એક વાત યાદ રાખજે મા, કે જો મારો પતિ મને દગો આપીને મને છોડી જાય તો તું તારા શ્રાપથી એને ભરખી જજે અને જો હું એને દગો આપીને એની સાથે બેવફાઈ કરું તો મને બાળીને ભસ્મ કરી નાખજે.' (ક્રમશઃ)■

---

## ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| संगोपन | હડતાલ |
| संप | ઉછેર |
| संपुष्ट | આદત |
| सण | સંક્ષેપ |
| सवय | તહેવાર |

### ઓળખાણ પડી?

૧૪ વર્ષની ઉંમરે ઓલિમ્પિક્સની જિમ્નેસ્ટિક્સ સ્પર્ધામાં પરફેક્ટ સ્કોર ૧૦ની સિદ્ધિ મેળવનારની ઓળખાણ પડી? કરિયરમાં ૫ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.



અ) સિમોન બાઈલ્સ બ) સોફિયા મુરોટોવા ક) નાદિયા કોમાનેચી ડ) વેરા કાસલવાસકા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | હ | ૨ સ્ત્રા | બ્દિ | | ૩ અ | ૪ ભિ | નં | ૪-અ દ | ૫ ન |
| હ | | વ | | ૬ સ | ક | લ | | ૬-અ બં | ગ |
| વા | | | ૭ કો | હ | રા | | ૮ અ | ગ | ર |
| ૯ સ | ૧૦ મા | ૧૦-અ ન | | ૧૧ ક | મ | ૧૨ ની | ય | | પ્ર |
| | ૧૩ ન | ર્મ | ગ | ર્મ | | ૧૪ મ | ન | | દ |
| ૧૫ કા | સ | દ | | ૧૬ ચા | ૧૬-અ ક | | | ૧૭ ય | ક્ષિ |
| ૧૮ ચી | સ | | ૧૯ જ | રી | પુ | ૨૦ રા | ણી | | ણા |
| | ૨૧ ર | ૨૨ મ | ત | | ૨૩ ર | જ | | ૨૪ વા | |
| ૨૪-અ હ | | ર | | ૨૫ તા | | ૨૬ ન | ૨૭ સી | હ | ૨૮ ત |
| ૨૯ વે | ર | ણ | છે | ર | ણ | | ૩૦ મા | ન | વ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | | ૪ | | ૫ |
| | | | | | | ૬ | | | |
| ૭ | | | ૮ | | | ૯ | | | |
| | | ૯/અ | | ૧૦ | ૧૧ | | | ૧૨ | |
| | ૧૩ | | ૧૪ | | ૧૫ | | | ૧૬ | |
| ૧૭ | | | | | | | ૧૮ | | |
| | | | ૧૯ | ૨૦ | | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | | ૨૪ | | | | ૨૫ | | | |
| | | ૨૬ | ૨૭ | | ૨૮ | | | | |
| | ૨૯ | | | | | | | ૩૦ | |

**આડી ચાવી**

૧. પ્રસંગોપાત, કદી કદી (૬)
૪. વિષ્ણુનો એક અવતાર (૩)
૬. આશ્ચર્યનો ઉદ્‌ગાર, વાર (૨)
૭. સૂર્યના --- અશ્વ (૨)
૮. ઘોડો (૨)
૯. અડગ, નિશ્ચયી, ગંભીર (૨)
૧૦. વાંચનાર, ઉપલી કક્ષાનો અધ્યાપક (૩)
૧૨. દમ (૨)
૧૩. અધમતા, હઠ, આડાઈ (૩)
૧૫. માલ (૨)
૧૬. મતા (૨)
૧૭. દુર્લભતા, અલ્પતા (૪)
૧૮. ભાજી હોય કે વડાં, --- તો જોઈએ જ (૨)
૧૯. દુખતી --- ના દબાવો (૨)
૨૧. સાથ (૨)
૨૩. છનો સમૂહ (૩)
૨૫. કલાકારીગીરીયુક્ત (૪)
૨૬. નજીક (૨)
૨૮. બ્રહ્માનો એક દિવસ, આચાર (૨)
૨૯. આશ્વાસન, દિલાસો, સરભરા (૬)
૩૦. ઝટકો, મૃત્યુની ઘાંટી (૨)

**ઊભી ચાવી**

૧. ખેદ, નાશ, અંત (૪)
૨. બાતલ, કેન્સલ (૨)
૩. વાક-વાણીની દેવી (૪)
૪. મદદ (૩)
૫. હાથની કળા / કુશળતા (૫)
૬. ધીરજનો અભાવ, ઉતાવળ (૪)
૯/અ. રમતના ધાતુના પાસા (૩)
૧૧. એક તાલ વાદ્ય (૩)
૧૨. --- દીકરો વહાલો લાગે (૩)
૧૩. ઘા (૨)
૧૪. મધ્ય એશિયાનો એક દેશ (૩)
૧૭. ખાસિયત (૪)
૧૮. વિકલાંગ, અપંગ, નિર્બળ (૩)
૨૦. ગુણ, પાડ (૨)
૨૧. અવધારણા, વિભાવના, ખ્યાલ (૪)
૨૨. દુર્ઘટના (૪)
૨૪. --- માંથી સૂતર બને (૩)
૨૭. લશ્કર (૨)
૨૮. સાર, સત્ત્વ, દમ (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના મોટાભાઈની સાસુની એકમાત્ર દીકરી પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસી બ) ભાભી ક) સાળી ડ) ફોઈ

### જાણવા જેવું

ઈન્ડોનેશિયાનું એક ફૂલ સૌંદર્ય કે સુગંધ નહીં, એના કદને કારણે ખ્યાતિ મેળવી છે. રેફલેસિયા તરીકે ઓળખાતા આ ફૂલને ડાળી કે પાંદડાં નથી હોતા અને તેનો વ્યાસ ૧૦૦ સેન્ટીમીટર (ત્રણ ફૂટથી વધુ) જેટલો હોય છે અને પૂર્ણરૂપે ખીલેલા ફૂલનું વજન ૫ કિલોથી વધારે હોય છે.

### સુડોકુ-૭૦૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | | ૨ | | | ૭ | | |
| | | | ૪ | | | | | ૬ |
| ૨ | | | ૮ | ૭ | | | ૪ | |
| ૧ | ૩ | ૨ | | | | ૬ | | ૫ |
| ૭ | | | | | | | | ૨ |
| ૮ | | ૬ | | | | ૯ | ૩ | ૭ |
| | ૧ | | | ૮ | ૭ | | | ૯ |
| ૬ | | | | | ૧ | | | |
| | | ૮ | | | ૪ | | ૭ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | ૯ | ૮ | ૨ | ૪ | ૭ | ૫ | ૩ |
| ૩ | ૮ | ૭ | ૬ | ૫ | ૯ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૨ | ૭ | ૩ | ૧ | ૯ | ૮ | ૬ |
| ૨ | ૬ | ૮ | ૪ | ૭ | ૫ | ૩ | ૯ | ૧ |
| ૭ | ૩ | ૪ | ૯ | ૧ | ૮ | ૬ | ૨ | ૫ |
| ૫ | ૯ | ૧ | ૨ | ૬ | ૩ | ૮ | ૪ | ૭ |
| ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૨ | ૧ | ૩ | ૯ |
| ૧ | ૪ | ૫ | ૩ | ૯ | ૭ | ૨ | ૬ | ૮ |
| ૯ | ૨ | ૩ | ૧ | ૮ | ૬ | ૫ | ૭ | ૪ |

### ચતુર આપો જવાબ

**માથું ખંજવાળો**

આપેલા વાક્યમાં ઉંદરનું ઘર સંતાઈ બેઠું છે એ શોધી કાઢો

સવારના પહોરમાં સુંદર ગઝલ વાંચી મજા પડી ગઈ.

### નોંધી રાખો

આયખું નાનું ને નોરતા અપાર, નાનકડી નાવ ને ઘૂઘવે પારાવાર. માનવી વચ્ચે દરેક જણ શોધે છે માનવને કારણ કે શબરી પણ ઝંખે છે પોતાના રાઘવને.

### માઈન્ડ ગેમ

એક સંખ્યાના ત્રણ ગણા કર્યા પછી જે જવાબ આવે એમાં ૫૦ ઉમેર્યા બાદ એને ૧૦ વડે ભાગવાથી જવાબ જો ૮ આવે તો સંખ્યા કઈ?

અ) ૭ ૨) ૯ ૩) ૧૦ ૪) ૧૨

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| कोपरा | ખૂણો |
| खोबर | ટોપરું |
| खोखला | ખાંસી |
| खोड | ભૂલ |
| खमंग | મસાલેદાર |

ગુજરાત મોરી મોરી રે
સસરા

ઓળખાણ પડી?
તાનિયા ભાટિયા

માઈન્ડ ગેમ
૫

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
પરવળ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) લજિતા ખોના (૯) ખુશરૂ કાપડીયા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) શ્રદ્ધા આશર (૧૪) નિખિલ બેંગાલી (૧૫) અમિષી બેંગાલી (૧૬) સુભાષ મોમાયા (૧૭) મહેશ સંઘવી (૧૮) હર્ષા મહેતા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મીનળ કાપડિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નૂતન વિપિન (૨૪) મહેન્દ્ર લોઢવિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મહેશ દોશી (૨૭) રસિક જુઠાની (ટોરન્ટો-કેનેડા) (૨૮) અંજુ ટોલિયા (૨૯) વિના સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) જગદીશ ઠક્કર (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) નિતિન બજારિયા (૩૫) સુરેખા દેસાઈ (૩૬) પુષ્પા ખોના (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) હિનાબેન દલાલ (૪૧) અરવિંદ કામદાર (૪૨) પ્રતિમા પમાણી (૪૩) ગીતા ઉદ્દેશી (૪૪) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૭) અશોક સંઘવી

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## જે જીવી એ સાચું જીવી... મને કદી અફસોસ નથી થયો

(ભાગ:૨)

**નામ: જેઈન સેમોર ફોન્ડા**
સ્થળ: એટલાન્ટા, યુનાઈટેડ સ્ટેટ્સ
સમય: ૨૦૨૪
ઉંમર: ૮૬ વર્ષ

હોલિવૂડમાં કારકિર્દી બનાવવી સરળ નથી. કોઈ મેન્ટોર, કોઈ ગોડફાધર ન હોય તો હોલિવૂડમાં ટકી રહેવું અઘરું છે. ૧૯૬૦માં મારી બે ફિલ્મો રિલીઝ થઈ, પરંતુ મને કામ મળતું નહોતું. પેરિસમાં આર્ટનો કોર્સ કર્યા પછી મેં ફરી એકવાર એ તરફ જોયું, હોલિવૂડ છોડીને પેરિસ જવાનો વિચાર કરતી હતી એ જ વખતે મને લી સ્ટ્રેસબર્ગ મળ્યા. થિયેટરના મહાગુરુ. એમણે મને કહ્યું, ‘છોડીને ભાગી જવાથી તું અંતે ક્યાંય નહીં પહોંચે. ટકી રહે... મહેનત કર. તારામાં ખૂબ ટેલેન્ટ છે. હું માનું છું કે તને હોલિવૂડની શ્રેષ્ઠ ફિલ્મો કરવાની તક મળશે.’ એમના આ શબ્દોએ મારામાં આત્મવિશ્વાસનો સંચાર કર્યો. લી સ્ટ્રેસબર્ગ સાથે મેં બે નાટકો કર્યા. એ દરમિયાન મને ફિલ્મોમાં કામ મળવાનું શરૂ થયું. ‘વોક ઓન ધ વાઈલ્ડ સાઈડ’ ફિલ્મમાં મેં એક સેક્સવર્કરનો રોલ કર્યો, જેને માટે મને ગોલ્ડન ગ્લોબ અવૉર્ડ મળ્યો. એ પછી ‘સન્ડે ઈન ન્યૂયોર્ક’ નામની એક ફિલ્મ મળી. આ બે ફિલ્મોએ મારી કિસ્મત પલટી નાખી. એ પછી મને ‘ડૉ. ઝીવાગો’ નામની ફિલ્મ ઓફર કરવામાં આવી જે ખૂબ પ્રચલિત રશિયન નવલકથા પર આધારિત હતી. મેં એ ફિલ્મ કરવાની ના પાડી કારણ કે, હું ૯ મહિના સુધી રશિયાના લોકેશન પર જઈને રહી શકું એમ નહોતી. ૧૯૬૫માં મને એક જબરજસ્ત ફિલ્મ મળી. જેનું નામ હતું ‘કેટ દલાવ’ આ ફિલ્મને પાંચ ઓસ્કાર નોમિનેશન મળ્યા. લી માર્વિનને બેસ્ટ અભિનેતાનો અવૉર્ડ મળ્યો અને બોક્સ ઓફિસ ઉપર એ ફિલ્મને એક વર્ષ સુધી ૧૦ શ્રેષ્ઠ ફિલ્મોના ચાર્ટમાં સ્થાન મળ્યું. એ પછી તરત મેં રોબર્ટ રેડફોર્ડ અને માર્લોન બ્રાન્ડો સાથે એક એક્શન-ચેઈઝ ફિલ્મમાં કામ કર્યું. એ પછી રોબર્ટ રેડફોર્ડ સાથે મારી ગાઢ મિત્રતા થઈ ગઈ. એ જ વર્ષે મેં ફ્રેન્ચ અને યુરોપિયન ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું. હું પહેલી અમેરિકન ફિલ્મ સ્ટાર હતી, જે પરદેશી-યુરોપિયન ફિલ્મમાં નગ્ન સીનમાં રજૂ થઈ. એ જ વર્ષે પ્લેબોય મેગેઝિનના ઓગસ્ટ,૧૯૬૬ના ઈશ્યૂમાં મારી કેટલીક તસવીરો છપાઈ, જે ‘ધ ગેમ ઈઝ ઓવર’ના સેટ પર ચોરીછૂપીથી લેવામાં આવી હતી. મેં મેગેઝિન અને ફોટોગ્રાફર્સ પર કેસ કરી દીધો. હું પહેલી અમેરિકન સ્ટાર હતી જેણે પાપારાઝી પર કેસ કરવાની હિંમત કરી હતી. મને એક ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે, ‘તમને ડર નથી લાગતો? એ લોકો તમને બોયકોટ કરી દેશે તો?’ ત્યારે મેં જવાબ આપેલો, ‘મારી કારકિર્દી મારા પ્રેક્ષકોને લીધે છે. મારા પ્રેક્ષકોને મારા અંગત જીવન કરતાં વધુ રસ મારી ફિલ્મો અને એની વાર્તાઓમાં છે એવું હું માનું છું.’ આ ઈન્ટરવ્યૂને ખૂબ ચગાવવામાં આવ્યો. થોડો વખત માટે પ્રેસ મારાથી દૂર રહી, પરંતુ એ બહુ લાંબું ચાલ્યું નહીં કારણ કે, એ પછીની મારી ફિલ્મો એક પછી એક સફળતાના શિખરો સર કરતી ગઈ. ‘એની વેડનસડે’ ૧૯૬૬ અને ‘બેર ફૂટ ઈન ધ પાર્ક’ ૧૯૬૬ (રોબર્ટ રેડફોર્ડ), ૧૯૬૧માં એક સાયન્સ ફિક્શન અને ૧૯૫૯માં મારી એક સાથે ચાર ફિલ્મો રજૂ થઈ. એ પછી પ્રેસને મારાથી દૂર રહેવું પોષાય એમ નહોતું, એટલે એમણે પણ રિવ્યૂ કરવાની શરૂઆત કરી દીધી.

૭૦ના દાયકામાં મેં સૌથી સુંદર ફિલ્મો કરી, જે વિવેચકોએ પણ વખાણી. મારો પહેલો એકેડેમી અવૉર્ડ મને ૧૯૭૧માં મળ્યો. જેમાં મેં ખૂબ ઊંચી કિંમત વસૂલ કરતી કોલગર્લનો રોલ કર્યો હતો, એ પછી એક સાયકો થ્રિલર અને પછી અનેક બીજી ફિલ્મો સાથે ૭૦થી ૮૦નો સમય ખૂબ સારો રહ્યો. વિવેચકોએ પણ મારા કામના ખૂબ વખાણ કર્યા. ‘કલ્યૂટ’ અને ‘ફન વિથ ડિક એન્ડ જેઈન’ મારે માટે અભૂતપૂર્વ સફળતા લઈ આવી. ન્યૂયોર્ક ટાઈમ્સમાં મારા વિશે છપાયું, ‘વિતેલા સમયની એક વ્યક્તિને આવી રીતે જીવંત કરવી એ દરેકની આવડત નથી. ફરી એકવાર જેઈન ફોન્ડાએ અદ્ભુત અભિનેત્રી તરીકે પોતાની જાતને પ્રસ્થાપિત કરી છે.’



મેં ત્રણ પુસ્તકો લખ્યાં છે, જેમાં બે મારી આત્મકથા છે. પહેલું પુસ્તક મેં લખ્યું ત્યારે હું પ્રમાણમાં અણસમજુ અને જીવનના સાચા રહસ્યથી અજાણ હતી. એ વખતે અભિનેત્રી હોવું એ જ મારા જીવનનું ધ્યેય અને સફળતા હતા ત્યારે મેં મારી આત્મકથા લખી, ‘પ્રાઈવેટ લાઈફ ઓફ અ પબ્લિક વુમન.’ જેમાં દિલ ખોલીને મેં મારા સંબંધો, જીવન અને સંઘર્ષની વાતો લખી હતી, પરંતુ એ બધું હોલિવૂડની આસપાસ ફરતું રહ્યું. મારી ફિલ્મોને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ આત્મકથા થોડા વખત પછી મને અધૂરી લાગવા માંડી. મને લાગ્યું કે, એમાં હું ઘણી વધુ અને મહત્ત્વની વિગતો ચૂકી ગઈ છું... હું આવી જ છું. એકવાર કરેલા કામને વધુ સારી રીતે કેમ કરી શકાય એનો વિચાર મને હંમેશાં આવતો રહ્યો છે... એવી જ રીતે મારી આત્મકથાને મેં ફરીથી લખવાનો પ્રયાસ કર્યો, ‘માય લાઈફ સો ફાર.’ આ વખતે મેં મારી અધ્યાત્મિકતા અને નાસ્તિકતામાંથી આસ્તિકતાના પ્રવાસની સાથે સાથે મારા વ્યક્તિગત વિકાસને પણ નજરમાં રાખ્યો માટે કદાચ, આ આત્મકથા વધુ સાચી અને રસપ્રદ પુરવાર થઈ છે.

૧૮ વર્ષની ઉંમરે મેં પહેલો શરીર સંબંધ એક્ટર જેમ્સ ફ્રેન્સીકસ સાથે બાંધ્યો. હું બહુ નાની હતી. ફિલ્મી કારકિર્દી હજી શરૂ થઈ રહી હતી. આ એવો સમય હતો જ્યારે મને લાગતું હતું કે, હોલિવૂડમાં કોઈ મેન્ટોર કે ગોડફાધર હશે તો મારો પ્રવાસ વધુ સરળ બની જશે, પરંતુ એવું કંઈ થયું નહીં. જેમ્સે મારી કોઈ ખાસ મદદ કરી નહીં. હું એવું તો નહીં કહું કે, એણે મારો ઉપયોગ કર્યો, પરંતુ એટલું ચોક્કસ કહીશ કે મારાથી ૨૦ વર્ષ મોટા એવા એ સફળ અભિનેતાને શરૂઆતથી જ મારી મદદ કરવામાં કે મારી કારકિર્દીને ઘડવામાં કોઈ રસ નહોતો! એ પછી ૧૯૬૦ના દાયકામાં હું ઓટોમોબાઈલ રેસિંગના મેનેજર જિયોવાની વોલોપીને મળી. ખૂબ સારો માણસ હતો. એનો રસ ઓટોમોબાઈલ સિવાય વિશ્વની બીજી કોઈ ચીજમાં નહોતો. થોડો વખત માટે અમે ડેટિંગ કર્યું, પરંતુ પછી મને સમજાયું કે, અમારા રસના વિષયો-માનસિકતા અને સમય પણ, એકબીજા સાથે મેળ ખાતા નહોતા. પ્રોડ્યુસર જોર્જ એન્ટોનિયો સેન્ડસ અને સેન્ડી વાઈટ લો સાથે થોડો વખત માટે હું નજીક આવી. એક્ટર્સ વોરેન બેટ્ટી, પીટરમેન, ક્રિશ્ચયન માર્કંડ અને વિલિયમ પણ એક પછી એક મારી નજીક આવ્યા અને દૂર થઈ ગયા.

અહીં મારે એક વાત કહેવી છે, અમેરિકાના ટેબ્લોઈડ્સ અને ગોસિપ મેગેઝિન મારા આ સંબંધો વિશે, એલફેલ લખતા હતા. અવારનવાર મારી અંગત તસવીરો પ્રકાશિત થતી, પરંતુ જ્યારે એ સંબંધ તૂટતો કે હું મારી નિકટની વ્યક્તિ-પ્રિયજનથી દૂર થતી ત્યારે જે હાર્ટબ્રેક થતો, મને જે પીડા થતી એ વિશે ક્યારેય કોઈએ લખ્યું નહીં. સંબંધ લાંબો ટકે કે ટૂંક સમયમાં પૂરો થઈ જાય, કોઈપણ વ્યક્તિ સાથેનો આપણો સંબંધ લાગણીસભર તો હોય જ છે. ભલે ટૂંકાગાળા માટે, પરંતુ આપણે સાચા હોઈએ છીએ, પ્રેમમાં હોઈએ છીએ... એ સમય દરમિયાન આપણે આપણા સંપૂર્ણ અસ્તિત્વથી પ્રેમ કરીએ છીએ. આવો કોઈપણ સંબંધ તૂટે ત્યારે પીડા થાય છે, પરંતુ જે લોકો આવા સંબંધોને માત્ર ગોસિપ તરીકે જુએ છે એમને આવી સંવેદનશીલ વાતોમાં રસ નથી હોતો. એમને તો માત્ર બધું જ ચગાવવું હોય છે-એમનું અખબાર વેચવું હોય છે. ૧૯૬૩માં હું ડિરેક્ટર રોજર વેડિમને મળી. મને લાગ્યું કે, અમે એકબીજાને સમજી શકીએ છીએ. અમારા વિચારો એક છે. ખૂબ ટૂંકાગાળામાં અમે નજીક આવી ગયા તેમ છતાં, મારા પાછલા અનુભવોને કારણે મેં થોડું અંતર રાખવાનું પસંદ કર્યું. લગભગ બે વર્ષના ડેટિંગ પછી ૧૯૬૫માં ઓગસ્ટ, ૧૪ તારીખે અમે લાસવેગાસમાં લગ્ન કર્યા. ૧૯૬૮માં મેં એક દીકરીને જન્મ આપ્યો. વેનેસા વેડિમ. જાણીતી એક્ટિવિસ્ટ વેનેસા રેડગ્રેવના નામ પરથી અમે અમારી દીકરીનું નામ પાડ્યું. અમારા જીવનનો આ ઉત્તમ સમય હતો, પરંતુ ૧૯૭૦માં અમારા મતભેદ ધીમેધીમે સપાટી પર આવવા લાગ્યા. પાર્ટીમાં કે કાર્યક્રમોમાં અમે જુદા જુદા જતાં, આ વાત ટેબ્લોઈડ્સથી છાની ન રહી શકી. શરૂઆતમાં મેં આવી ગોસિપને ખૂબ નકારી, બલકે પ્રેસ કોન્ફરન્સ કરીને પણ જાહેરાત કરી કે અમે હજી છુટ્ટા નથી પડ્યા, પરંતુ ૧૯૭૨માં અંતે મારે સ્વીકારવું પડ્યું કે, કાયદેસર છૂટાછેડા નથી થયા, પણ અમે હવે એક સાથે નથી રહેતા.

(ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## આવા આવેગ-આવેશને કોણ સમજાવશે - સુધારશે?

હેતાના હોસ્ટેલ જવાના દિવસો નજીક આવી રહ્યા હતાં. ઘરમાં કોઈનું બંધન સાંખી ના શકતી એવી હેતા અનેક બંધનોભર્યા જીવન તરફ ધકેલાય રહી હતી. કારણ હતું હેતાનો આક્રમક સ્વભાવ. ઘરમાં વર્ષો સુધી એક માત્ર સંતાન તરીકે ઉછરેલી હેતા પાંચેક વર્ષની થઈ પછી એના ઘેર ટ્વિન્સ ભાઈ-બહેનનો જન્મ થયો. સ્વાભાવિકપણે મમ્મી-પપ્પા અને અન્ય સભ્યોનું ધ્યાન એ તરફ દોરવાય ગયું. ઘરમાં અત્યાર સુધી નાની ગણાતી હેતા અચાનક મોટી થઈ ગઈ. એક તરફ મમ્મીનો ખોળો છૂટી ગયો તો બીજી તરફ પપ્પાનું પડખું. હેતા શું કરે છે, ક્યાં જાય છે, શું જમે છે, ક્યારે ઊંઘે છે, ક્યારે ભણે છે એની દરકાર કરવાનો સમય કોઈને મળતો નહી. ધીમે-ધીમે એકલી પડતી જતી હેતા સ્વભાવે આકરી થતી ચાલી. પરિવારમાં ટીનએજ ઉપરાંત હેતાનો આકરો સ્વભાવ આક્રમક બની ગયેલો. નાના ભાઈ- બહેન તરફનો અણગમો હવે નફરતભરી આક્રમકતામાં પલટાય ચૂકેલો. એ એના ભાઈ-બહેનને રમાડતી નહીં. એમની સાથે બહુ હળતી-મળતી નહીં. એમની વાત નીકળે તો મોં મચકોડી દૂર ચાલી જતી. ફોટા પડાવવાની વાત આવે તો ટાળતી.

જોકે, મોટી થઈ ચૂકેલી હેતાના આવા બદલાયેલા વર્તનને નજીકથી જોવા-સમજવાનો વિચાર કોઈએ કરેલો નહી. હા, એના તરફની ફરિયાદો જરૂર વધવા લાગેલી : ‘કંઈ સાંભળતી નથી.. કામ કરાવતી નથી ભાઈ-બહેનનું ધ્યાન રાખતી નથી’ જેવો કકળાટ મમ્મી વારંવાર કર્યા કરતી, પરંતુ પોતાના જીવનમાંથી મા-બાપનો પ્રેમ છીનવી લેનાર એનાં નાના ભાઈ-બહેન છે. એવું દ્રઢપણે હેતા માની રહી છે એ વાતનો અણસાર ઘરમાં કોઈનેય આવ્યો નહોતો.

અંતે ઘરમાં મોટી હોનારત થતાં રહી ગઈ. એક દિવસ હેતાના ભરોસે મૂકેલા એ બન્ને ટાબરિયાઓ પર હેતા એવી ગુસ્સે ભરાય કે એમને રમાડવાના બહાને મોટી પીપમાં પૂરી દેતા એ સહેજપણ અચકાઈ નહોતી. આ તો ભલું કરજો કે એના મમ્મી સમયસર ઘેર આવ્યા. બાકી, બન્ને બાળકને ગૂંગળાય જતાં વાર લાગત નહીં. જોકે, એ વાતનો હેતાને રહી-રહીને અફસોસ થતો હતો. પોતે હવે ‘આવું ક્યારેય નહી કરે’ એવું બોલી-બોલીને એની જીભ થાકી ગયેલી, પરંતુ એમ એની વાત ઘરમાં મનાતી હોત તો આજે આ પરિસ્થિતિ જ આવીને ઊભી ના હોત. ઘરમાં ફરી આવી પરિસ્થિતિ ક્યારેય ઉભી ના થાય એ માટે હેતાને દૂર મોકલી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો.



હેતાની હોસ્ટેલ જવાની વાત આસપાસમાં વાયુવેગે પ્રસરી ગઈ. એની ફ્રેન્ડસ પોતપોતાની સમજ પ્રમાણે એને ડરાવવા લાગ્યા. હોસ્ટેલનો માહોલ, એના નિયમો, એની તકલીફો અંગે એ બધા પાસે જેટલું જ્ઞાન હતું એ એમણે હેતા સામે ખડકી દીધું.

પહેલેથી જ ડરેલી હેતાનું મન હવે થથરી ગયું, કારણ કે આ વખતે એને હોસ્ટેલમાં કે બહારગામ ભણવા મોકલી દેવાની વાત ઘરમાંથી, ખાસ કરીને મમ્મીના મોંએથી છાશવારે મળતી ધમકી નહીં, પણ હકીકત હતી.

જવાના આગલા દિવસે એણે એક છેલ્લો પ્રયત્ન કર્યો. મમ્મી પાસે જઈ એ રીતસર આજીજી કરતાં બોલી : ‘મમ્મી, મને નથી ખબર મને કેમ આવો ગુસ્સો આવી જાય છે, પણ હું આવું ક્યારેય નહીં કરું. તું મને હોસ્ટેલ ના મોકલ.’

હેતાના વર્તનથી પોતાનાં બાળકો હતા- નહતા થઈ જાત એ વાત એની મમ્મી ભૂલી નહોતી એટલે રોષપૂર્વક એ માત્ર એટલું જ બોલી કે, ‘તારો આવો એગ્રેસિવ સ્વભાવ બદલાશે તો જ હવે ઘેર પાછું આવવા મળશે...’

નિરાશ હેતા ધીમા પગલે એના રૂમમાં આવી. ‘મારું કોઈ છે જ નહી. હું સાવ એકલી છું...’ એવો લાચારીભર્યો વિચાર, ક્ષણવારમાં ‘હવે હું આ ઘરમાં ક્યારેય પાછી નહી આવું... આ કોઈનું મોં ફરીથી જોઈશ નહીં...! ’ જેવા આક્રમક વિચારોમાં ફેરવાય ગયો.

એ પછીનો આજે પંદરમો દિવસ છે. દિવસ-રાત સતત રોતી રહેતી હેતાએ એના રૂમ મેટ્સ સાથે એક પણ વખત વાત કરી નહોતી. એ વાતની જાણ એની રૂમમેટ્સે મેટ્રન મેડમને કરતાં આજે એ પથારીમાં ડૂસકાં ભરતી હેતા પાસે પહોંચે છે. હેતાને વ્હાલથી આવું થવાનું કારણ પૂછે છે ત્યારે આખી વાત માંડીને કર્યા પછી હેતા સવાલ કરે છે : ‘એના ઈમોશન્સની કોઈને કેમ પરવાં નથી? પોતે આક્રમક છે એનું લેબલ લગાવી દીધું પણ આવું શા માટે થાય છે એ જાણવાની તસ્દી કેમ કોઈ લેતું નથી? મારામાં એગ્રેસન છે તો એને કઈ રીતે હું દૂર કરી શકું? મારા પેરેન્ટ્સની શું ભૂલ નથી? એને કોણ સમજાવશે? ’

આવું એકીશ્વાસે બોલી ગયેલી હેતાને પાણી પીવાનો ઈશારો કરી મેટ્રન મેડમ જવાબ આપે છે : ‘હેતા, તારો પ્રશ્ન બિલ્કુલ સાચો છે. એગ્રેસન કે આક્રમકતાને નાથવી કોઈ પણ ઉંમરે અઘરી છે. એમાંય હજુ બાળપણના બીજમાંથી ઊગીને ઊભા થતાં તારા જેવડાં તરુણો માટે આ એક એવો મોન્સ્ટર-રાક્ષસ સાબિત થાય છે, જે ક્યારેક તમારું આખું જીવન પલટી નાખે છે. જો હેતા, તારા કિસ્સામાં પણ એ જ બન્યું. એગ્રેસિવ બિહેવિયરને કન્ટ્રોલ ના કરી શકવાની તારી અણઆવડત અંતે તને ઘરથી હોસ્ટેલ સુધી ઢસડી લાવી... આપણી અંદર ઉદ્ભવતા અનેકાનેક ઈમોશન્સમાં આક્રમકતા કે એગ્રેસન એક ખૂબજ સશક્ત ઈમોશન છે.

આથી, તરુણાવસ્થાની નાજુક વયે તે સૌથી વધુ પરેશાની ઉત્પન્ન કરી શકે છે. હવે તું અહીં રહીશ પછી ધીમે-ધીમે આ વાતો શીખી જઈશ અને અહીંથી જવાનો વખત આવશે ત્યારે ગુસ્સો પણ નહી કરતી હોય. એ વાતની મને ખાતરી છે.... અને રહી વાત તારા મમ્મી-પપ્પાને એની ભૂલ સમજાવવાની તો એ માટે હું એમને અહીં બોલાવીશ. ઓકે?’ કહી મેડમે હેતાના માથા પર હેતપૂર્વક હાથ પસવારી એને શાંતીથી સૂઈ જવાની સૂચના આપી અને કચવાતાં મને પોતાના રૂમ પર આવી હેતાના પેરેન્ટ્સને ફોન કરવા મેટ્રન મેડમ સવાર પડવાની રાહ જોવા લાગ્યાં. ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ભારતની પ્રથમ મહિલા વિધાનસભ્ય: મુત્તુલક્ષ્મી રેડ્ડી



ભારતની પહેલી મેડિકલ ગ્રેજ્યુએટ, પહેલી હાઉસ સર્જન, મદ્રાસ વિધાન પરિષદની પહેલી મહિલા ઉપાધ્યક્ષ અને ભારતની પહેલી વિધાન સભ્ય... કેટલીયે પહેલ કરનાર મહિલા તરીકે ઓળખાય છે એ !

મુત્તુલક્ષ્મી રેડ્ડીને મળો... મહિલા તબીબ અને વિવિધ ક્ષેત્રે અસાધારણ પ્રદાન કરનાર સામાજિક કાર્યકર. છોકરાઓની શાળામાં પ્રવેશ મેળવનાર પહેલી મહિલા. પિતા એસ. નારાયણસ્વામી આયર શિક્ષિત આગેવાન અને સમાજસેવી હતા. તેઓ અંગ્રેજી સાહિત્યના વિદ્વાન પ્રાધ્યાપક અને તમિળનાડુમાં આઝાદી પૂર્વેના એક નાનકડા રાજ્ય પુદુકોટ્ટામાં મહારાજા કોલેજનાં આચાર્ય હતા. માતા ચંદ્રમ્માલ દેવદાસી રહેલાં. મધ્યમવર્ગીય કુટુંબનું આ સંતાન અભ્યાસમાં તેજસ્વી હતું. ભણવામાં તેમનો રસને જોઈને પુદુકોટ્ટાઈના રાજા માર્તંડ ભૈરવ થોંડમને તેમને હાઈસ્કૂલમાં પ્રવેશની પરવાનગી આપી અને સ્કોલરશિપ પણ આપી. એ સમયે તે શાળામાં એકમાત્ર વિદ્યાર્થિની હતાં. તેમણે ૧૯૦૩માં મેટ્રિક અને ૧૯૦૫માં ઇન્ટરમીડિયેટ પરીક્ષા પાસ કરી. ૧૯૦૭માં તેમણે તબીબી વિદ્યાના ક્ષેત્રે પ્રવેશ મેળવ્યો ત્યારે તેમને હતોત્સાહ કરતું વાતાવરણ હતું; પરંતુ ૧૯૧૨માં મદ્રાસ મેડિકલ કોલેજમાં સર્જરી વિષયમાં સોમાંથી સો ગુણ મેળવી પહેલા ક્રમે આવીને અને ગોલ્ડ મેડલ મેળવીને તેમણે સૌને દંગ કરી દીધાં હતાં. આમ છતાં મહિલા વિદ્યાર્થિની તરીકે તેમનો વર્ગ અલગ રહેતો અને તેઓ એ વર્ગનાં એકમાત્ર વિદ્યાર્થિની હતાં. કેટલાક વરિષ્ઠ પ્રાધ્યાપકો તેમને સર્વસાધારણ-જનરલ વર્ગમાં પ્રવેશવા દેવા તૈયાર નહોતા. આ બધું હોવા છતાં મેડિકલ કોલેજના અભ્યાસનાં વર્ષો દરમિયાન મોટા ભાગના ગુણવત્તાનાં ચંદ્રકો અને ઇનામો તેમને ભાગે જતાં. બ્રિટિશ શાસન દરમિયાનના મદ્રાસ ઇલાકાનાં તેઓ સૌપ્રથમ મહિલા તબીબ બન્યાં. તેઓ ગવર્નમેન્ટ મેટર્નિટી ઍન્ડ ઑપ્થેલ્મિક હોસ્પિટલનાં પ્રથમ મહિલા હાઉસ-સર્જન હતાં.

ત્યાર બાદ તે ઉત્તરોત્તર વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરતાં રહ્યાં. અંગ્રેજી ભણી તબીબ બનનાર આ મહિલા બેડમિંટનનાં સારાં ખેલાડી હતાં. તેમની ઉત્તમ શૈક્ષણિક કારકિર્દીથી પ્રભાવિત થયેલા ડૉ. સુંદર રેડ્ડીએ મુત્તુલક્ષ્મીના પિતા સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો અને ૧૯૧૪માં બંને લગ્નગ્રંથિથી જોડાયાં. મુત્તુલક્ષ્મીએ જાહેર જીવનમાં કારકિર્દી કરવા દેવાની શરતે જ તેમનો લગ્નનો પ્રસ્તાવ મંજૂર રાખ્યો હતો.

મુત્તુલક્ષ્મીને ૧૯૨૬માં વુમન્સ ઇન્ડિયન ઍસોસિયેશન દ્વારા મદ્રાસ વિધાન પરિષદની કાઉન્સિલમાં નોમિનેટ કરવામાં આવ્યાં. ૧૯૩૦માં તિરુવન્નામલાઈના અદ્યાર ગામમાં જમીન ભાડે લઈ અવાઈ હોમની સ્થાપના કરી, જ્યાં નાતજાતના ભેદભાવ વિના અનેક કન્યાઓને બાળકો સમેત આશરો આપવામાં આવતો. વળી તેમને નર્સિંગ તથા અન્ય ક્ષેત્રોની તાલીમ આપી પગભર પણ બનાવવામાં આવતી. ૧૯૪૮માં મદ્રાસ રાજ્યમાં દારૂબંધી દાખલ કરાઈ ત્યારે પણ અવાઈ હોમે ઘણી મહિલાઓને આશ્રય પૂરો પાડેલો. આ પ્રવૃત્તિના સંદર્ભમાં લગ્ન માટે કન્યાઓની વય ઊંચી લઈ જવા અંગેનો કાયદો ત્યાંની ધારાસભામાં પસાર કરાવી તેમણે અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી. વળી હિંદુ મંદિરો દેવદાસી પ્રથાની અનીતિને પોષતાં તે બાબત તેમના ધ્યાનમાં આવી, તેથી દેવદાસી-પ્રથાની નાબૂદીનું આંદોલન શરૂ કર્યું. અંતે દેવદાસી-પ્રથા પર પ્રતિબંધ મૂકતો કાયદો ઘડાવી ઐતિહાસિક અને યશસ્વી કાર્ય પાર પાડ્યું. ધારાસભામાં લગ્ન માટે છોકરીઓની સંમતિ લેવાની ઉંમર ૧૪ વર્ષથી વધારવા માટેના બિલનો પ્રસ્તાવ રજૂ કર્યો.

આ સાથે તેમની અનેકવિધ પ્રવૃત્તિઓ સમાંતરે ચાલતી રહી હતી. તેમણે મુસ્લિમ મહિલા સંગઠનનું સમર્થન કર્યું. ૧૯૨૬માં ચેન્નઈ વિધાનસભાનાં સભ્ય બન્યાં, ત્યારે તેઓ સમગ્ર બ્રિટિશ હિંદુસ્તાનનાં સૌપ્રથમ મહિલા વિધાનસભ્ય હતાં. આ જ વર્ષે પેરિસની વિમેન્સ ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં તેમણે હાજરી આપી હતી. ૧૯૨૮માં તેઓ સર્વસંમતિથી વિધાનસભાનાં ઉપાધ્યક્ષ ચૂંટાયાં હતાં. ૧૯૨૭માં બાળકો માટેની પ્રથમ હોસ્પિટલ શરૂ કરાવી. ૧૯૩૧-૪૦ દરમિયાન ‘સ્ત્રી-ધર્મ’ સામયિકના તંત્રીપદે રહી કામ કર્યું અને મહિલાજાગૃતિના ક્ષેત્રે સભાનતા પ્રસરાવવા પ્રયત્નશીલ રહ્યાં. તે સાથે તેઓ વિમેન્સ ઇન્ડિયા ઍસોસિયેશન દ્વારા પણ મહિલાજાગૃતિ માટે કામ કરતાં રહ્યાં. પરિણામે અનેક સામાજિક સુધારા કરતા ખરડા લાવી તેમણે સરકાર દ્વારા તે અંગેના કાયદા ઘડાવ્યા; જેમાં બહુપત્નીત્વ વિરોધી ધારો નોંધપાત્ર હતો. ઑલ ઇન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ દ્વારા આંદોલન કરીને તેમણે સરકારને મેમોરેન્ડમ આપ્યું. એથી મહિલા મતાધિકારના ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ શકી. તેમના આ પ્રયાસોમાં શ્રીમતી હમીદ અલી અને રાજકુમારી અમૃત કૌરનો ભારે સહકાર રહ્યો. આથી ૧૯૩૫માં અંગ્રેજોએ અંશતઃ મહિલા મતાધિકારનો સ્વીકાર કર્યો હતો.

મુત્તુલક્ષ્મીની નાની બહેન કેન્સર અંગેની સારવારના અભાવે અવસાન પામી ત્યારે ચેન્નઈમાં કેન્સર ઇન્સ્ટિટ્યૂટ ખોલવાનો તેમણે પાકો મનસૂબો કર્યો. તે વેળા તબીબી ક્ષેત્રે પણ કેન્સરના બચાવ માટેની અલ્પ દવાઓને કારણે તેમને અન્ય તબીબોનું ખાસ પ્રોત્સાહન ન સાંપડ્યું, પરંતુ આરંભેલું કામ અધૂરું છોડવાની તેમની ટેવ નહોતી, તેથી તેઓ સતત પ્રયત્ન કરીને કેન્સર ઇન્સ્ટિટ્યૂટ ખોલીને જ જંપ્યાં. આજે તે ભારતભરની એક ખ્યાતનામ કેન્સર હોસ્પિટલ છે. તેમના પુત્ર અને કેન્સર ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષપદે ડો. કૃષ્ણમૂર્તિ પણ આ ક્ષેત્રે પ્રવૃત્ત રહ્યા.૧૯૫૪-૫૭ દરમિયાન તેઓ રાજ્ય સરકારના સમાજકલ્યાણ કેન્દ્રનાં પ્રથમ અધ્યક્ષ બન્યાં. મહિલાઓ અને બાળકો માટેની સતત અને સુદીર્ઘ કારકિર્દીની કદર કરીને ભારત સરકારે તેમને ૧૯૫૬માં દેશના ત્રીજા સૌથી સર્વોચ્ચ સન્માન પદ્મભૂષણથી સન્માનિત કરેલાં.

તેમની જન્મશતાબ્દીએ તમિળનાડુ રાજ્ય સરકારે સો નવાં સાક્ષરતા-કેન્દ્રો ખોલી; ૫૦૦૦૦ મહિલાઓને સાક્ષર બનાવવાની સક્રિયતા દાખવી. તેમાં તેમનાં પુત્રવધૂ મંદાકિની કૃષ્ણમૂર્તિનો અસાધારણ સહયોગ પ્રાપ્ત થયો હતો. સાદાં, માયાળુ અને મમત્વથી ભર્યાં ભર્યાં શ્રીમતી રેડ્ડી નવાં નવાં કાર્યક્ષેત્રોની જનેતા હતાં. સૌથી વિશેષ તો તેમણે આ વિવિધ ક્ષેત્રોમાં બીજી હરોળનું નેતૃત્વ તૈયાર કરીને તેમની દીર્ઘદૃષ્ટિનો સૌને પરિચય કરાવ્યો હતો. તેમના ‘માય એક્સપિરિયન્સીઝ ઍઝ એ લેજિસ્લેટર’ ગ્રંથમાં તેમની ધારાસભા વિષયક સેવાઓની નોંધ સંગ્રહિત થયેલી છે. ૨૨ જુલાઈ ૧૯૬૮ના રોજ મુત્તુલક્ષ્મીનું મૃત્યુ થયું, પણ પ્રથમ મહિલા વિધાનસભ્ય તરીકે તેમનું નામ ચિરંજીવ બની ગયું ! ■

ફેશન
ખુશ્બુ મૃણાલી ઠક્કર
feedback.ladki@
bombaysamachar.com

# વોટ્સ હૂડી?



હૂડી એટલે જે ડ્રેસ કે ટી શર્ટમાં ટોપી અટેચ હોય એટલે કે તમે તમારું માથું જે વસ્ત્રથી કવર કરો તેને હુઝડી કહેવાય કે જે ટી શર્ટ અથવા ડ્રેસ સાથે જોડાયેલું હોય છે. મોટે ભાગે હૂડી ડ્રેસ કે ટી-શર્ટમાં હોય છે અને હૂડી પહેરવાથી એક સ્માર્ટ અને ફન્કી લૂક આવે છે. હૂડી એ યંગ યુવક અને યુવતીઓમાં વધારે પ્રચલિત છે. હૂડીએ શિયાળામાં પહેરવામાં આવતું વસ્ત્ર છે કે જેનાથી માથું કવર કરવાથી હૂંફ મળે. હૂડીમાં બેઝિક સ્ટાઇલ જ આવે છે અને જે ક્યારેય આઉટ ઓફ ફેશન લાગતી નથી. હૂડી બધા જ કલરમાં મળે છે. તમે તમારી સ્કિન ટાઈપ અને બોડી ટાઈપ હિસાબે કલરની અને હૂડીના સ્ટાઈલની પસંદગી કરી શકો. હૂડી ડેનિમ સાથે કે પછી ડેનિમની શોટ્ર્સ સાથે ખૂબ જ સ્માર્ટ લુક આપે છે. ચાલો જાણીયે હૂડીની અલગ અલગ સ્ટાઇલ અને તેને કઈ કઈ રીતે પહેરી શકાય .

ઝીપ્પર હૂડી - ઝીપ્પર હુડી એટલે જે હૂડીમાં ઝીપ હોય કે જે ફ્રન્ટથી ઓપન થઇ શકે. મોટા ભાગે ઝીપ્પર હૂડી ટી શર્ટની ઉપર પહેરવામાં આવે છે. જેથી તમે ઝિપને બંધ ન કરી ઓપન પણ રાખી શકો. ઝીપ્પર હૂડી એક સ્ટાઇલ સ્ટેટમેન્ટ તરીકે વપરાય છે. હૂડીમાં બ્રાઇટ કલર પહેરવા જેથી અટ્રેક્ટિવ લુક આવે, અને ડેનિમ સાથે બ્રાઇટ કલર સારા જ લાગે છે. બ્લુ ડેનિમ તેની સાથે બ્લેક ટી શર્ટ અને ઓરેન્જ કલરનું ઝીપ્પર હૂડી. જો તમારે ફૂલ ઓપન ન રાખવું હોય તો તમે હાલ્ફ ઓપન પણ રાખી શકો. એટલે કે ઝીપ માત્ર ચેસ્ટ સુધી જ બંધ કરવી . પછી ખુલ્લી રાખવી . ઝીપ્પર હુડી એ યુવક અને યુવતી એમ બન્ને પેહરી શકે. ઝીપ્પર હૂડી સાથે લોફર્સ કે સ્પોટ્ર્સ શૂઝ પહેરી શકાય અથવા તો કેઝ્યુલ લુક માટે બ્રોડ પટ્ટી વાળા સ્લીપર પહેરી શકાય.

ટી શર્ટ હૂડી - ટી શર્ટ હૂડી એટલે જે હૂડી ટી શર્ટ સાથે જ અટેચ હોય. કે જે ટી શર્ટની જેમ જ માથું નાખીને ઉપરથી પહેરવાનું હોય. ટીશર્ટ હૂડીની પેટર્ન બેઝિક જ હોય છે. પરંતુ સ્લીવ્ઝમાં વેરિએશન હોય છે જેમકે , સ્લીવલેસ , શોર્ટ સ્લીવ્ઝ કે પછી ફૂલ સ્લીવ્ઝ. તમારી જરૂરિયાત મુજબ તમે સ્લીવ્ઝની ચોઈસ કરી શકો. જે સ્લીવલેસ ટી શર્ટ હૂડી હોય તેમાં કોન્ટ્રાસ્ટ કલરનું ટી શર્ટ પહેરી શકાય. જેમકે, બેજ કલરનું ટી શર્ટ હૂડી હોય તો અંદર મરૂન કલરનું ટી શર્ટ પહેરી શકાય અને નીચે બ્લેક ડેનિમ ટિમ અપ કરી શકાય. ભલે કપડાં કેઝ્યુઅલ હોય પરંતુ જો પ્રોપર કલર કોમ્બિનેશન સાથે પહેરવામાં આવે તો અટ્રેક્ટિવ જ લાગે. સિઝન પ્રમાણે તમે શોર્ટ સ્લીવ્ઝ કે પછી લોન્ગ સ્લીવ્ઝની પસંદગી કરી શકો. હૂડીમાં ક્રોસ પોકેટ હોય છે. ક્રોસ પોકેટ વાળા હૂડી ટી શર્ટ યન્ગ યુવતીઓ ડેનિમ સ્કર્ટ્સ સાથે પણ પેહરી શકે .

હુડી ડ્રેસ - હૂડી ડ્રેસ એટલે જે ટી શર્ટ ડ્રેસ હોય તેમાં હૂડી અટેચ હોય. આ ડ્રેસમાં બે જાતના ફિટિંગ આવે છે એક બોડી હગિંગ અને બીજું લુઝ ફિટ. આ ડ્રેસમાં પ્રિન્ટ પણ હોય છે જેમકે, ફ્લોરલ, સ્ટ્રાઈપ કે પછી કોઈ રાઇટિંગ. હુડી ડ્રેસ સોલિડ કલર્સમાં હોય છે અથવા તો પેસ્ટલ. આ આઉટફિટ કેઝ્યુઅલ આઉટિંગ કે હોલીડે માટે પરફેક્ટ વેર છે. હૂડી ડ્રેસ એટલે કમ્ફર્ટ અને સ્ટાઇલનું કોમ્બિનેશન. હૂડી ડ્રેસ હોઝિયરી ફેબ્રિકમાંથી બનાવેલા હોય છે અને તે બોડી હગિંગ હોવાથી શરીરનો આખો શેપ લઇ લે છે તેથી જ લાંબી પાતળી યુવતીઓ પર ફિટેડ હૂડી ડ્રેસ સારા લાગે. જો તમારું શરીર ભરેલું હોય અને તમને હૂડી ડ્રેસ પહેરવા હોય તો તો તમે લુઝ ફિટિંગ વાળા ડ્રેસ પહેરી શકો જેથી તે શરીરને ચીપકે નહિ અને કમરનો, પેટનો કે હિપ્સ નો ભાગ વધારે હોય તો ખરાબ ન લાગે. હૂડી ડ્રેસ સાથે લોફર્સ અથવા સ્પોટ્ર્સ શૂઝ પહેરી શકાય. ■

ફોકસ
પ્રતિમા અરોરા
feedback.ladki@
bombaysamachar.com

# ધ્યાન રાખજો, ગ્લિટર આઈશેડો તમારી સુંદરતાને ન બગાડે


મેકઅપ સુંદરતામાં વધુ નિખાર લાવી દે છે એ તો આપણે સૌ જાણીએ છીએ. જોકે એને વાપરવાની યોગ્ય માહિતી ન હોય તો એ ક્યારેક તમારા દેખાવને હાસીપાત્ર પણ બનાવી દે છે. આવો જ એક મેકઅપ છે ગ્લિટર આઇશેડો, જે તમારી આંખોને હટકે લુક તો આપે છે, સાથે જ આકર્ષક પણ બનાવે છે, પરંતુ જો એને સારી રીતે આંખો પર અપ્લાય ન કરવામાં આવે તો એ સુંદરતામાં ડાઘ સમાન દેખાય છે. એથી ગ્લિટર આઇશેડોનો ઉપયોગ કરતી વખતે કેટલીક ખાસ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. જેથી આંખો તો સુંદર દેખાય, પરંતુ એ મેકઅપ લાંબા સમય સુધી પણ ટકી રહે. અહીં કેટલીક ટિપ્સ શેર કરીએ છીએ, જે તમને ઉપયોગમાં આવી શકે છે.

**પ્રાઇમરનો ઉપયોગ કરવોઃ** ગ્લિટર આઇશેડો લગાવતાં પહેલા આઇશેડો પ્રાઇમર લગાવવું જોઈએ. એ ગ્લિટરને સેટ કરવામાં મદદ કરે છે. સાથે જ આઇશેડોને ફેલાતાં અટકાવે છે.

**ફિક્સિંગ સ્પ્રેનો ઉપયોગઃ** ગ્લિટર આઇશેડો લગાવ્યા બાદ હલકા ફિક્સિંગ સ્પ્રેનો ઉપયોગ કરવો. જેથી ગ્લિટર સરળતાથી હટતો નથી અને લાંબા સમય સુધી રહે છે.

**ઓછી માત્રામાં લગાવવોઃ** ગ્લિટર શેડોને એક જ સમયમાં વધારે માત્રામાં લગાવવાને બદલે થોડી માત્રામાં લગાવવો. એથી ગ્લિટર ઓછું ફેલાશે અને એને કન્ટ્રોલ કરી શકાશે.





**બ્રશને બદલે આંગળીથી આઇશેડો લગાવવોઃ** ગ્લિટર શેડોને તમારી આંગળીથી હલકી ટૅપિંગ મુવમેન્ટ સાથે લગાવવો. આંગળીથી એ સરળતાથી લાગી જાય છે.

**મેકઅપને બેલેન્સ કરવોઃ** ગ્લિટર આઇશેડો પહેલેથી જ ગ્લેમરસ હોય છે. એથી એને બેલેન્સ કરવા માટે મેકઅપને સિમ્પલ રાખવો. લિપસ્ટિકને ન્યૂડ શેડ કાં તો પિંક ટોનમાં લગાવવો, જેથી આંખો પર ધ્યાન ખેંચાય.

**આઉટર કોર્નર પર ડાર્ક કલર લગાવવોઃ** ગ્લિટર આઇશેડોને વધુ નિખારવા માટે આઉટર કોર્નર પર ડાર્ક કલરનો ઉપયોગ કરવો. જે તમારી આંખોને મોટી અને આકર્ષક દેખાડે છે.

**અન્ડર આઇ હાઇલાઇટ કરોઃ** ગ્લિટરનો હલકો શેડ તમારી ઇનર કોર્નર અને અન્ડર આઇ પર પણ લગાવો. એનાથી આંખો ચમકદાર અને ફ્રેશ દેખાશે.

**મિનીમલ ફૉલઆઉટ ક્લીનઅપઃ** જો ગ્લિટર તમારી સ્કીન પર પડે તો એને હલકા હાથે સાફ કરવું. ટૈપ કરીને પણ એને સરળતાથી હટાવી શકાય છે.

### અન્ય ખાસ બાબતો

**ગ્લિટરની પસંદગીઃ** જો તમે થીમ પાર્ટીમાં જઈ રહ્યાં હોવ તો મેકઅપ માટે ગ્લિટરની પસંદગી પર ખાસ ધ્યાન આપવું જોઈએ. ઉદાહરણ તરીકે તમારા ડ્રેસનો કલર કયો છે? આઇશેડોના કેટલાક કલર સામાન્ય છે. જેમ કે બ્લૅક, વાઇટ, સિલ્વર કાં તો ગોલ્ડન. એ કોઈ પણ આઉટફિટ સાથે મૅચ થઈ જશે.

**ક્વૉલિટીઃ** ઘણી વખત આપણે બેદરકારીથી આઇશેડો ખરીદી લઈએ છીએ. એથી આઇશેડો બ્રાન્ડેડ અને સારી ક્વૉલિટીનો લેવો જોઈએ. ત્યારે જ તમારી આંખો આકર્ષક દેખાશે.

**ક્રીમ આઇશેડોઃ** ગ્લિટર આઇશેડો લગાવતાં પહેલાં ક્રીમ બેઝ આઇશેડો લગાવવો જોઈએ. એનાથી ચહેરા પર ગ્લિટર ફેલાશે નહીં.

**કેવી રીતે લગાવવોઃ** આઇશેડો લગાવવા માટે ગ્લિટર એપ્લીકેટરનો ઉપયોગ કરવો જોઈએ. પહેલા તો સિંગલ કોટ લગાવવો જોઈએ. એને લગાવતી વખતે આંખોના પલકારા ન થવા જોઈએ અને હાથ પણ ન હલવા જોઈએ.

**બેઝ કલરથી શરૂઆત કરવીઃ** જો તમે બેઝ કલરનો ઉપયોગ કરશો તો એનાથી ગ્લિટરમાં એક્સ્ટ્રા ચમક આવે છે. સ્મોકી લુક માટે બેઝ કલરનો ઉપયોગ કરી શકાય છે. એના માટે વધારે પડતો બેઝ કલર લગાવવાની જરૂર નથી.

**ફાઇનલ ટચઃ** ખૂબ જ સતર્કતાથી આઇશેડો લગાવવા છતાં પણ એ ચહેરા પર ફેલાઈ જાય છે. એથી મેકઅપને ફાઇનલ ટચ આપતી વખતે ચહેરા પર માસ્કિંગ ટૈપનો ઉપયોગ કરવો. એથી ચહેરા પર લાગેલો ગ્લિટર સરળતાથી હટાવી શકાય.

**આવી રીતે કરવો રિમૂવઃ** આંખો પર લગાવેલા ગ્લિટર આઇશેડોને સરળતાથી હટાવી શકાય છે. એને બેબી ઑઇલ અથવા તો ક્લિંઝરની મદદથી હટાવી શકાય છે. માસ્કિંગ ટૈપથી પણ એને દૂર કરી શકાય છે. ■

વિશેષ
સંધ્યા સિંહ
feedback.ladki@
bombaysamachar.com

# યંગસ્ટર્સમાં છે ફ્રૂટ પ્રિન્ટ્સ પરિધાનની બોલબાલા



ફેશન વર્લ્ડમાં રોજેરોજ કાંઈ ને કાંઈ નવો ઉમેરો થતો રહે છે, જે યુવાનોને ખૂબ પસંદ પણ પડે છે અને તેઓ પણ અવનવું ટ્રાય કરતાં રહે છે. આવો જ એક ટ્રેન્ડ હાલમાં શરૂ થયો છે ફ્રૂટ પ્રિન્ટ્સ પરિધાનનો. યંગસ્ટર્સને એ ખૂબ આકર્ષક પણ કરે છે. ફ્રૂટ પ્રિન્ટ્સવાળા આઉટફિટ્સ હવે ઑલ-સિઝન ટ્રેન્ડ બની ગયો છે. આ પ્રિન્ટ્સમાં તાજગી અને એક નવાપણું જોવા મળી રહ્યું છે. ગરમી અને શિયાળાની સિઝનમાં પણ એ પરિધાન ખાસ આકર્ષણ જમાવે છે. આ પ્રિન્ટ્સ એક મજેદાર અને ચુલબુલા અંદાજને દેખાડે છે. યંગ ગર્લ્સને પોતાની પર્સનાલિટીના હિસાબે એ ખૂબ ગમે છે. ફ્રૂટ પ્રિન્ટ્સની ખાસિયત એ છે કે તમે એમાં વેસ્ટર્નની સાથે ટ્રેડિશનલ પણ પહેરી શકો છો.

**ઠંડીની ઋતુ માટે ફ્રૂટ પ્રિન્ટ્સના ઑપ્શન જોઈએઃ**

**ફ્રૂટ પ્રિન્ટેડ સ્વેટરઃ** તમને કેરી, અનાનસ, ચેરીની પ્રિન્ટ્સના સ્વેટર કે પછી પૂલઓવર મળી રહેશે. જે શિયાળામાં વાઇબ્રેન્ટ અને યુથફુલ દેખાશે.

**ફ્રૂટ થીમ્ડ જેકેટ્સઃ** લીંબુ, સંતરા કે પછી સ્ટ્રોબેરી પ્રિન્ટવાળા લેડિઝ જેકેટ્સ અથવા તો ડેનિમ જેકેટ્સ એક સારો ઑપ્શન છે. જે તમારી પર્સનાલિટીને અનોખો અને ફ્રેશ લુક આપે છે.

**ફ્રૂટ પ્રિન્ટેડ સ્કાર્ફ અને શૉલ્સઃ** આ સ્કાર્ફ અને શૉલ્સ તમને ઠંડીથી રક્ષણ તો આપે જ છે, પરંતુ સાથે જ એક રંગીન લુક પણ આપે છે. એમાં તમને પપૈયાં, કેળા અને દ્રાક્ષની પ્રિન્ટ્સ મળી રહેશે.

**ફ્રૂટ પ્રિન્ટેડ બ્લેઝર્સઃ** શિયાળામાં ફેશનેબલ દેખાવા માટે બ્લેક કાં તો ડાર્ક કલરના બેઝની સાથે કેળા અથવા તો દ્રાક્ષની પ્રિન્ટ્સવાળા બ્લેઝર એક અનોખો લુક આપશે. આ બ્લેઝર યુવતીઓની સાથે યુવકો પણ પહેરી શકે છે.

**મફલર અને હેન્ડબૅગ્સઃ** ફળોની થીમ પર આધારિત મફલર અને હેન્ડબૅગ્સ સ્ટાઇલિશ દેખાય છે. સાથે જ એને કૅરી કરવું પણ સરળ છે.

### ફૂલ લુક અને કમ્ફર્ટ

ફ્રૂટ પ્રિન્ટેડ કપડાં તમને આકર્ષક લુકની સાથે આરામ પણ આપશે. જો તમને હેવી વર્કવાળા પરિધાન અને ડાર્ક કલર નથી પસંદ તો તમને આ ડિઝાઈનવાળા આઉટફિટ્સ અલગ લુક આપશે.

ફ્રૂટ પ્રિન્ટેડ કપડાં ખરીદતા પહેલાં કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

ફ્રૂટ પ્રિન્ટવાળી ટી-શર્ટને તમે લુઝ પેન્ટ્સ કાં તો પાયજામા સાથે પહેરી શકો છો. ટી-શર્ટ કે પછી ટૉપ પર ફ્રૂટ પ્રિન્ટ છે તો સિમ્પલ સ્કર્ટ કાં તો સિમ્પલ પેન્ટ પહેરવું જોઈએ.

ટ્યુનિક ડ્રેસમાં નાની ફ્રૂટ પ્રિન્ટ્સ સારી દેખાશે. વર્તમાનમાં ડ્રેસ અથવા તો લાંબા ગાઉન પર નાની પ્રિન્ટનું ચલણ છે. કૅઝ્યુઅલ વેયરમાં આ સારું દેખાય છે.

હેન્ડ બૅગ્સ, ક્લચ, પર્સ, સ્લિંગ બૅગ્સમાં ફ્લોરિસેન્ટ કલરની ફ્રૂટ પ્રિન્ટ્સ ટ્રેન્ડમાં છે. પિકનિક પર જાઓ તો ફન્કી ફ્રૂટ પ્રિન્ટ્સવાળી સ્લિંગ બૅગ્સ કૅરી કરવી. ફ્રૂટના આકારની બૅગ પણ હાલમાં ફેમસ થઈ છે.

કૉલેજમાં જતી યુવતીઓને પણ ફ્રૂટના શેપની જ્વેલરી પસંદ છે. ફ્રૂટ પ્રિન્ટની ફન્કી જ્વેલરી લોકોને ખૂબ આકર્ષક લાગે છે. એમાં ઇયરરિંગની સાથે બ્રેસલેટ પણ મળી રહે છે.

### ફ્રૂટ પ્રિન્ટ્સવાળા ફૂટવેયર

હાલમાં ફૂટ વેયરમાં પણ ફ્રૂટની પ્રિન્ટ જોવા મળી રહી છે. એમાં ચેરી, સ્ટ્રોબેરી જેવી રંગબેરંગી ડિઝાઈન યુવતીઓને ખૂબ ગમી રહી છે. એમાં હિલ્સ, ફ્લેટ્સ, રેઇન બૂટ્સ, સેન્ડલ્સ અને સ્પૉર્ટ શૂઝમાં પણ મિક્સ ફ્રૂટની પ્રિન્ટ અલગ તરી આવે છે. જોકે એ પહેરતાં પહેલા તમારા આઉટફિટ્સ સાથે પહેલા તાલમેળ જોઈ લેવો જરૂરી છે. ફ્રૂટની પ્રિન્ટનાં કપડાં પહેરો ત્યારે ફૂટ વેયર અને હેન્ડબૅગ સિમ્પલ રાખવી જોઈએ.

**અમુક ટિપ્સ બનાવશે તમને સ્માર્ટ**

જો તમે ઓવર વેટ હોવ તો મોટી પ્રિન્ટ્સને બદલે નાની પ્રિન્ટ્સનો ડ્રેસ પસંદ કરવો.

ફોર્મલ ડ્રેસમાં ફ્રૂટ પ્રિન્ટ ટાળવી જોઈએ. એનાથી તમારી પ્રોફેશનલ ઇમેજ બગડી જશે.

ટીનએજર ફ્રેન્ડ્સની સાથે આવી પ્રિન્ટ્સ પહેરી શકાય છે. પ્રવાસ કે પછી બીચ પર જતી વખતે આ ફ્રૂટ પ્રિન્ટ્સ આકર્ષક લાગશે. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@
bombaysamachar.com

# ૮૦+ ઓટલા પરિષદનો ખરડોઃ સ્વર્ગ અહીં છે... અહીં છે... અહીં જ છે!



ઓટલા પરિષદના પ્રમુખ મંછીબહેને છીંકણી સૂંઘતાં સભાની શરૂઆત કરીઃ

મારી સહનશીલ, શક્તિમાન અને જેમ તેમ હસતાં રડતાં ટકી રહેલી બહેનો! મંડળો તો ઘણાં છે, પણ આપણું મંડળ એંસીથી ઉપરની બહેનોનું બનેલું છે માટે આજે, એક નવ્વાણું વરસે પણ અણનમ, કાચી કાકડી જેવાં અરુણાબહેનને મેં પ્રમુખપદે બેસાડ્યાં છે. આપણે એમને તાળી તેમ જ મંજીરાની રામધૂનથી વધાવી લઈશું, કારણ કે આપણને ક્યાં ખબર છે કે, કોને ક્યારે સ્વર્ગમાં જવાનો મોકો ભગવાન આપે! માટે મેં મારા પ્રમુખપણા હેઠળ આ એક નવી નક્કોર પ્રથા શરૂ કરી છે. જેણે જેણે જીવતાં જીવન આવું પ્રમુખપદ મેળવીને, પોતાની અંતિમ રામધૂન ગવડાવવી હોય તો એની માત્ર ટોકન પૂરતી ફી એક હજાર રાખી છે અને વયસ્ક બહેનોને એમાં કન્સેસન રૂપે, ફીમાં મૃત્યુ સમયની અંજલિ રૂપે, ‘હે નાથ જોડી હાથ પાયે, પ્રેમથી સહુ માંગીએ, જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો...’ વાળું મૃત્યુ ભજન, પૂરી આર્દ્રતા ને કરુણ સૂરમાં રડતાં રડતાં ગાઈને, જતી વેળાએ આત્માને જે ફીલિંગ થાય એવું એક દૃશ્ય ઊભું કરીશું. આત્માની શાંતિ માટે તમારા ઘરવાળા ભલે લાખ પ્રકારનાં ક્રિયાકાંડ કરાવશે, પણ આપણા મંડળના આ નિઃસ્વાર્થ વિદાય ફંક્શન જેવું ફંક્શન અને તે પણ જીવતે જીવત ક્યાં જોવા મળશે? આ તમારા ઘરવાળા કે મારા ઘરવાળા... આપણને ખબર જ છે કે ખોટા ખોટા ભેંકડા તાણશે અને જ્યારે આંસુ સુકાઈ જશે ત્યારે બ્રાહ્મણ બેસાડીને ગરુડ પુરાણથી બારમું, તેરમુંથી લઈ, તેરમાને દહાડે જ વરસી વાળીને ‘ફરજ સરસ પૂરી કરી છે’ એ બતાવવા, આવનારાઓને લાડવા-પૂરીનું જમણ કરાવી, એક એક વાસણની ગિફ્ટ આપીને રવાના કરશે.

જ્યારે આ વિધિ-વિધાન ચાલતાં હશે ત્યારે ઘરની વહુઓ અને દીકરાઓ માનાં મૃત્યુના ગમના ભારને કારણે મ્હોં લટકાવીને નહીં, પણ આ ડોશી કોઈ પણ પ્રકારનાં લખાણ વગર ઊકલી ગઈ છે તો હવે આ ચાર બહેન, ને ત્રણ ભાઈના ભાગ કેવી રીતે પડશે?’ એની ઘૂસપૂસ કરતી હશે... પછી લાગ મળતાં એક તરફ બ્રાહ્મણને ગરૂડ પુરાણ વાંચતો છોડી દઈને, પાછલા રૂમમાં તાત્કાલિક મિટિંગ શરૂ થઈ જતી હોય છે. વારાફરતી ડોહીમાનાં વહાલા દીકરાઓ અને દીકરીઓ ગહન ચર્ચામાં ઊતરી પડે છે. પહેલાં તો કોને કોને, કેટલો કેટલો અન્યાય થયો છે એની ખાતાવહીનું પઠન એક પછી એક કરવાનું શરૂ કરે. ભાઈઓથી રુદન સાથે ભાવવાહી બોલાતું નહોતું. એટલે ‘એ લોકોની વાત વજૂદ વિનાની છે ’ એવું વાતાવરણ ઊભું થવા લાગે છે. બીજી તરફ, બહેનો વચ્ચે અંદરોઅંદર કોને કેટલો અન્યાય થયો છે એની કથા રડતાં રડતાં પૂરી આર્દ્રતાથી શરૂ થાય છે ચારે બહેન સામસામે આવીને બાંય ચડાવે એ પહેલાં મોટા સાદે ભાભીઓ મેદાનમાં આવી જાય છે અને પોતાને થયેલ દુનિયાભરનો અન્યાય અને એમને આ ઘરમાં આવ્યા પછી શું શું વેઠવું પડ્યું એની રામાયણ શરૂ કરી દે છે... અને બહેનોને આડકતરી રીતે ‘હવે બસ, બહુ થયું. હવે તમારે તમારો સંસાર સંભાળવામાં જ ધ્યાન આપવું જોઈએ. બાકી આ મહાભારતમાં પડશો, તો બાવાના બેઉ બગડશે!...’ અને ત્યાં જ ભાઈઓ વળી મેદાનમાં આવે, એ પહેલાં ગોર મહારાજ ગરૂડ પુરાણને અષ્ટમપષ્ટમ સમજાવી, કરેલાં કુકર્મની નર્કમાં કેવી કેવી સજા થશે, એનો બિહામણો... હોરર ફિલ્મ જેવો સેટ અપ ઊભો કરી, ગભરાયેલ શ્રોતાઓને ચાંદલા કરી, આરતી-ઉઘરાણી ફટાફટ પતાવીને, ભોજનક્રિયા, પોટલી બાંધવાની ક્રિયા, દક્ષિણા ક્રિયા વગેરે પતાવીને, જતાં જતાં પોતાનું ઍડ્રેસવાળું કાર્ડ યજમાનને આપતાં ત્યાંથી રવાના થશે.

નર્કમાં તો જશું, ત્યારે જશું. પણ અત્યારે જો સ્વર્ગ જોઈતું હોય, તો વિના વિલંબે હમણાં જ ભાગલા પાડી લેવા જરૂરી બને છે. જનારનું શું છે? તે તો પુષ્પક વિમાનમાં બેસીને ગયાં.

‘આવાં સીન ભજવાશે આપણા ગયા પછી. એના કરતાં એક હજાર ભરીને આપણાં વિદાય ભજન આપણે જ ગાઈને જઈએ તો એના જેવું બીજું રૂડું શું ?! , હેં..?’

ત્યાં ઝીણી માસી (ઉંમર વર્ષ અઠ્ઠાણું) જેમ તેમ ઊભાં થઈ બોલ્યાં : ‘મારી તો હજી ઘણી જિજીવિષાઓ પૂરી કરવાની બાકી છે. હું હજારની જગ્યાએ જેટલી માંગો એટલી ફી ભરવા તૈયાર છું, પણ જતાં પહેલાં ફિલ્મોમાં હીરોઈન જેવાં કપડાં પહેરે છે એવાં કપડાં પહેરીને, ભજનની જગ્યાએ ડિસ્કો ડાન્સ કરતાં કરતાં... અને એનું વીડિયો રેકોર્ડિંગ કરી, એ જોતાં જોતાં વિદાય લેવી છે. ચાલો, બધા મળીને ભજનની જગ્યાએ આવું કંઈક કરીએ. બોલો, બધાને મંજૂર છે?’

બધાએ તરત જ આંગળી ઊંચી કરી. એક બોલી, ‘છો પછી આપણા છોકરાઓ જોઈને કહેતાં કે ઘરડી ઘોડીઓ જતાં જતાં હો પૈહા ઉડાવીને ગઈ!’

તરત બીજાં માજીએ કહ્યુંઃ ‘પ્રમુખશ્રી, હું તો કહું છું કે આ ભજન બજનવાળું માંડવાળ કરો, ને બધાને માટે આ ડિસ્કો ડાન્સ, રાસ-ગરબા જેવું જ રાખો. હવે આપણે પણ જમાના પ્રમાણે બદલાવું પડે કે નહીં?’

આટલું સાંભળતાં જ બધી જ માજીઓ રાજી રાજી થઈ ગઈ અને બોલી ઊઠીઃ ‘અમારા આપેલા પૈસામાંથી ભજન-બજન નહીં, પણ ડાન્સ પાર્ટીવાળું જ બરાબર છે!’

ત્યાં વળી એકે ઊભાં થઈને ભાષણ જ ઠપકારી દીધુંઃ

‘સાંભળો બહેનો, આપણે બધા જ સમદુખિયાં છીએ. આપણે પણ કેટલાંક અરમાનો પૂરાં કરવાનાં બાકી છે. આપણને આ છેલ્લી તક મળી છે, તો રોજ જ ભેગાં મળીને મનગમતાં કપડાં, મનગમતા ડાન્સ ને ગરબા, મનગમતું ખાવા-પીવાનું અને હરવા-ફરવા જવાનું. જેટલી મૂડી બચેલી છે, એ વાપરીને જવાનું. આપણને હું ખબર છે કે આપણે નરકમાં જવાનાં કે સ્વર્ગમાં! એના કરતાં જેટલા આ દિવસો અહીં બોનસ રૂપે મળ્યા છે એમાં સ્વર્ગ આપણે જાતે જ ઊભું કરવાનું... તો કાલથી આપણે રોજ સાંજના પાંચ કલાક અહીં જ સાથે પસાર કરવાના. આપણા ગયાં પછી આપણી મૂડી માટે લડવાનું બાકી જ નહીં રાખવાનું. રહેવા ઘર મૂકી જઈએ છીએ એટલું શું કાફી નથી?’

- અને પ્રમુખે એજન્ડા પસાર કરી દીધો કે હવે રોજ આ સ્વર્ગમાં જ ભેગાં થવું..!.. ■

# ટેસ્ટ રેન્કિંગમાં બુમરાહ ફરી બન્યો નંબર વન બોલર, યશસ્વીએ પણ લગાવી છલાંગ





દુબઇઃ ભારતીય ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ફરી એકવાર ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ટેસ્ટ રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચી ગયો છે. બુમરાહે તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામે પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને કુલ આઠ વિકેટ ઝડપી હતી. બુમરાહને તેના પ્રદર્શન માટે 'પ્લેયર ઓફ ધ મેચ' પણ જાહેર કરવામાં આવ્યો હતો. રોહિત શર્માની ગેરહાજરીમાં બુમરાહે આ મેચમાં કેપ્ટનશીપ સંભાળી હતી અને તેના નેતૃત્વમાં ટીમે જીત નોંધાવી હતી અને પાંચ મેચની શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી હતી.


બુમરાહે દક્ષિણ આફ્રિકાના કગીસો રબાડાને પાછળ છોડી દીધો અને એક કેલેન્ડર વર્ષમાં બીજી વખત ટેસ્ટ બોલરોની રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચી ગયો છે. ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગવાસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચની શરૂઆત પહેલા બુમરાહ બોલરોની રેન્કિંગમાં રબાડા અને જોશ હેઝલવુડ પછી ત્રીજા સ્થાને હતો. બુમરાહને પ્રથમ ટેસ્ટ મેચમાં તેના જોરદાર પ્રદર્શનનો ફાયદો મળ્યો અને તે ફરી એકવાર ટોચ પર પહોંચી ગયો. શ્રીલંકા સામે દક્ષિણ આફ્રિકાની ફાસ્ટ બોલિંગની આગેવાની કરી રહેલો રબાડા બીજા સ્થાને સરકી ગયો છે. ભારત સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં પાંચ વિકેટ લેવા છતાં ઓસ્ટ્રેલિયાનો ઝડપી બોલર જોશ હેઝલવુડ ત્રીજા સ્થાને છે.


ઓસ્ટ્રેલિયા સામે ભારતની ૨૯૫ રનની જીતમાં મહત્ત્વનું યોગદાન આપનાર યશસ્વી જયસ્વાલે પણ રેન્કિંગમાં છલાંગ લગાવી છે. તે બેટ્સમેનોની રેન્કિંગમાં બે સ્થાનની છલાંગ લગાવીને બીજા સ્થાને પહોંચી ગયો છે. હાલમાં ઈંગ્લેન્ડનો જો રુટ તેનાથી આગળ છે. યશસ્વીનો રેટિંગ પોઈન્ટ ૮૨૫ છે જે તેની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ રેટિંગ છે. યશસ્વીએ ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટની બીજી ઇનિંગમાં ૧૬૧ રનની ઇનિંગ રમી હતી. યશસ્વીએ કેએલ રાહુલ સાથે પ્રથમ વિકેટ માટે ૨૦૧ રનની ભાગીદારી કરી હતી. તેણે ૨૦૨૪માં ૧૨ ટેસ્ટ મેચમાં ૫૮.૧૮ની એવરેજથી ૧૨૮૦ રન કર્યા છે. જેમાં તેણે ત્રણ સદી અને સાત અડધી સદી ફટકારી છે.

આ સાથે જ પર્થ ટેસ્ટમાં અણનમ સદી ફટકારનાર સ્ટાર ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીને પણ નવ સ્થાનનો ફાયદો થયો છે અને તે ૧૩મા સ્થાને આવી ગયો છે. કોહલીએ ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ મેચની બીજી ઇનિંગમાં અણનમ ૧૦૦ રન ફટકાર્યા હતા. ઓસ્ટ્રેલિયાનો માર્નસ લાબુશેન ખરાબ ફોર્મના કારણે ૧૪મા સ્થાને સરકી ગયો છે. ■

ઑક્શનના ઇતિહાસમાં રેકોર્ડ-બ્રેક

# કમિન્સ અને સ્ટાર્ક કુલ ૫૦ કરોડ રૂપિયા કમાયા




નવી દિલ્હીઃ રિષભ પંત (લખનઊ, ૨૭ કરોડ રૂપિયા) આઇપીએલની હરાજીના ઇતિહાસમાં સૌથી મોંઘો ખેલાડી બન્યો અને શ્રેયસ ઐયર (પંજાબ, ૨૬.૭૫ કરોડ રૂપિયા) બીજા નંબરનો સૌથી મોંઘો પ્લેયર બન્યો એ ભારતીય ક્રિકેટ માટે ગૌરવની વાત છે, પરંતુ વિશ્વની આ સૌથી લોકપ્રિય ક્રિકેટ ટૂર્નામેન્ટની હરાજીના ઇતિહાસની જ વાત કરીએ તો બે વિદેશી ખેલાડીએ હરાજીઓમાં સૌથી વધુ કમાણી કરી છે.

નવાઈની વાત એ છે કે આ બન્ને પ્લેયર ઑસ્ટ્રેલિયાના છે. ઝડપી બોલર પેટ કમિન્સ અત્યાર સુધીની (૨૦૨૫મી સીઝન સુધીની) હરાજીઓમાં કુલ મળીને ૫૪.૧૫ કરોડ રૂપિયા કમાયો છે. એમાંથી ૨૦.૫૦ કરોડ રૂપિયા તેને હૈદરાબાદના ફ્રેન્ચાઈઝીએ ૨૦૨૪ની આઈપીએલ રમવા બદલ આપ્યા હતા. હૈદરાબાદની ટીમનો તે કૅપ્ટન છે અને ૨૦૨૫ની સીઝન માટે તેને ૧૮ કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે. તેના જ દેશનો ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક ગયા વર્ષે કોલકાતા દ્વારા વિક્રમજનક ૨૪.૭૫ કરોડ રૂપિયામાં ખરીદાયો હતો અને આ વખતે દિલ્હીએ તેને ૧૧.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે સ્ટાર્ક પણ કમિન્સની સાથે હરાજીઓમાં કુલ ૫૦ કરોડ રૂપિયા કમાનાર ખેલાડી બન્યો છે. સ્ટાર્કે આઈપીએલના માત્ર ચાર ઑક્શનમાં કુલ ૫૦.૯૦ કરોડ રૂપિયા બનાવ્યા છે.

તેમના જ દેશનો ઑલરાઉન્ડર ગ્લેન મેક્સવેલ પણ ૫૦ કરોડ રૂપિયાની ક્લબથી બહુ દૂર નથી. તેણે આઈપીએલની હરાજીઓમાં કુલ ૪૯.૫૦ કરોડ રૂપિયા ઊભા કરી લીધા છે. મેક્સવેલને આ વખતે પંજાબે ૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

છેક ચોથો નંબર આપણા યુવરાજ સિંહનો છે. તે આઈપીએલની હરાજીઓમાં ૪૮.૧૦ કરોડ રૂપિયા કમાયો હતો. તે મુંબઈ, પંજાબ, હૈદરાબાદ, બેંગ્લૂરુ, પુણે અને દિલ્હી વતી રમ્યો હતો.

આઈપીએલ-ઑક્શનમાં સૌથી વધુ કમાનાર ખેલાડીઓમાં યુવરાજ બાદ પાંચમા સ્થાને દિનેશ કાર્તિક (૪૪.૩૫ કરોડ રૂપિયા), છઠ્ઠા ક્રમે બેન સ્ટોક્સ (૪૩.૨૫ કરોડ રૂપિયા) અને સાતમે શ્રેયસ ઐયર (૪૧.૬૦ કરોડ રૂપિયા) છે.

આઈપીએલ ૧૭ વર્ષથી રમાય છે અને એમાં એમએસ ધોની, વિરાટ કોહલી, ક્રિસ ગેઇલ, ડ્વેઈન બ્રાવો વગેરે અનેક ખેલાડીઓ (પોતાની ટીમ દ્વારા રીટેન થવા બદલ) કુલ ૧૦૦ કરોડથી પણ વધુ રૂપિયા કમાયા હશે, પરંતુ હરાજીઓમાં પેટ કમિન્સે સૌથી વધુ ૫૪.૧૫ કરોડ રૂપિયા બનાવ્યા છે. ■






**પ્રથમ રાઉન્ડઃ**

લખનઊમાં બુધવારે સૈયદ મોદી બેડમિન્ટન ચૅમ્પિયનશિપના પ્રથમ રાઉન્ડ દરમિયાન મલેશિયાના શોલેહ ઐદિલની સામે ઍક્શનમાં ભારતનો લક્ષ્ય સેન. બીજી તસવીરમાં પ્રથમ રાઉન્ડની મેચ દરમિયાન ભારતની પી. વી. સિંધુ અનમોલ ખાર્બ સામે ઍક્શનમાં. (એજન્સી)

# રિષભ, શ્રેયસ, બટલર અને અન્યોને કેમ આખી રકમ નહીં મળે?... તો કેટલા પૈસા મળશે?

નવી દિલ્હીઃ રિષભ પંત આઈપીએલના ઇતિહાસમાં સૌથી મોંઘો પ્લેયર બન્યો છે અને શ્રેયસ ઐયર બીજા નંબરનો સૌથી મોંઘો ખેલાડી છે, પરંતુ આ બન્નેને તેમ જ અન્યોને તેમનું ફ્રેન્ચાઈઝી પૂરી રકમ નહીં આપી શકે કારણકે મોટો ટેક્સ કપાઈને પછી તેમના હાથમાં ખરેખરી રકમ આવશે.

રિષભ પંતને લખનઊએ ૨૭ કરોડ રૂપિયામાં, શ્રેયસને પંજાબે ૨૬.૭૫ કરોડ રૂપિયામાં અને જોશ બટલરને ગુજરાતે ૧૫.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

એક અહેવાલ મુજબ આઈપીએલના ફ્રેન્ચાઈઝીઓ હરાજીમાં ખરીદેલા ખેલાડીઓને ૧૦ ટકા ટીડીએસ (ટેક્સ ડિડક્ટેડ ઍટ સોર્સ) કાપીને તેમ જ ભારતીય આવક વેરાના અન્ય નિયમોને આધારે બાકીની કપાત કર્યા બાદ કોન્ટ્રેક્ટ-મનીને લગતા પૈસા આપશે. મોટા ભાગની ટીમો ખેલાડીને વર્ષ દરમ્યાન બેથી ત્રણ હપ્તામાં પૂરી રકમ આપી દે છે.

અહેવાલમાં એવું જણાવાયું છે કે ૨૭ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવેલા પંતની સેલરીમાંથી અંદાજે ૮.૧૦ કરોડ રૂપિયા કપાઈ જશે અને તેના હાથમાં લગભગ ૧૮.૯૦ કરોડ રૂપિયા આવશે.

અહેવાલમાં એવું પણ જણાવાયું છે કે પંજાબ પાસેથી ૨૬.૭૫ કરોડ રૂપિયાનો કોન્ટ્રેક્ટ મેળવનાર શ્રેયસની સેલરીમાંથી કુલ ૩૦ ટકા જેટલી રકમ કપાશે અને તેના હાથમાં અંદાજે ૧૮.૭૩ કરોડ રૂપિયા આવશે.

બટલરને ગુજરાતના ફ્રેન્ચાઇઝીએ ૧૫.૭૫ કરોડ રૂપિયામાં સાઈન કર્યો છે અને તેના હાથમાં અંદાજે ૧૨.૬૦ કરોડ રૂપિયા આવશે. આ જ પ્રમાણે અન્ય ખેલાડીઓની રકમમાંથી પણ પ્રમાણસર કર કપાત થશે. ■

# દૃષ્ટિકોણમાં ફેરફારના કારણે વિરાટ કોહલીને સફળતા મળીઃ ગાવસકર

પર્થઃ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસકરનું માનવું છે કે પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચની બીજી ઈનિંગમાં દૃષ્ટિકોણમાં આવેલા ફેરફારથી વિરાટ કોહલીને ઓસ્ટ્રેલિયન આક્રમણને નિષ્ફળ કરવામાં અને ફોર્મમાં પાછા ફરવામાં મદદ મળી હતી. કોહલી છેલ્લા કેટલાક સમયથી તમામ ફોર્મેટમાં અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યો ન હતો. તે સ્પિનર્સને મદદ કરતી પીચ પર સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. જેનાથી ટીમમાં તેના સ્થાન અંગે શંકા ઊભી થઈ હતી.

પરંતુ તે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ મેચની બીજી ઇનિંગ્સમાં અણનમ સદી ફટકારીને ફોર્મમાં પરત ફર્યો હતો. કોહલીએ આ પહેલા જૂલાઈ ૨૦૨૩માં વેસ્ટ ઈન્ડિઝ સામે તેની છેલ્લી સદી ફટકારી હતી.

ગાવસકરે સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું હતું કે, જ્યારે તે બીજી ઇનિંગમાં બેટિંગ કરવા આવ્યો ત્યારે તે ખૂબ જ સહજ લાગતો હતો. ભારતે પ્રથમ દાવમાં શરૂઆતમાં બે વિકેટ ગુમાવી દીધી હતી અને અન્ય ખેલાડીઓની જેમ તે પણ દબાણમાં હતો. તેમણે કહ્યું હતું કે, બીજી ઇનિંગમાં પોતાનું વલણ બદલવા ઉપરાંત તે પીચ પર સેટ થયો હતો. મને લાગે છે કે નાની નાની બાબતોમાં એડજસ્ટ થવાથી તેને તે જ્યાં પહોંચવા માંગતો હતો ત્યાં પહોંચવામાં મદદ કરી હતી. ઓસ્ટ્રેલિયામાં ઉછાળવાળી પીચો પર તમારા માટે નાની બાબતો પર ધ્યાન આપવું મહત્ત્વપૂર્ણ બની જાય છે.

ગાવસકરે કહ્યું, મને મિડવિકેટ પર જોશ હેઝલવૂડની ઓવરમાં ફટકારેલો ચોગ્ગો પસંદ આવ્યો હતો. આ પ્રકારના શોટ રમવો સરળ નથી. ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનર મેથ્યુ હેડને પણ કહ્યું કે કોહલીને પોતાનું વલણ બદલવાનો ફાયદો મળ્યો. તેણે કહ્યું હતું કે, ભારત પ્રવાસ વખતે પણ ખેલાડીઓએ તેમના વલણમાં થોડો ફેરફાર કરવો પડે છે. મેં પણ તે કર્યું છે. ■

પ્રથમ ટેસ્ટમાં હાર

# ઑસ્ટ્રેલિયન ટીમમાં ફેરફાર, ઑલરાઉન્ડર વેબસ્ટરને અપાયું સ્થાન

એડિલેડઃ પર્થ ટેસ્ટમાં ભારત સામે મળેલી હાર બાદ ઑસ્ટ્રેલિયાએ પોતાની ટીમમાં ફેરફાર કર્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ભારત સામેની બીજી ટેસ્ટ મૅચ માટે ઑલરાઉન્ડર બ્યૂ વેબસ્ટરનો ટીમમાં સમાવેશ કરાયો છે. તેને ભારત સામેની બીજી ટેસ્ટ માટે ઈજાગ્રસ્ત મિશેલ માર્શના બદલામાં ઑસ્ટ્રેલિયન ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, ૬ ડિસેમ્બરથી એડિલેડમાં શરૂ થનારી ડે-નાઈટ ટેસ્ટ મૅચ માટે ઑસ્ટ્રેલિયાની ટીમમાં વેબસ્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન પેટ કમિન્સે પ્રથમ ટેસ્ટ મેચમાં ભારત સામે ૨૯૫ રને મળેલી હાર બાદ કહ્યું હતું કે, તે (માર્શ) બ્રિટનના પ્રવાસ બાદ જ કેટલીક સમસ્યાઓથી ઝઝૂમી રહ્યો છે. આ મૅચમાં પણ તે થોડો ચિંતિત હતો. તેની પાસે સંપૂર્ણ રીતે ફિટ થવા માટે ૧૦ દિવસનો સમય છે. અમે તેની ફિટનેસનું મૂલ્યાંકન કર્યા પછી જ નિર્ણય લઈશું.

જો માર્શ બીજી ટેસ્ટ માટે ફિટ નહી થાય તો વેબસ્ટરને ડેબ્યૂ કરવાની તક આપવામાં આવી શકે છે. ૩૦ વર્ષીય ઑલરાઉન્ડર વેબસ્ટરે છેલ્લાં બે વર્ષમાં શેફીલ્ડ શિલ્ડમાં સારું પ્રદર્શન કર્યું છે. તેણે પાંચ સદી અને નવ અડધી સદીની મદદથી ૧૭૮૮ રન ફટકાર્યા છે.

આ સપ્તાહની શરૂઆતમાં તેણે ન્યૂ સાઉથ વેલ્સ સામે શેફીલ્ડ શિલ્ડ મૅચમાં તાસ્માનિયા માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને પાંચ વિકેટ લેવા ઉપરાંત તેણે ૬૧ અને ૪૯ રનની બે ઉપયોગી ઇનિંગ્સ રમી હતી. પ્રથમ ટેસ્ટ મૅચમાં મોટી હાર છતાં ઑસ્ટ્રેલિયા બીજી ટેસ્ટ મૅચ માટે પોતાની ટીમમાં મોટા ફેરફારો કરે તેવી શક્યતા નથી. ■

# જયસ્વાલ ૪૦થી વધુ ટેસ્ટ સદી ફટકારશે, તેની કોઇ નબળાઇ નથીઃ મેક્સવેલ

સિડનીઃ ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલનું માનવું છે કે ભારતીય બેટ્સમેન યશસ્વી જયસ્વાલની અલગ-અલગ પરિસ્થિતિઓમાં સમાયોજન સાધવાની ક્ષમતા અને કોઈ ખાસ નબળાઈ ન હોવાને કારણે આ ઓપનિંગ બેટ્સમેન ટેસ્ટ ક્રિકેટમાં ૪૦થી વધુ સદી ફટકારી શકે છે અને તેના નામે અનેક રેકોર્ડ નોંધાશે.

ભારતીય ક્રિકેટના સૌથી તેજસ્વી યુવા પ્રતિભાઓમાંના એક ૨૨ વર્ષીય ઓપનિંગ બેટ્સમેન જયસ્વાલે તેની ટેસ્ટ કારકિર્દીની શાનદાર શરૂઆત કરી છે. તેણે આ વર્ષની શરૂઆતમાં ઈંગ્લેન્ડ સામે શાનદાર પ્રદર્શન કરીને ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું.

મેક્સવેલે 'ધ ગ્રેટ ક્રિકેટર' પોડકાસ્ટ પર કહ્યું હતું કે, ''તે (જયસ્વાલ) એક એવો ખેલાડી છે જે કદાચ ૪૦થી વધુ ટેસ્ટ સદી ફટકારશે અને કેટલાક અલગ રેકોર્ડ બનાવશે. તેની પાસે વિવિધ પરિસ્થિતિઓમાં સમાયોજન સાધવાની અદભુત ક્ષમતા છે. જયસ્વાલે ઓસ્ટ્રેલિયા સામે પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચની બીજી ઇનિંગમાં ૧૬૧ રન ફટકાર્યા હતા. જેના કારણે ભારતે આ મેચ ૨૯૫ રનથી જીતી લીધી હતી અને પાંચ મેચોની શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી હતી. જયસ્વાલે અત્યાર સુધી ૧૫ ટેસ્ટ મેચોમાં ૫૮.૦૭ની શાનદાર એવરેજથી ૧૫૬૮ રન કર્યા છે, જેમાં ચાર સદી સામેલ છે.

મેક્સવેલે કહ્યું હતું કે, તેણે ઘણા પ્રકારના શોટ રમ્યા હતા. તેનું ફૂટવર્ક ઘણું સારું છે. તેનામાં કોઈ ખાસ નબળાઈ હોય તેવું લાગતું નથી. તે શોર્ટ-પિચ બોલ સારી રીતે રમે છે, સારી રીતે ડ્રાઇવ કરે છે, સારી રીતે સ્પિન રમે છે અને દબાણને સંભાળી શકે છે. તેણે કહ્યું હતું કે, ''જો ઑસ્ટ્રેલિયા તેને રોકવા માટે કોઈ રસ્તો શોધી શકશે નહીં તો પરિસ્થિતિ ગંભીર હશે.''

તેણે કહ્યું, ભારત પાસે બુમરાહ અને જયસ્વાલમાં બે અદભુત પ્રતિભા છે. મેં અગાઉ પણ કહ્યું હતું કે બુમરાહ સંભવિત રીતે સર્વકાલિન સર્વશ્રેષ્ઠ ઝડપી બોલર તરીકે ઓળખાશે.

# નીતીશ રાણાને રાજસ્થાને ૪.૨૦ કરોડમાં ખરીદ્યા પછી પત્ની સાચીએ કેકેઆરને મીડિયામાં ટોણો માર્યો!

કોલકાતાઃ ઑલરાઉન્ડર નીતીશ રાણાને બે દિવસ પહેલાંના આઈપીએલ-ઑક્શનમાં ચેન્નઈ અને બેંગ્લુરુ સામેની રસાકસી વચ્ચે રાજસ્થાન રોયલ્સે ૪.૫૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધો ત્યાર બાદ નીતીશની પત્ની સાચી મારવાહે નીતીશના પાછલા ફ્રેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઇડર્સ (કેકેઆર)ને સોશિયલ મીડિયામાં ટોણો માર્યો હતો.

નીતીશ રાણા ભારત વતી ૨૦૨૧માં એક વન-ડે અને બે ટી-૨૦ રમી ચૂક્યો છે તેમ જ કુલ ૧૮૬ ટી-૨૦ મૅચમાં તેણે ૧૩૫.૦૦ના સરેરાશ સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૪,૫૦૦થી પણ વધુ રન બનાવ્યા છે તેમ જ ૪૮ વિકેટ લીધી છે.

નીતીશ રાણા ૨૦૧૮થી કેકેઆર સાથે રહ્યો હતો. દરેક સીઝનમાં તેણે ૨૦૦-પ્લસ રન બનાવ્યા હતા અને ૨૦૨૩માં શ્રેયસ ઐયર ઈજા પામતાં નીતીશને કૅપ્ટન્સી પણ સોંપાઈ હતી. ૨૦૨૪માં ઈજાને લીધે તેને માત્ર બે મૅચ રમવા મળી હતી. ૨૦૨૪માં શ્રેયસના સુકાનમાં કોલકાતા ટાઈટલ જીત્યું હતું. જોકે કેકેઆરે શ્રેયસને રીટેન ન કર્યો અને હરાજીમાં પંજાબે તેને ૨૬.૭૫ કરોડ રૂપિયાના તોતિંગ ભાવે ખરીદી લીધો.

કેકેઆરે નીતીશ રાણાને આ વખતે હરાજીમાં મૂકી દીધો અને રાઈટ-ટુ-મૅચના વિકલ્પમાં પાછો મેળવવાની કોશિશ ન કરી એટલે નીતીશ નારાજ હતો. જોકે રાજસ્થાને સવા ચાર કરોડમાં ખરીદી લીધો એટલે તે ખુશ છે.

નીતીશની પત્ની સાચીએ મીડિયામાં શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે, 'વફાદારી ખૂબ મોંઘી હોય છે. એ કંઈ દરેકને ન પરવડે.'

પત્નીની આ પોસ્ટ વાઇરલ થઈ ત્યાર બાદ નીતીશે ઇન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી જેમાં તે ગુલાબી શર્ટમાં મોબાઈલ કેમેરા સાથે હતો અને તેણે કૅપ્શનમાં લખ્યું, 'રોયલ્ટી ઇઝ પિન્ક.'

સાચીએ પતિ નીતીશની વફાદારીના મુદ્દે કેકેઆરને મહેણું માર્યું, જ્યારે ખુદ નીતીશે પોતાની નવી ટીમ રાજસ્થાનના પિન્ક ડ્રેસ તરફ ઈશારો કરીને પોતે હવે રાજસ્થાનની ટીમમાં ઠાઠમાઠથી રહેશે એવો સંકેત આપ્યો હતો.

નીતીશ ૨૦૧૫માં મુંબઈ ઇન્ડિયન્સની ટીમમાં હતો. જોકે ઉલ્લેખનીય છે કે કેકેઆરે અગાઉ નીતીશને ૮.૦૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.■

# વેઈટલિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં નહીં રમે મહિલા વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ

નવી દિલ્હીઃ ટોક્યો ઓલિમ્પિક્સની સિલ્વર મેડલ વિજેતા મહિલા વેઇટલિફ્ટર મીરાબાઈ ચાનુ આવતા અઠવાડિયે બહેરીનના મનામામાં યોજાનારી વેઈટલિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં રમી શકશે નહીં કારણ કે તે તેનું 'રિહેબિલિટેશન' ચાલુ રાખશે. ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન મીરાબાઈ (૩૦ વર્ષ) ઓગસ્ટમાં પેરિસ ઓલિમ્પિકમાં મહિલાઓની ૪૯ કિગ્રા વર્ગમાં ચોથા સ્થાને રહી હતી. ત્યારબાદથી તેણે કોઇ પણ સ્પર્ધામાં ભાગ લીધો નથી.

મુખ્ય રાષ્ટ્રીય કોચ વિજય શર્માએ પીટીઆઈને જણાવ્યું હતું કે, મીરા પેરિસ ઓલિમ્પિક બાદ હજુ પણ રિહેબિલિટેશનમાં છે. તે આ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેશે નહીં. ગયા વર્ષે એશિયન ગેમ્સમાં હિપમાં ઈજા થયા બાદ પેરિસ ઓલિમ્પિક દરમિયાન મીરાબાઈની ફિટનેસની પણ ચર્ચા થઈ હતી.

એશિયન ગેમ્સમાં મેડલ જીતવાનું તેનું સપનું ગયા વર્ષે બરબાદ થઈ ગયું હતું કારણ કે આ એકમાત્ર ટ્રોફી હતી જે તે જીતી શકી ન હતી. ચાનુની ગેરહાજરીમાં કોમનવેલ્થ ચેમ્પિયનશિપની ગોલ્ડ મેડલ વિજેતા જ્ઞાનેશ્વરી યાદવ ૬ ડિસેમ્બરથી શરૂ થનારી વિશ્વ ચેમ્પિયનશિપમાં ભારતીય અભિયાનનું નેતૃત્વ કરશે. જ્ઞાનેશ્વરી (૨૧ વર્ષ) ૪૯ કિગ્રા વર્ગમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ વિજેતા બિંદિયારાની દેવી (૫૫ કિગ્રા) અને નેશનલ ચેમ્પિયનશિપ અને ખેલો ઈન્ડિયા વેઈટલિફ્ટિંગ લીગની ગોલ્ડ વિજેતા દિતિમોની સોનોવાલ (૬૪ કિગ્રા) એ અન્ય બે ભારતીય લિફ્ટર છે જેઓ વર્લ્ડ ઈવેન્ટમાં ભાગ લેશે. ત્રણેય પટિયાલામાં રાષ્ટ્રીય શિબિરનો ભાગ છે અને આવતા અઠવાડિયે બહેરીન જવા રવાના થશે. ■

# આઈપીએલ હરાજીમાં સામેલ નહીં થવા પર સ્ટોક્સે કહ્યું- ઈંગ્લેન્ડ તરફથી લાંબા સમય સુધી રમવા માગું છું

ક્રાઈસ્ટચર્ચઃ ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સે કહ્યું કે તેણે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની તાજેતરમાં પૂર્ણ થયેલી મેગા ઓક્શનમાંથી બહાર થવાનો નિર્ણય એટલા માટે લીધો કારણ કે તે પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીને લંબાવવા અને એશિઝ જેવી મહત્ત્વપૂર્ણ ટુર્નામેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. સ્ટોક્સ ભવિષ્યમાં આઇપીએલની હરાજીમાં સામેલ થઇ શકશે નહીં કારણ કે આ લીગના નવા નિયમો અનુસાર, જે ખેલાડીએ મેગા ઓક્શન માટે પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું નથી તે મિની ઓક્શનમાં ભાગ લઈ શકશે નહીં. તાજેતરમાં સાઉદી અરેબિયાના જેદ્દાહમાં યોજાયેલી હરાજીમાં ઈંગ્લેન્ડના કુલ બાવન ખેલાડીઓની બોલી લગાવવામાં આવી હતી. સ્ટોક્સે ન્યૂ ઝીલેન્ડ સામે ગુરુવારથી શરૂ થઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચની પૂર્વ સંધ્યાએ કહ્યું હતું કે, ''એ વાત કોઈથી છૂપાયેલી નથી કે હું મારી કારકિર્દીના અંતિમ તબક્કામાં છું. એના પર વિચાર કરવાનો સમય છે કે મેં શું હાંસલ કર્યું છે અને મારે એવું શું કરવું જોઇએ જેથી હું મારા કરિયરને લાંબા સમય સુધી લંબાવી શકું. તેણે કહ્યું, હજુ મારામાં ઘણું ક્રિકેટ બાકી છે. ■

# ભારત ૨૦૨૬માં એશિયન રાઈફલ પિસ્તોલ કપની યજમાની કરશે

નવી દિલ્હીઃ ભારત ૨૦૨૬માં એશિયન રાઇફલ અને પિસ્તોલ કપની યજમાની કરશે. નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (એનઆરએઆઇ) એ બુધવારે આ જાહેરાત કરી હતી. આ ખંડીય ટૂર્નામેન્ટની યજમાની ભારતને સોંપવાનો નિર્ણય એશિયન શૂટિંગ કોન્ફેડરેશન (એએસસી)ની કાર્યકારી સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો. એએસસીના જનરલ સેક્રેટરી કુએઝ અલઓટૈબીએ એનઆરએઆઇના સેક્રેટરી જનરલ સુલતાન સિંહને મોકલેલા પત્રમાં યજમાન ફેડરેશનને સ્પર્ધાની પ્રસ્તાવિત તારીખો વિશે જાણ કરવા જણાવ્યું છે. સુલતાન સિંહે કહ્યું હતું કે અમે બીજી ટોચની આંતરરાષ્ટ્રીય શૂટિંગ સ્પર્ધાની યજમાની મળવાના કારણે ખૂબ જ ખુશ છીએ. ■

# બ્લ્યુચીપ શૅરોમાં લેવાલીએ સેન્સેક્સમાં ૨૩૦ પૉઈન્ટની અને નિફ્ટીમાં ૮૦ પૉઈન્ટની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે ખાસ કરીને અદાણી જૂથના શૅરો સહિત બ્લ્યુચીપ કંપનીના શૅરોમાં રોકાણકારોની લેવાલી ઉપરાંત આજે સતત ત્રીજા સત્રમાં વિદેશી સંસ્થાકીય અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની લેવાલીને ટેકે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૩૦.૦૨ પૉઈન્ટની અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૮૦.૪૦ પૉઈન્ટની આગેકૂચ જળવાઈ રહી હતી.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧૫૭.૭૦ કરોડની ચોખ્ખી ખરીદી રહ્યા બાદ આજે તેઓની રૂ. ૧૩,૦૨૭.૦૬ કરોડની ખરીદી સામે રૂ. ૧૩,૦૧૯.૨૮ કરોડની વેચવાલી રહેતાં કુલ ચોખ્ખી ખરીદી રૂ. ૭.૭૮ કરોડની રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારેની રૂ. ૧૦,૨૩૦.૧૨ કરોડની ખરીદી સામે રૂ. ૮૯૨૮.૧૫ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૧૩૦૧.૯૭ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૦,૦૦૪.૦૬ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૦,૧૨૧.૦૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૯,૮૪૪.૪૯ અને ઉપરમાં ૮૦,૫૧૧.૧૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૨૯ ટકા અથવા તો ૨૩૦.૦૨ પૉઈન્ટ વધીને ૮૦,૨૩૪.૦૮ના મથાળે બંધ રહ્યો હતો. આજે બીએસઈ ખાતે કુલ ૪૦૪૦ કંપનીના શૅરોમાં થયેલા કામકાજમાં ૨૫૬૩ શૅરના ભાવ વધીને, ૧૩૮૦ શૅરના ભાવ ઘટીને અને ૯૭ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૨૧૬ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૩૭ શૅરના ભાવ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૬૦ શૅરમાં ઉપલી અને ૧૯૮ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી.

વધુમાં આજે નેશનલ સ્ટોક્સ એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૧૯૪.૫૦ના બંધ સામે ૨૪,૨૦૪.૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૧૪૫ અને ઉપરમાં ૨૪,૩૫૪.૫૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૩ ટકા અથવા તો ૮૦.૪૦ પૉઈન્ટ વધીને ૨૪,૨૭૪.૯૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકાના ભાવિ પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ભવિષ્યની વેપાર નીતિની અનિશ્ચિતતાઓ વચ્ચે આજે ખાસ કરીને ચીનની બજારમાં બીજા સ્ટિમ્યુલસ પગલાંઓના આશાવાદે બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે અન્ય એશિયન બજામાં મિશ્ર વલણ રહ્યું હતું જેમાં શાંઘાઈ અને હૉંગકૉંગની બજાર સુધારા સાથે



બંધ રહી હતી અને સિઉલ તથા ટોકિયોની બજારમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. જોકે, યુરોપના બજારોમાં મધ્યસત્ર દરમિયાન નરમાઈનું વલણ હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

યુએસ ફોરેન કરપ્ટ પ્રેક્ટિસીસ ઍક્ટ હેઠળ ચેરમેન ગૌતમ અદાણી અને સહયોગીઓ પર કોઈ આક્ષેપ કરવામાં નથી આવ્યા એવી અદાણી જૂથ દ્વારા સસ્પષ્ટતા કરવાની સાથે જણાવ્યું હતું કે તેઓ માત્ર સિક્યોરિટી ઍન્ડ વાયર ફ્રોડ સહિતના ત્રણ આક્ષેપોનો સામનો કરી રહ્યા છે અને આ આક્ષેપોમાં નાણાકીય દંડાત્મક જોગવાઈ છે. આમ આ સ્પષ્ટતા સાથે આજે અદાણી જૂથના શૅરોના ભાવમાં ૨૦ ટકા સુધીનો ઉછાળો આવ્યો હતો.

દરમિયાન આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૨૫ શૅરના ભાવ વધીને અને ૨૫ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૮ શૅરના ભાવ વધીને અને ૧૨ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૬.૨૯ ટકાનો ઉછાળો અદાણી પોર્ટમાં ૬.૨૯ ટકાનો ઉછાળો આવ્યો હતો.

આ સિવાય એનટીપીસીમાં ૨.૦૯ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૧.૪૩ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૧.૨૮ ટકાનો, મારુતિ સુઝુકીમાં ૧.૦૪ ટકાનો અને ટેક મહિન્દ્રામાં ૦.૫૭ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં ટિટાનમાં ૦.૭૪ ટકાનો, ઈન્ડ્સ ઈન્ડ બૅન્કમાં ૦.૭૩ ટકાનો, સ્ટેટ બૅન્કમાં ૦.૬૧ ટકાનો, સન ફાર્મામાં ૦.૫૯ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૦.૫૮ ટકાનો અને એચસીએલ ટેકનોલૉજીસમાં ૦.૪૫ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં માત્ર રિઅલ્ટી અને હેલ્થકેર ઈન્ડેક્સમાં અનુક્રમે ૦.૪૦ અને ૦.૨૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. આ સિવાયના તમામ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે યુટિલિટી ઈન્ડેક્સમાં ૩.૧૧ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૨.૭૪ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૨.૫૩ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૩૫ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૧.૧૭ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૧૩ ટકાનો અને કૉમોડિટી ઈન્ડેક્સમાં ૧.૦૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે બીએસઈ ખાતેના મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૦.૩૪ ટકાનો અને ૧.૧૮ ટકાનો સુધારો આવ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૩ ટકા વધીને બેરલદીઠ ૭૩.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા ઘટીને ૮૪.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

## ક્રૂડતેલમાં તેજી અને આયાતકારોની લેવાલી ડૉલરમાં લેવાલી નીકળતાં રૂપિયો ૧૫ પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ કરીને અમેરિકાના ભાવિ પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર નીતિ અંગેની અનિશ્ચિતતાઓ, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો અને માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૧૫ પૈસા પટકાઈને ૮૪.૪૪ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સતત બીજા સત્રમાં લેવાલી જળવાઈ રહી હોવાના અહેવાલ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૨૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪.૩૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૪૮ અને ઉપરમાં ખૂલતી જ ૮૪.૩૮ની સપાટીની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૫ પૈસા ગબડીને ૮૪.૪૪ની સપાટીએ બંધ રહ્યો હતો. ગઈકાલે રિઝર્વ બૅન્કે બજારમાં



હસ્તક્ષેપ કરતાં રૂપિયામાં સાધારણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, પરંતુ આજે ભાવિ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ આક્રમક વેપાર નીતિ અપનાવે તેવી ભીતિ સપાટી પર આવવાની સાથે માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવતા રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનીલકુમાર ભણસાલીએ જણાવતા ઉમેર્યું હતું કે આવતી કાલે ડૉલર સામે રૂપિયો ૮૪.૩૦થી ૮૪.૫૫ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકા ઘટીને ૧૦૬.૫૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૩૦.૦૨ પૉઈન્ટનો અને ૮૦.૪૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧૫૭.૭૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ હતા. તેમ છતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૫ ટકા વધીને બેરલદીઠ ૭૩.૨૧ ડૉલર આસપાસ ક્વૉટ થતાં રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ડૉલર નબળો પડતાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૪૮૫નો ઉછાળો, ચાંદીમાં ₹ ૩૩નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ગઈકાલે ખાસ કરીને અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડૉલર ઈન્ડેક્સમાં ૦.૩ ટકા જેટલો ઘટાડો જોવા મળતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવ વધીને એક સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશ મળતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૩થી ૪૮૫નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૩નો સાધારણ સુધારો આવ્યો હતો. દરમિયાન ગત ઑક્ટોબર મહિનામાં સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની હૉંગકૉંગ મારફતે સોનાની ચોખ્ખી આયાતમાં આગલા સપ્ટેમ્બર મહિનાની સરખામણીમાં ૪.૬ ટકાનો અને ઑક્ટેબર, ૨૦૨૩ની સરખામણીમાં ૪૩ ટકાનો ઘટાડો થયો હોવાનું એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. વધુમાં ગઈકાલે અમેરિકા અને ફ્રાન્સ ઈરાન સમર્થિત જૂથ હિઝબુલ્લાહ અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વિરામ કરાવવામાં સફળ રહ્યાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી નીકળેલી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૩ વધીને રૂ. ૮૮,૪૩૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સોનામાં જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૩ વધીને રૂ. ૭૫,૮૭૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૮૫ વધીને ફરી રૂ. ૭૬,૦૦૦ની સપાટી પાર કરીને રૂ. ૭૬,૧૭૫ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ડૉલરની ઈન્ડેક્સની નરમાઈને ટેકે એક તબક્કે સોનાના ભાવ વધીને એક સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં આગલા બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૨૬૫૩.૨૦ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૨ ટકા વધીને ૨૬૫૩.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૪૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આગામી દિવસોમાં જ્યાં સુધી અમેરિકી ફેડરલ રિઝર્વનું નીતિવિષયક વલણ, ટેરિફ અને વેરાની સ્પષ્ટતાઓ નહીં થાય ત્યાં સુધી અમેરિકાના આર્થિક ડેટાની જાહેરાત અને ડૉલરની વધઘટ અનુસાર સોનામાં વધઘટ જોવા મળશે, એમ કેપિટલ ડૉટ કૉમના ફાઈનાન્સિયલ એનાલિસ્ટ ક્યેલ રોડ્ડાએ જણાવ્યું હતું. જોકે, ગઈકાલે રોકાણકારોએ અમેરિકી અર્થતંત્રમાં મજબૂત વલણ જળવાઈ રહ્યું હોવાના ગઈકાલના અહેવાલને પચાવી લીધા બાદ હવે તેઓની નજર આજે મોડી સાંજે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના, બેરોજગારીના અને જીડીપીના સુધારિત ડેટા પર સ્થિર થઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## રેશન દુકાનદારના ડીલરોના માર્જિનમાં વધારો કરવાનો કોઈ પ્રસ્તાવ નથીઃ જોશી

નવી દિલ્હીઃ કેન્દ્રીય અનાજ ખાતાના પ્રધાન પ્રલ્હાદ જોશીએ આજે જણાવ્યું હતું કે હાલના તબક્કે ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (ટીપીડીએસ) હેઠળ આવતા ફેર પ્રાઈસ શૉપ (એફપીએસ) ડીલર અથવા તો રેશન દુકાનદારોનાં માર્જિનમાં વધારો કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. આજે લોકસભામાં એક પ્રશ્નનો લેખિતમાં ઉત્તર આપતા જોશીએ જણાવ્યું હતું કે સરકારે માર્જિનના ચોક્કસ દર નિર્ધારિત કરેલા છે, ત્યારે રાજ્ય સરકારોને વાસ્તવિક દર નિર્ધારિત કરવા માટે સુગમતા આપવામાં આવી છે જે કેન્દ્ર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ ધોરણ કરતાં વધુ હોઈ શકે છે.

ફૂડ સિક્યોરિટી (આસિસ્ટન્સ ટૂ સ્ટેટ ગવર્મેન્ટ્સ) રુલ્સ, ૨૦૧૫ હેઠળના એપ્રિલ, ૨૦૨૨ના સુધારા અનુસાર ડીલરોનું માર્જિન ક્વિન્ટલે રૂ. ૯૦ નિર્ધારિત કરવામાં આવ્યું છે. સાથે સાથે જનરલ કેટેગરીના રાજ્યો માટે ક્વિન્ટલે રૂ. ૨૧નું અતિરિક્ત માર્જિન આપવામાં આવે છે. તેમ જ સ્પેશિયલ કેટેગરી માટે ડીલર માર્જિન પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૮૦ અને ક્વિન્ટલે રૂ. ૨૬નું અતિરિક્ત માર્જિન છે. જોકે, હાલમાં માર્જિનમાં વધારો કરવા અંગેનો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ ન હોવાનું તેમણે જણાવ્યું હતું.

નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળની ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમની કાર્યરતતાની સંયુક્ત જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારની હોવાનું જણાવતા તેમણે ભારપૂર્વક ઉમેર્યું હતું કે રેશનિંગની દુકાનોના લાઈસન્સ અને દેખરેખ સહિતની તમામ જવાબદારી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની છે. તેમાં પણ ખાસ કરીને રેશન શોપનાં ડીલરોનાં માર્જિન/કમિશન વગેરે નિર્ધારિત કરવાની અને તેઓને ચુકવણી કરવામાં કેન્દ્ર સરકારની કોઈ ભૂમિકા નથી હોતી. કેન્દ્ર સરકાર માત્ર રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આંતરરાજ્ય સ્તરે થતી અનાજની હેરફેરના ખર્ચ માટે સહાય પૂરી પાડવા તેમ જ એનએફએસએ હેઠળ ડીલરોનું માર્જિન નિર્ધારિત કરે છે.

## મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૪૨ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ કેન્દ્રીય અનાજ અને જાહેર વિતરણ વિભાગે આગામી ડિસેમ્બર મહિનામાં ખાંડના મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડનો જથ્થો છૂટો કર્યો હોવાની ગઈકાલે મોડી સાંજે જાહેરાત કરી હતી. તેમ છતાં ગઈકાલે ખાંડ મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૦૦થી ૩૪૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ મહારાષ્ટ્રના મથકો પરના મક્કમ અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, પરંતુ મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૨નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જાકે, આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૭૨થી ૩૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની



ખાંડમાં ખપપૂરતી માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૨ના ઘટાડા સાથે રૂ. ૩૬૩૦થી ૩૮૫૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૦૦થી ૩૫૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૭૦થી ૩૬૨૦માં ટકેલા ધોરણે થયા હતા.

### કોપર, બ્રાસ, ઝિન્ક અને લીડમાં સુધારો

## ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીએ વધુ ₹ ૩૨ તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને કોપર અને બ્રાસની વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠ સુધીનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨નો અને નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં મુખ્યત્વે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૨૯૪, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૮૧૩ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૭૮૯ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર સ્ક્રેપ હેવી અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૮૨ અને રૂ. ૧૮૩, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૨૮ અને રૂ. ૫૬૨ તથા કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ.એક વધીને અનુક્રમે રૂ. ૭૭૬ અને રૂ. ૫૧૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને માગ ખપપૂરતી જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૩૨ ઘટીને રૂ. ૨૫૧૬ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૨૪૯ અને રૂ. ૧૩૬૨ના મથાળે રહ્યા હતા અને ખપપૂરતી માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

## પાંખાં કામકાજો વચ્ચે આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં ૧૩૮ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૬ રિંગિટ વધી આવ્યા હતા.

જોકે, આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૫નો અને આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં સરસવ તેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે રિલાયન્સ રિટેલ અને રૂચીના આરબીડી પામોલિનના ભાવ અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦ અને રૂ. ૧૩૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ રહ્યો હતો.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, સિંગતેલના રૂ. ૧૪૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ત્રણ લાખ ગૂણી સોયાબીનની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૩૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૫૦થી ૪૪૨૫માં થયાના અહેવાલ હતા.

## ફાઈબર પેપરબોર્ડની સસ્તી આયાતથી પેપર ઉદ્યોગ ચિંતિત

નવી દિલ્હીઃ ચીન અને ચિલી જેવાં દેશોથી ભારતમાં વર્જિન ફાઈબર પેપર બોર્ડની સસ્તી આયાતમાં થઈ રહેલા વધારાને કારણે સ્થાનિક પેપર ઉદ્યોગ ચિંતિત છે અને સ્થાનિક ઉત્પાદકોનાં રોકાણ પર જોખમ તોળાઈ રહ્યું હોવાનું ઈન્ડિયન પેપર મેન્યુફેક્ચરર્સ એસોસિયેશને આજે જણાવ્યું હતું.

એસોસિયેશને જણાવ્યું હતું કે વર્જિન ફાઈબર પેપરબોર્ડ (વીએફપી)નો ઉપયોગ મુખ્યત્વે ફાર્મા, એફએમસીજી અને કોસ્મેટિક ઉત્પાદનો પેકિંગમાં થતો હોય છે અને વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા છ મહિનામાં તેની સરેરાશ માસિક ધોરણે આયાત ત્રણ ગણી વધીને ૨૧,૨૩૩ ટનની થઈ છે, જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં સરેરાશ માસિક આયાત ૬૩૩૭ ટનની હતી.

વર્તમાન નાણાકીય વર્ષમાં ગત ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં પ્રતિ માસ આયાત ૩૦,૦૦૦ ટન કરતાં વધુ રહી હતી જે કુલ સ્થાનિક વપરાશી માગના ૨૦ ટકા જેટલી થતી હોવાનું એસોસિયેશને એક યાદીમાં જણાવતા સરકારને સ્થાનિક ઉત્પાદકો માટે લેવલ પ્લેઈંગ ફિલ્ડની માગણી કરી હતી.

ચીન અને ચિલી જેવાં દેશોની આયાતમાં થઈ રહેલા વધારાને કારણે સતત પરિસ્થિતિ વણસી રહી છે. તેમ જ ઈન્ડોનેશિયાએ નિકાસ વધારવા માટે મોટા પાયે વાર્ષિક ઉત્પાદન ક્ષમતા વધારીને ૧૨ લાખ ટન કરતાં ઈન્ડોનેશિયાથી પણ આયાત વધવાની ભીતિ સપાટી પર આવી હોવાનું એસોસિયેશને ઉમેર્યું હતું. વધુમાં એસોસિયેશનના પ્રમુખ પવન અગરવાલે જણાવ્યું હતું કે હાલમાં વર્જિન ફાઈબર પેપર બોર્ડની આયાત પડતર સ્થાનિક ઉદ્યોગની વેચાણ કિંમત કરતા ઓછી હોવાથી સ્થાનિક ઉત્પાદકોની નફાશક્તિ ઉપરાંત રોકાણના વળતર પર માઠી અસર પડી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે હાલમાં વીએફપીની બજારનું કદ જે રૂ. ૧૦,૦૦૦ કરોડનું છે તે વર્ષ ૨૦૩૦માં વધીને રૂ. ૨૫,૦૦૦ કરોડનું થવાની શક્યતાને ધ્યાનમાં લેતા ઉદ્યોગમાં સ્થાનિક કંપનીઓએ રૂ. ૨૦,૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે.



રાજકોટ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં આવેલા નાગરિક કેન્દ્રમાં જન્મમરણના દાખલા માટે લાઈન લાગી હતી, જોકે પોર્ટલ બંધ હોઈ લોકો હેરાન-પરેશાન થઈ ગયા હતા. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં આગજનીના બે બનાવઃ ભુજના સરકારી બહુમાળી ભવનના સર્વર રૂમમાં ભયાનક આગ ફાટી નીકળીઃ મહત્ત્વના દસ્તાવેજો બળીને ખાક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં દુધઈ અને ભુજ શહેરમાં આગજનીના બે બનાવો બન્યા હતા જોકે તેમાં સદ્‌ભાગ્યે કોઈ મોટી જાનહાનિ સર્જાઈ ન હતી. ભચાઉની ભાગોળે ભુજ-દુધઈ ધોરીમાર્ગ પર વીજ ટ્રાન્સફૉર્મરમાં ગગનભેદી ધડાકા સાથે શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. જ્યારે બીજો આગનો બનાવ ભુજના મોટા બંધ સામે આવેલા સરકારી બહુમાળી ભવનમાં બન્યો હતો. અગ્નિશમન દળના પ્રવક્તાએ આપેલી માહિતી મુજબ, ભુજને દુધઈ સાથે જોડતા ધોરી માર્ગ પર સ્થિત એક વાડી નજીક વીજ ટ્રાન્સફૉર્મરમાં શોર્ટ સર્કિટ થવાના કારણે લાગેલી આગની લપેટમાં આવી જવાથી નજીકના રહેણાક મકાનની છત ઉપર પડેલા પ્લાસ્ટિકના મોટા ડ્રિપિંગ પાઈપમાં અને આસપાસ બાવળોની ઝાડીમાં પથરાયેલા કચરાના ઢગલામાં પણ આગ લાગી હતી.



(તસવીર- ઉત્સવ વૈદ્ય- ભુજ)

ઘટનાની જાણ થતાં જ ભચાઉ સુધરાઈ હસ્તકના ફાયર વિભાગ દ્વારા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ ફાયર ફાઈટર વડે આગ ઉપર પાણીનો મારો ચલાવી અંદાજે ત્રણેક કલાકની ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. બીજી તરફ, જિલ્લા મથક ભુજના મોટા બંધ નજીકના માહિતી ભવન સામે આવેલા સરકારી બહુમાળી ભવનમાં બુધવારની વહેલી સવારે આગ ફાટી નીકળવાની ઘટના બનતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મહત્ત્વના દસ્તાવેજો ધરાવતી વિવિધ સરકારી વિભાગની કચેરી ધરાવતા બહુમાળી ભવનના બીજા માળે આવેલી જી-સવાન કચેરીના સર્વર રૂમમાં સંભવિત શોર્ટ સર્કિટના કારણે આગ ભભૂકી ઊઠતાં રૂમ નંબર ૩૦૩ અને ૩૦૪ પણ તેની ચપેટમાં આવી ગયા હતા અને કચેરી અંદર પડેલો સર્વર, કૉમ્પ્યુટર જેવો ઇલેક્ટ્રૉનિક્સ સમાન, ફર્નિચર અને અગત્યના સરકારી રેકોર્ડ બળીને ખાક થઈ ગયા હતા. ફાયર વિભાગની ટીમે અંદાજિત બેથી ત્રણ કલાકની જહેમત બાદ આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. ■

# કચ્છમાં આપઘાત-અકસ્માતના વિવિધ બનાવોમાં પાંચનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુલાબી ઠંડી વચ્ચે રણપ્રદેશ કચ્છમાં બનેલી આપઘાત-અકસ્માતની વિવિધ દુર્ઘટનાઓમાં એક મહિલા સહિત પાંચ લોકોનાં અકાળે મોત થયાં હતાં. ગાંધીધામના ગોપાલપુરી રેલવે ટ્રેક પર ધસમસતી ટ્રેન નીચે પડતું મૂકતાં કિરણબા હસુભા ઝાલા (ઉ.વ.૨૯) નામની પરિણીત મહિલાનું મોત થયું હતું, મેઘપર બોરીચીમાં રાસીદુર અજોરઅલી (ઉ.વ. ૨૪) નામના યુવાને ગળેફાંસો ખાઈને જ્યારે ભુજ તાલુકાના ડગાળામાં અસાધ્ય બીમારીથી કંટાળી ૩૬ વર્ષના ભગુ કારા ઢીલા નામના યુવકે ઝેરી દવા ગટગટાવી લેતાં ટૂંકી સારવાર દરમ્યાન મૃત્યુ પામ્યો હતો તેમ જ વરસાણા નજીક ૩૦ વર્ષીય અજાણ્યો યુવાન મૃત અવસ્થામાં મળી આવ્યો હતો જ્યારે નખત્રાણામાં ટ્રકની અડફેટમાં આવી ગયેલા મોટરસાઇકલચાલકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, સ્ત્રી નિવારણ દિનની પૂર્વસંધ્યાએ ગાંધીધામના ગોપાલપુરી પાછળ રેલવે ટ્રેક સમાંતર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેનાર કિરણબા નામનાં મહિલાએ સોમવારે બપોરે અંતિમ પગલું ભરી લીધું હતું. આ મહિલાનાં લગ્ન ત્રણ વર્ષ અગાઉ અમદાવાદ દહેગામના નરેશ ડાભી નામના શખસ સાથે થયા હતા. સાસરિયાઓ દ્વારા અપાઈ રહેલા અમાનુષી માનસિક-શારીરિક ત્રાસથી વાજ આવી ગયેલી આ યુવતી સાત મહિનાથી અહીં પોતાની માતા પાસે રહેવા આવી હતી. આ દરમ્યાન, ગત બપોરે ઘર પાછળ આવેલા રેલવે પાટા પર જઈ ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી લીધી હતી.

બીજી તરફ, મેઘપર (બોરીચી)માં બાપા સીતારામ મઢુલી સામે આવેલા બેન્સામાં અપમૃત્યુનો બનાવ બન્યો હતો જેમાં અહીં આવેલી ઓરડીમાં રહેનાર રાસીદુર નામના યુવાને અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. જ્યારે ભુજ તાલુકાના ડગારા ગામે ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની બીમારીથી કંટાળીને ભગુ કારા ઢીલા નામના યુવકે ગત ૨૧મી નવેમ્બરના રોજ આવેશમાં આવી જઈને પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેને સારવાર અર્થે ભુજની ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર કારગત ન નીવડતાં હૉસ્પિટલના બિછાને તેણે અંતિમ શ્વાસ લેતાં પદ્ધર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો હતો.

બીજી બાજુ, વરસાણા નજીક ગાંધીધામ-ભચાઉ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઓવરબ્રિજ પાસે અંદાજિત ૩૦ વર્ષના અજાણ્યા યુવાનનો ભેદી સંજોગોમાં મૃતદેહ મળી આવતાં હતભાગીની ઓળખ અને મૃત્યુનું કારણ જાણવા અંજાર પોલીસે તપાસ હાથ ધરી છે.

દરમ્યાન, આજથી ચાર દિવસ પૂર્વે નખત્રાણાના વથાણ ચોકમાં મોટરસાઇકલ અને ટ્રક વચ્ચે સર્જાયેલા પ્રાણઘાતક અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા કાનજી થાવર સીજુને ભુજની ખાનગી હૉસ્પિટલમાં બીજા દિવસે વધુ સારવાર માટે ખસેડાયો હતો, પરંતુ સારવાર કારગત ન નીવડતાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. નખત્રાણા પોલીસે ટ્રકચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ■

# રાજકોટમાં બોગસ પેઢી ઊભી કરીને ૬૧.૩૮ લાખની જીએસટી ઈનપુર ક્રેડિટ મેળવીઃ ૧૫ પેઢીઓ સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરમાં સીજીએસટી કચેરીમાં ઓનલાઈન ખોટો ભાડા કરાર રજૂ કરીને પરમાર એન્ટરપ્રાઈઝ નામે જીએસટી નંબર મેળવી બોગસ બીલીંગ, ખોટા દસ્તાવેજો રજૂ કરી સરકારને લાખોનું નુકસાન પહોંચાડવા અંગે ૧૫ પેઢીઓ સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી. આ પેઢીના સંચાલકે રાજકોટ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની અલગ અલગ ૧૫ પેઢી સાથે બોગસ બિલિંગ કરીને સરકારને ૬૧.૩૮ લાખ રૂપિયાનું નુકસાન પહોંચાડી છેતરપિંડી આચરી હતી. આ કેસમાં પાંચ લોકોની અટકાયત કરીને વધુ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

ડીસીબી પોલીસ સ્ટેશનમાં સીજીએસટી કચેરીના સુપરિન્ટેન્ડેન્ટ જયપ્રકાશસિંઘ રામચંદ્રસિંઘની ફરિયાદ પરથી ભગવતીપરા મેઇન રોડ પર ભૂમિ પ્રસાદ કારખાના પાસે પરમાર એન્ટરપ્રાઇઝ નામે પેઢી ખોલનાર, એસએનકે સ્કૂલ પાછળ પહેલા માળે દર્શિત કૉમ્પલેક્ષમાં યશ ડેવલોપર ધરાવનાર, કોટડા સાંગાણીના ગોકુલ ચોક મફતિયાપરાના ઇકરા એન્ટરપ્રાઇઝ, જૂનાગઢ ઝાંઝરડા રોડ કાકા કોમ્પલેક્ષ પાછળ રઘુવીર એપાર્ટમેનટના સિવિલપ્લસ એન્જિનિયર, પડવલા આરએસ પ્લોટ નં. ૧ ધનશ્રી મેટલ, નંદ વિહાર રેસીડેન્સી, અમદાવાદની ડી. એ. એન્ટરપ્રાઇઝ, વેરાવળમાં આર્યન ઍસોસિયેટ પેઢીના સંચાલક, જ્યોતિ ઇન્ફાસ્ટ્રકચર, વિદ્યાનગર પરિમલ રોડ ભાવનગરના અર્હમ સ્ટીલ, ગાંધીનગર જીઆઇડીસી સેક્ટર-૨૫માં આવેલી રિદ્ધિ ઇન્ફાસ્ટ્રકચર, કોઠારિયા રોડ રાજકોટ બાલાજી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં આવેલી આશાપુરા ટ્રેડિંગ નામની પેઢી, સ્વાતિ પાર્ક સીએનજી પંપ પાસે મોરબી રોડ રતનપરમાં આવેલી શિવ મિલન પ્લાસ્ટિક તથા ગ્લોબટ્રા ઇમ્પેક્સ, મહેસાણાના કડીની મા દુર્ગા સ્ટીલ શુભ લાભ એસ્ટેટ, જૂનાગઢ શ્રીજીનગર જોષીપુરાની મારુતિનંદન કન્સ્ટ્રકશન તથા જામનગર મોટી ખાવડી હાઇસ્કૂલ વિસ્તારમાં લખુભા નાનભા જાડેજા તમામ પેઢીઓના સંચાલક અને તપાસમાં પકડાયેલાઓ સામે સરકારને ૬૧.૩૮ લાખનું આર્થિક નુકસાન પહોંચાડી ખોટા ડોક્યુમેન્ટ ઊભા કરી છેતરપિંડી કર્યાનો ગુનો નોંધ્યો છે. ■

# કચ્છમાં ઠંડીમાં ઉતાર-ચઢાવ યથાવત્‌ઃ નલિયામાં હાડ થિજાવતી ઠંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ચોમાસાની સત્તાવાર વિદાય બાદ લાંબી પ્રતીક્ષા કરાવ્યા પછી જમ્મુ-કાશ્મીરમાં થઈ રહેલી બરફવર્ષાને પગલે સમગ્ર ગુજરાતની સાથે સરહદી જિલ્લા કચ્છમાં પણ ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે. કચ્છના કાશ્મીર મનાતા નલિયાએ ૧૪ ડિગ્રી સે.સાથે રાજ્યનાં સૌથી ઠંડાં મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અબડાસા તાલુકાનું આ મુખ્ય મથક દર વર્ષે શિયાળા દરમ્યાન જાણે કચ્છનું શિમલા બની જાય છે અને આ શહેરમાં રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશ જેવી ઠંડી પડે છે. ભુજમાં લઘુતમ તાપમાનનો પારો ૧૯ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો છે અને મહત્તમ તાપમાનનો આંક ૩૪ ડિગ્રી પર રહેતાં લોકોને ટાઢકમાંથી રાહત થઈ છે. જમ્મુ-કાશ્મીર, લેહ-લદાખ, ઉત્તરાખંડમાં થઈ રહેલી હિમવર્ષા, અને મોસમી ગરબડીના કારણે વાતાવરણમાં આવેલા ફેરફારના કારણે ધીમે-ધીમે વધી રહેલી ઠંડીની અસર હેઠળ વહેલી સવારે અને સૂર્યાસ્ત બાદ ઠંડક અનુભવાઈ રહી છે અને લોકોને ગરમ વસ્ત્રોમાં સજ્જ થઈને રહેવું પડી રહ્યું છે. સિનિયર સિટિઝન્સ વાંદરા ટોપી અને શાલ ઓઢીને તડકો ખાતા નજરે પડી રહ્યા છે. ભુજ,નલિયા સહિતનાં મોટા ભાગનાં સ્થળોએ સમી સાંજથી શેરી-રસ્તાઓ પર લોકોની પાંખી હાજરી જોવા મળી રહી છે. સમગ્ર ઉત્તર ભારતમાં ચાલુ શિયાળામાં જાણે હિમયુગ બેઠો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેવા સંકેતો વચ્ચે રાજ્યભરમાં આગામી દિવસોમાં ઠંડી વધવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ■

# ભાવનગરમાં ૪ વર્ષની માસૂમ બાળા સાથે નરાધમે દુષ્કર્મ આચર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર પાસેના વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નરાધમ શખસે ચાર વર્ષની બાળાને ચોકલેટ આપવાની લાલચ આપી ઘરે રમવા બોલાવી દુષ્કર્મ આચરતાં ભોગ બનેલી બાળાને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ ઘટનાના પગલે એસપી સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો અને આરોપીને ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવ અંગે પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશન તાબેના વિસ્તારમાં રહેતા પરિવારની ચાર વર્ષની માસૂમ બાળાને તે જ વિસ્તારમાં રહેતા ૨૧ વર્ષના શ્રમજીવી યુવાને ચોકલેટ અપાવવાની લાલચ આપીને તેના ઘરે રમવા મટે બોલાવી હતી અને બાળા ઉપર દુષ્કર્મ કર્યું હતું. બપોરના સમયે બનેલી આ ઘટનામાં ભોગ બનનાર બાળા રડતી રડતી ઘરે આવતાં તેની માતાએ બાળાને પૂછતાં આ સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં વરતેજ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ભોગ બનનાર બાળાને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવના પગલે એસ.પી. હર્ષદ પટેલ સહિતના પોલીસ અધિકારીઓ બનાવ સ્થળે દોડી ગયા હતા અને ભોગ બનનાર બાળાનાં વાલીનાં નિવેદન નોંધ્યાં હતાં. આ ઘટના અંગે બાળાની માતાએ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી બાળાને હવસનો શિકાર બનાવનાર શખસને ઝડપી લઈ તેને કોર્ટમાં રજૂ કરવા તજવીજ હાથ ધરી હતી. આ સમગ્ર બનાવ અંગે ડીવાયએસપી આર.આર. સિંઘલ વધુ તપાસ ચલાવી રહ્યા છે. ■

# સુરતમાં કિન્નરની તેના જ પ્રેમીએ છરીના ઘા મારી હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં સતત ગુનાખોરી વધી રહી છે, જેના કારણે પોલીસની કામગીરી પર સવાલો ઊઠ્યા છે. સુરતના સલાબતપુરા વિસ્તારમાં અજબ પ્રેમની ગજબ કહાનીનો અંજામ આવ્યો હતો. એક કિન્નરના પ્રેમમાં પડેલા યુવકે કિન્નરની ચપ્પુના ઘા મારીને હત્યા કરી નાખતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ થતાં સલાબતપુરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સુરતમાં પ્રેમ પ્રકરણમાં એક કિન્નરની હત્યા થઈ હોવાની વિગતો મળતાં સલાબતપુરા પોલીસ ઉમરવાડા ટેનામેન્ટ ખાતે દોડી ગઈ હતી. જ્યાં સંજના નામના એક કિન્નરની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. તપાસ શરૂ કરતાં પોલીસને વિગત મળી હતી કે મરનાર સંજના કિશન નામના એક યુવકના ઘરે આવી હતી અને આ ૫૦ વર્ષીય સંજના નામની કિન્નર અને કિશનને લાંબા સમયથી પ્રેમ પ્રકરણ ચાલી રહ્યું હતું.

છેલ્લા કેટલાક સમયથી બંનેના પ્રેમ પ્રકરણમાં નાની-મોટી બાબતે ઝઘડા થતા હતા. જેને પગલે કિશન તેના ઘરે રહેવા આવી ગયો હતો અને ત્યાર બાદ આ કિન્નર કિશનને મળવા આવી હતી. તે સમયે આવેશમાં આવેલા પ્રેમી કિશને ચપ્પુના ઘા ઝીંકી સંજનાની હત્યા કરી નાખી હતી. ઘટનાની જાણ થતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચા મચી જવા પામી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી કિશનને ઝડપી પાડ્યો હતો. આરોપીની પોલીસ દ્વારા પૂછપરછ શરૂ કરવામાં આવી હતી કે તેને આ પ્રેમ પ્રકરણમાં એવું તો શું બન્યું કે તેણે આ રીતે હત્યાને અંજામ આપ્યો. ■

# અંજારના વિડી ગામમાં દેશી દારૂની ભઠ્ઠી પર એસએમસી ત્રાટકીઃ ૧૧ બેરલમાં રાખેલા ₹ ૫૬ હજારના દેશી દારૂ સાથે ત્રણ ઝડપાયા, બે ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અંજાર તાલુકાના દેશી દારૂના વેચાણ માટે જાણીતા વિડી ગામમાં ગત રાત્રે સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને ત્રાટકેલી ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીએ દેશી દારૂની ભઠ્ઠી ઉપર દરોડો પાડ્યો હતો. આ દરોડામાં રૂા. ૫૬ હજારના દેશી દારૂના જથ્થા સાથે તેને બનાવવા માટે વપરાતો આથો અને અખાદ્ય ગોળના જથ્થા સહિત કુલ રૂા.૧,૮૯૨૦૬ની કિંમતનો મુદ્દામાલ અંકે કરી અંજાર પોલીસને સુપ્રત કર્યો હતો.

આ દરોડામાં દારૂ બનાવતા બે મજૂર અને દારૂના કાચા માલની હેરફેર માટે રાખવામાં આવેલી રિક્ષાના ચાલક સહિત ત્રણ આરોપીની અટક કરી હતી. બે શખસ અંધારાંનો લાભ લઈને ફરાર થઈ ગયા હતા.

દારૂ બનાવનાર મજૂર શેખ સલીમ જુમ્મા, અમરસી ઉર્ફે અપલો નારાયણ પારધી અને રિક્ષાચાલક ઇકબાલ જાણમાંમદ શેખને અટકમાં લેવાયા હતા, જ્યારે કાસમ અડ્રેમાન અને સુરેશ સોરઠિયા નામના આરોપીઓ ફરાર થઈ ગયા હતા. ■

# ઈન્ડોનેશિયા ખાતે યોજાનાર મહિલા ફુટસલ એશિયન કપમાં ગુજરાતની ૯ મહિલા ખેલાડીઓને સ્થાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેલ મહાકુંભ ૨.૦ અને સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ગત તા. ૧૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ ભાવનગર એસએજીના સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્ષ ખાતે તાજેતરમાં ફુટસલ પસંદગી અને તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશના ઉત્સાહી ખેલાડીઓએ ભાગ લીધો હતો. તા. ૦૬થી ૧૦ નવેમ્બર, ૨૦૨૪ સુધી યોજાયેલી ચાર દિવસીય પસંદગી ટ્રાયલ્સમાં ૬૨ પ્રતિભાશાળી ખેલાડીઓએ પ્રાથમિક કેમ્પમાં સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરી હતી. જેમાં ગુજરાતની ૦૯ સહિત અન્ય રાજ્યોમાંથી આવેલી કુલ ૨૫ મહિલા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત, ગાંધીનગરની યાદીમાં જણાવ્યા પ્રમાણે પસંદગી પામેલા આ મહિલા ખેલાડીઓમાં દૃષ્ટિ પંત, ખુશ્બૂ સરોજ, રાધિકા પટેલ, મધુબાલા અલાવે, શ્રેયા ઓઝા, રીયા મોદી, ખુશી શેઠ, માયા રબારી અને તન્વી મવાણી, મહારાષ્ટ્રની રીતિકા સિંહ, પૂજા ગુપ્તા, આર્ય મોર્ય, વૈષ્ણવી બારાતે, કેરળની અલ્ફોન્સિયા એમ, સંથારા કે, અન્જીથા એમ, અશ્વિની એમ. આર., દિલ્લીની દેબીકા તાંતી, અક્ષિતા સ્વામી, સંધ્યા કુમારી, રેબેકા ઝાર્મ્થીમાંવી, અરુણાચલ પ્રદેશની અચોમ દેગીઓ, મીતીનામ પેર્મે, અસમની પુષ્પા સાહુ તેમ જ તેલંગાણાની અલાખ્યા કોડીની મહિલા ફૂટસલ રમતમાં પસંદગી થઈ છે. જે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે અગામી તા. ૦૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ઈન્ડોનેશિયામાં યોજાનારા એશિયા કપમાં ભાગ લેવા માટે રવાના થશે. યુવાનોમાં રમતગમત પ્રત્યે વધુ જાગૃતિ આવે, શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે અને ગુજરાતમાં રમતગમતની સંસ્કૃતિનો વિકાસ થાય તે હેતુથી ખેલ મહાકુંભમાં ગ્રામીણ કક્ષાથી રાજ્યકક્ષા સુધીની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેના પરિણામે ઈન્ડોનેશિયા ખાતે યોજાનાર ફૂટસલ રમતમાં ગુજરાતની ૯ દીકરીઓએ સ્થાન મેળવ્યું છે. ■

# ગુજરાતના પેન્શનધારકો પોસ્ટ-ઑફિસના પોસ્ટમેનની મદદથી ઘરે બેઠા જીવન પ્રમાણપત્ર મેળવી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં જીવન પ્રમાણપત્ર મેળવવા માટે પેન્શનધારકોએ હવે કોઈ ટ્રેઝરી, બૅન્ક કે અન્ય કોઈ વિભાગમાં જવાની જરૂર નથી, પરંતુ પેન્શનધારકો તેમની નજીકની પોસ્ટ-ઑફિસના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકની મદદથી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ મેળવી શકશે. પેન્શનધારકો પોસ્ટમેન અથવા પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ દ્વારા આ સુવિધા માટે અનુરોધ કરી શકે છે

પેન્શનધારકોએ દર વર્ષે સામાન્ય રીતે નવેમ્બર-ડિસેમ્બરમાં ટ્રેઝરી, બૅન્ક અથવા સંબંધિત વિભાગમાં જીવન પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. જેના માટે દૂર-દૂરના વિસ્તારમાં રહેતા પેન્શનરોને ટ્રેઝરીમાં જવા ઘણી વખત મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને મુસાફરીમાં પણ ખર્ચ થતો હોય છે, પરંતુ હવે ભારતીય ડાક વિભાગ દ્વારા તમામ વિભાગના પેન્શનધારકોને ઘરે બેઠા ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ પ્રદાન કરવાની સુવિધા અપાઈ રહી છે. આ માટે રૂપિયા ૭૦ની ફી નિર્ધારિત કરાઈ છે. આ પ્રમાણપત્ર આપમેળે સંબંધિત વિભાગને ઑનલાઈન પહોંચી જશે અને પેન્શન મળવામાં કોઈ અડચણ નહીં થાય.

પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે, ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બૅન્કે ૨૦૨૦માં કેન્દ્રીય, રાજ્ય અને કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થાના પેન્શનધારકો માટે જીવન પ્રમાણપત્ર શરૂ કરવા ડિજિટલ લાઇફ સર્ટિફિકેટની ડોર સ્ટેપ સેવા શરૂ કરી હતી. જે પેન્શન અને પેન્શનરોના કલ્યાણ વિભાગ અને નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરના સમન્વયમાં છે. આ સુવિધાનો લાભ મેળવવા પેન્શનધારકો પોતાના વિસ્તારના પોસ્ટમેન સાથે તેમ જ પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ દ્વારા ઑનલાઇન અનુરોધ કરી શકે છે. પોસ્ટ વિભાગની પહેલ પેન્શનધારકોને ઘણી સુવિધા આપશે તેમ જ તેની સાથે પેન્શનધારક પોસ્ટમેનના માધ્યમથી ઘરે બેઠા પેન્શનની રકમ આધાર ઈનેબલ્ડ પેમેન્ટ સીસ્ટમ દ્વારા પોતાના બૅન્ક ખાતામાં મેળવી શકશે. ■

# રાજકોટમાં સર્વર બંધ હોવાથી જન્મ-મરણના દાખલા અને આધાર કાર્ડનું કામ ઠપ્પ થઈ જતાં પ્રજા ત્રાહિમામ્‌

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સહિત રાજ્યમાં આધાર કેન્દ્રો પર લોગીન બાદ ઓપરેટરોને ઓટીપી મળવાનું બંધ થઈ જતાં આધાર કાર્ડને લગતી તમામ કામગીરી ફરી ઠપ્પ થઈ જવાથી લાઈનમાં ઊભેલા અરજદારોને મોટી મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. ત્યારે રાજકોટ પાલિકામાં જન્મ મરણના દાખલા અને આધાર કાર્ડ માટે આવેલા અરજદારોની લાંબી કતારો જોવા મળી હતી. જન્મ-મરણ માટેના દાખલામાં સુધારા-વધારા માટે આવેલા લોકોને સર્વર બંધ થઈ જવાનાં ધાંધિયાંથી લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. કેટલાક લોકોએ રોજના ૪૦૦ રૂપિયાની મજૂરી રળીને ખાતા હોવાથી તેમને ધક્કો પડતાં આક્રોશ ઠાલવ્યો હતો. રાજકોટ મહાનગર પાલિકાની કચેરીએ દાખલા મેળવવા માટે આવેલા લોકોએ કહ્યું હતું કે, બાળકના જન્મ તારીખના દાખલામાં સુધારો કરવા માટે સવારના ૯ વાગ્યાથી લાઇનમાં ઊભા હતા. સાડા અગિયાર વાગ્યે સર્વર બંધ થઈ ગયું હોવાથી કામ નહીં થઈ શકે તેમ કહેવામાં આવ્યું હતું હવે અમારે ફરીવાર આવતા બુધવારે આવવાની ફરજ પડશે. ૪૦૦ રૂપિયા રોજમાં મજૂરી કામ કરીને પેટ ભરીએ છીએ. રોજના ધક્કા ખાઈને મુશ્કેલીઓ વેઠવી પડે છે. ત્યારે તંત્ર દ્વારા કામગીરી ઝડપી કરવામાં આવે તેવી અમારી માંગ છે. આ મામલે આધારકાર્ડ વિભાગના વડા નરેન્દ્ર આરદેશણાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં અમારા ૧૮ ઓપરેટરોને એકસાથે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ પૈકી અમારી રજૂઆતને ધ્યાનમાં રાખીને ૧૨ ઓપરેટરને પરત લેવામાં આવ્યા છે. જેના કારણે હવે ફરીથી ત્રણેય ઝોનમાં કામગીરી શરૂ કરવામાં આવી છે. સર્વરમાં પ્રોબ્લેમ હોવાથી ઓટીપી આવવામાં વાર લાગતી હોવાથી હાલ લોકોની લાઈનો વધારે છે. આ પ્રોબ્લેમ સોલ્વ થતા કામગીરી ઝડપી થશે. ■